કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૮ મે, ૨૦૨૬ ગુરૂવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૦૮◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ સુદ - ૧૨ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### હોર્મુઝ સ્ટ્રેટમાં ભારે તોફાન

# અમેરિકા-ઈરાન યુદ્ધ વધુ વકર્યું

**અમેરીકાએ ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર કર્યા શ્રેણીબદ્ધ હુમલા**

નવી દીલ્હી :પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલી ભૌગોલિક-રાજકીય તંગદિલી હવે અત્યંત ખતરનાક વળાંક પર પહોંચી ગઈ છે. પવિત્ર તહેવાર ઈદ અલ-અધાના અવસરે, હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના વિસ્તારોમાં રાતોરાત ભારે લશ્કરી તોફાન મચી ગયું હતું. યુએસ સેન્ટ્રલ કમાન્ડના

અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
જેઠ સુદ - ૧૨, તા.૨૮ મે, ગુરૂવાર

## કચ્છની કાંઠે કેન્દ્રીય ગૃહમંત્રીની સતર્ક હાજરી સુરક્ષા સાથે રાજકીય સંદેશ પણ સ્પષ્ટ





**દેશના ગૃહમંત્રી સ્વયં સરહદી વિસ્તારોની મુલાકાત લઈ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરે તે સ્થાનિક નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત બનાવે છે**

દેશની પશ્ચિમ સરહદ પર સ્થિત કચ્છ માત્ર ભૌગોલિક રીતે જ મહત્વપૂર્ણ નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાના દ્રષ્ટિકોણે પણ અત્યંત સંવેદનશીલ વિસ્તાર છે. પાકિસ્તાનની સરહદને અડીને આવેલા આ વિશાળ રણપ્રદેશમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વારંવાર થતી મુલાકાતો અનેક સંકેતો આપી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ કચ્છના પ્રવાસે પધારી રહ્યા છે. કચ્છની મુલાકાત દરમિયાન બીએસએફ તથા વિવિધ સુરક્ષા એજન્સીઓ સાથે હાઈ લેવલ બેઠક તેઓ યોજશે જે માત્ર ઔપચારિકતા નહી બની રહે પરંતુ દેશની સરહદી સુરક્ષાને વધુ કિલેબંધી તરફ લઈ જવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ગણાય છે. કચ્છ જેવી લાંબી અને પડકારજનક સરહદ પર આધુનિક ટેકનોલોજી, વધારાની ચુસ્ત પેટ્રોલિંગ અને સંકલિત સુરક્ષા માળખું ઉભું કરવાની દિશામાં કેન્દ્ર સરકાર ગંભીરતાથી આગળ વધી રહી હોવાનું આ મુલાકાતથી સ્પષ્ટ થાય છે.છેવાડાના વિસ્તારમાં રહેતા લોકો માટે પણ આ મુલાકાત વિશ્વાસનો સંદેશ છે. દેશના ગૃહમંત્રી સ્વયં સરહદી વિસ્તારોની મુલાકાત લઈ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરે તે સ્થાનિક નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત બનાવે છે. વર્ષો સુધી વિકાસ અને સુરક્ષા વચ્ચે સંતુલન સાધવા માટે ઝઝૂમતા કચ્છ માટે આવી હાજરી રાજકીય અને વહીવટી બંને રીતે મહત્વ ધરાવે છે.રાજકીય રીતે જોવામાં આવે તો ગૃહમંત્રીની હાજરીએ કચ્છના રાજકીય માહોલમાં પણ નવી ગરમાવો લાવ્યો છે. ભાજપ સંગઠનમાં નવેસરથી ઉર્જા અને એકતા જોવા મળી રહી છે. કેસરિયા બ્રિગેડ માટે આ મુલાકાત માત્ર સુરક્ષા બેઠક નહીં પરંતુ કાર્યકર્તાઓમાં આત્મવિશ્વાસ વધારતો પ્રસંગ બની છે. આવનારા સમયમાં સ્થાનિક રાજકારણમાં તેની અસર વધુ સ્પષ્ટ રીતે જોવા મળી શકે છે.કચ્છ હંમેશાં દેશની પ્રથમ સુરક્ષા રેખા તરીકે ઉભું રહ્યું છે. તેથી કેન્દ્ર સરકારનું વધતું ધ્યાન આ વિસ્તાર માટે સકારાત્મક સંકેત માનવો જોઈએ. સુરક્ષા, વિકાસ અને રાજકીય સક્રિયતા.ત્રણેય મુદ્દાઓ પર કચ્છ હવે વધુ કેન્દ્રસ્થાને આવી રહ્યું છે તેમ ટુંકાગાળામાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહની કચ્છ મુલાકાતથી કહેવુ વધારે પડતું નહી કહેવાય.

## બકરી ઈદનો અવસર દેશમાં ભાઈચારાની ભાવના મજબૂત કરે : pm



નવી દીલ્હી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈદ-ઉલ-અઝહા (બકરીઈદ) ના પવિત્ર અવસર પર દેશવાસીઓને હાર્દિક અપીલ સાથે શુભેચ્છાઓ પાઠવી છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, 'ઈદ-ઉલ-અઝહાની હાર્દિક શુભેચ્છાઓ! ઈશ્વર કરે કે આ અવસર આપણા સમાજમાં ભાઈચારે અને ખુશીઓની ભાવનાને વધુ ઊંડી કરે. તમામની સફળતા અને સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના.' આજે દેશભરમાં મુસ્લિમ સમુદાય દ્વારા ભારે હર્ષોલ્લાસ સાથે બકરીઈદની ઉજવણી કરવામાં આવી રહી છે અને વિવિધ શહેરોની મસ્જિદોમાં નમાઝ અદા કરાઈ છે.તહેવારને ધ્યાનમાં રાખીને દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ગુજરાત સહિતના રાજ્યોમાં સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરવામાં આવી છે.બકરીઈદની શુભેચ્છા પાઠવવાની સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાન નેતા એન. ટી. રામા રાવ ને તેમની જયંતિ પર ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું કે, જનકલ્યાણ અને શાસન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા તેમજ સિનેમા જગતમાં તેમનું યોગદાન પેઢીઓને પ્રેરણા આપતું રહેશે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
**કચ્છના શાંતિ-અમન કાયમ રહે**
સર્વે મુસ્લીમ બિરાદરોને કચ્છ ઉદય પરીવાર તરફથી પવિત્ર ઈદ ઉલ અઝહાની મુબારકબાદી.
-વ્યવસ્થાપક

## દેશમાં શાંતિ - એકતા માટે નુરી મસ્જિદમાં દુઆ..



**આજે ઈદ ઉલ અઝહાની દેશભરમાં ઉજવણી કરવામા આવી છે. ત્યારે કચ્છના ગાંધીધામ શહેરની પણ સુપ્રસિદ્ધ નુરી મસ્જિદ મધ્યે વહેલી સવારે નમાઝ અદા કરવામા આવી હતી તે વેળાની તસવીરમાં સર્વે મુસ્લીમ બિરદરો મોટી સંખ્યામાં ઉપરોકત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.**

## ગુજરાત સચિવાલયમાં મોટો વહીવટી ફેરબદલ

(એજન્સી દ્વારા)

ગાંધીનગર: ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સચિવાલયના વહીવટી તંત્રને વધુ ગતિશીલ અને કાર્યક્ષમ બનાવવા માટે મોટા પાયે ફેરબદલ કરવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આદેશ અનુસાર, વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કુલ ૩૬ સેક્શન અધિકારીઓ ની બદલી કરવામાં આવી છે. આ સાથે જ, સચિવાલય કેડરના ૮૧ નાયબ સેક્શન અધિકારીઓ ને સેક્શન અધિકારી તરીકે બઢતી આપીને અલગ-અલગ વિભાગોમાં નવી નિમણૂકો આપવામાં આવી છે.

વિકાસકાર્યોમાં ગતિ લાવવા લેવાયો મહત્વનો નિર્ણય ૨૭ મે, ૨૦૨૬ના રોજ મોડીસાંજે જાહેર કરાયેલા આ સામૂહિક બદલી અને બઢતીના આદેશ હેઠળ સચિવાલયના અનેક મહત્વપૂર્ણ અને સંવેદનશીલ વિભાગોના અધિકારીઓની જવાબદારીઓ બદલવામાં આવી છે. ઉચ્ચ સ્તરેથી લેવાયેલા આ નિર્ણય પાછળ સરકારના સરકારી વહીવટ અને વિકાસકાર્યોમાં વધુ ગતિ લાવવા તેમજ વિભાગીય કાર્યક્ષમતામાં વધારો કરવાનો મુખ્ય હેતુ હોવાનું માનવામાં આવી રહ્યું છે. બઢતી મેળવનારા તમામ અધિકારીઓને તાત્કાલિક અસરથી પોતાના નવા વિભાગોમાં ચાર્જ સંભાળી લેવા સૂચના આપવામાં આવી છે.

## ભાજપે દિલ્હી સહિત ૪ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષોની નિમણૂક કરી









### દિલ્હીના ભાજપ પ્રદેશ અધ્યક્ષ તરીકે હર્ષ મલ્હોત્રાની નિમણૂંક

દિલ્હી: ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને આજે હરિયાણા સહિત ચાર રાજ્યોના પ્રદેશ અધ્યક્ષો ની નિમણૂંકની જાહેરાત કરી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને દિલ્હીના પ્રદેશ અધ્યક્ષ તરીકે હર્ષ મલ્હોત્રાની નિમણૂક કરી છે. જ્યારે હરિયાણાના પ્રદેશ અધ્યક્ષ તરીકે ડો. અર્ચના ગુપ્તાની પંજાબના પ્રદેશ અધ્યક્ષ તરીકે સરદાર કેવલસિંહ ઢીલ્લો અને ત્રિપુરાના પ્રદેશ અધ્યક્ષ તરીકે અભિષેક દેબરોય ની નિમણૂંક કરી છે.

## રાજકોટ સહિત ૬ મહાનગરપાલિકાઓમાં પદાઅધિકારીઓની વરણી

**રાજકોટ મનપાના મેયર તરીકે નેહલ શુક્લાની વરણી : રાજકોટ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પરેશ પીપળીયા**

ગાંધીનગર : ભાજપ દ્વારા આજે રાજકોટ વડોદરા, સુરેન્દ્રનગર, ભાવનગર, આણંદ-કરમસદ મહાનગર પાલિકાઓમાં મેયર ડેપ્યુટી મેયર સહિતના પદાધિકારીઓના નામોની જાહેરાત કરવામાં આવી છે. રાજકોટ સહિત ૭ મહા નગરપાલિકાઓમાં આજે મેયર ડેપ્યુટી મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂંક માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. રાજકોટના મહાનગરપાલિકાના મેયર તરીકે ડો. નેહલ શુક્લની વરણી કરવામાં આવી છે જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પરેશ પીપળીયા અને ડેપ્યુટી મેયર તરીકે દક્ષાબેન વસાણી ની વરણી કરવામાં આવી છે. વડોદરા મહા નગરપાલિકાના મેયર તરીકે ગીતાબેન મકવાણાની વરણી કરવામાં આવી છે જ્યારે ડેપ્યુટી મેયર તરીકે આદિત્ય પટેલની અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે વર્ષાબેન વ્યાસની વરણી કરવામાં આવી છે. દંડક તરીકે વિજય ચૌહાણની અને શાસક પક્ષના નેતા તરીકે શ્વેતા માછી ની વરણી કરવામાં આવી છે.આણંદ-કરમસદ મહાનગરપાલિકામાં પદાધિકારીઓની નિમણૂક માટે બેઠક મળી હતી જેમાં આણંદ-કરમસદ મહાનગરપાલિકાના પ્રથમ મેયર પદે દીપિકાબેન પટેલની સર્વ સંમતિથી નિમણૂંક કરવામાં આવી છે જ્યારે ડેપ્યુટી મેયરના પદે કમલેશ ડાભીની સેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે મયુર

અનુસંધાન પાના નં.૪ પર

## બિહારમાં બોટ દુર્ઘટના :૧૪ ડુબ્યા

પટણા: બિહારના બાઢ જિલ્લામાં બુધવારે વહેલી સવારે એક મોટો નાવ અકસ્માત સર્જાયો છે. ઉમાનાથ ગંગા ઘાટ પાસે ૧૪ મુસાફરોને લઈ જઈ રહેલી નાવ અચાનક ગંગા નદીમાં ડૂબી ગઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૨ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે ૭ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. હજુ પણ ૫ લોકો લાપતા હોવાનું સામે આવ્યું છે.

## કર્ણાટકના CM સિદ્ધારમૈયાએ ડીકે શિવકુમારને ગળે લગાવી રાજીનામાની કરી જાહેરાત

નવી દીલ્હી : કર્ણાટકના વર્તમાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી છે. બેંગલુરુમાં સીએમ આવાસ પર આયોજિત બ્રેકફાસ્ટ મીટિંગમાં કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે એકબીજાને ગળે લગાવ્યા હતા. આ સાથે જ ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે સીએમ સિદ્ધારમૈયાના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ પણ લીધા હતા. બ્રેકફાસ્ટ દરમિયાન કાર્યકરોને સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, પાર્ટી હાઈકમાન્ડે તેમને રાષ્ટ્રીય રાજનીતિમાં આવવા માટે કહ્યું છે.આ જાહેરાત બાદ ડીકે શિવકુમારના સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હાલમાં બેઠક પૂરી થયા બાદ સિદ્ધારમૈયા સીધા રાજભવન જઈને રાજ્યપાલને પોતાનું રાજીનામું સોંપવાના હતા. પરંતુ હવે આ મામલામાં એક નવો વળાંક આવ્યો છે કે, કર્ણાટકના રાજ્યપાલ અંગત કારણોસર બેંગલુરુની બહાર ગયા છે. આવી સ્થિતિમાં સિદ્ધારમૈયા રાજીનામું આપવા રાજભવન જશે કે પછી તેમને ફેક્સ દ્વારા મોકલવામાં આવશે.

## સિંધુ જળકરાર પર પાકિસ્તાનના દુષ્પ્રચાર છતાં ભારતે દાખવી દરિયાદિલી



નવી દીલ્હી :પાકિસ્તાને ઈન્ડસ વૉટર ટ્રીટીને સસ્પેન્ડ કરવા બદલ વિશ્વભરમાં ભારત વિરુદ્ધ ખોટી માહિતી ફેલાવવામાં કોઈ કસર છોડી નથી. એમ છતાં ભારતે દુશ્મન રાષ્ટ્રને સમયસર મોટા પૂરના ભય વિશે ચેતવણી આપીને એના નાગરિકોના જીવ બચાવ્યા છે. આ અઠવાડિયે ભારતે જમ્મુ અને કાશ્મીરમાં ચિનાબ નદી પરના સલાલ ડૅમના દરવાજા ખોલવા અંગે પાકિસ્તાનને સમયસર ચેતવણી આપી હતી જેનાથી પાકિસ્તાનને સમયસર રાહત મળી હતી. પાકિસ્તાનના સિયાલકોટના ડેપ્યુટી કમિશનરે એમની ડિઝૅસ્ટર મૅનેજમેન્ટ ઑથોરિટીને ચેતવણી જાહેર કરીને જણાવ્યું હતું કે ભારત દ્વારા ડૅમના સ્પિલવે દરવાજા ખોલવાને કારણે ચિનાબ નદીનું પાણીનું સ્તર બેથી ૩ મીટર વધી શકે છે. આ પછી પાકિસ્તાને અધિકારીઓને નદીના પાણીના સ્તર પર ૨૪ કલાક દેખરેખ રાખવાની સૂચના આપી હતી અને લોકોને ચિનાબ નદી કિનારે ફરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.ગયા વર્ષે એપ્રિલમાં પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે IWT સ્થગિત કરી દીધી હતી.

## કોંગો-યુગાંડામાં ઈબોલાનો આતંક : ૨૦૦ના મોત : ભારત સહિત ૧૩ દેશો એલર્ટ મોડમાં

નવી દીલ્હી : આફ્રિકામાં ઈબોલા વાયરસનો પ્રકોપ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૯૦૦થી વધુ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે, જ્યારે ૨૨૩ લોકોના મોતના અહેવાલ છે. સૌથી ગંભીર સ્થિતિ કોંગોમાં છે, જ્યાં ૧૧૨ સંક્રમિતો અને ૧૧ દર્દીઓના મોતની પુષ્ટિ થઈ ચૂકી છે. આ ઉપરાંત પાડોશી દેશ યુગાન્ડામાં પણ ચેપ ફેલાઈ રહ્યો છે, જ્યાં અત્યાર સુધીમાં ૮ દર્દીઓ અને ૧ વ્યક્તિના મોતની પુષ્ટિ થઈ છે.WHOના વડા ટેડ રોસે જણાવ્યું છે કે, હેલ્થ એજન્સીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે, પરંતુ વાયરસના ઝડપી ફેલાવાને કારણે પરિસ્થિતિ પડકારજનક બની છે.આ વખતે ઈબોલાનો 'બુંડીબુગ્યો સ્ટ્રેન' ફેલાઈ રહ્યો છે, જે આ વાયરસનો એક અત્યંત દુર્લભ પ્રકાર છે. આ સ્ટ્રેન માટે હાલમાં કોઈ ખાસ વેક્સિન કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી, જેના કારણે રોગને કાબૂમાં લેવો મુશ્કેલ બની રહ્યો છે. WHOના મતે, આ સ્ટ્રેનમાં મૃત્યુદર 30% થી 50% સુધી હોઈ શકે છે. આ વાયરસ સૌપ્રથમ ૨૦૦૭માં યુગાન્ડાના બુંડીબુગ્યો વિસ્તારમાં જોવા મળ્યો હતો. આ ચેપ મે ૨૦૨૬માં કોંગોના ઈતુરી પ્રાંતમાંથી શરૂ થયો હતો. આ વિસ્તાર લાંબા સમયથી હિંસા અને સંઘર્ષથી પ્રભાવિત છે. અહીં મોટી સંખ્યામાં વિસ્થાપિત લોકો અને સોનાની ખાણોમાં કામ કરતા મજૂરો રહે છે. લોકોની સતત અવરજવરને કારણે વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે, અને હવે તે નોર્થ કિવુ અને સાઉથ કિવુ પ્રાંત સુધી પહોંચી ગયો છે. સાઉથ કિવુના કેટલાક ભાગો પર બળવાખોર સંગઠનનો કબજો છે.કોંગોમાં ઈબોલા સામેની લડાઈ વચ્ચે હોસ્પિટલો પર સશસ્ત્ર હુમલા થઈ રહ્યા છે. ઈતુરી પ્રાંતની મોંગબ્વાલુ જનરલ રેફરલ હોસ્પિટલ પર સતત બે દિવસ હુમલો કરવામાં આવ્યો હતો.

**૧૧મી પુણ્યતિથીએ વાર્ષિક શ્રદ્ધાંજલિ**



યાદ રહેશે અમોને સદા સસંસ્કાર તમારા,
અમો સદા અગ્રેસર રહેશું પથ પર તમારા,
તમો સદા જીવંત છો વિચારોમાં અમારા,
શ્રદ્ધાસુમન અર્પિત છે ચરણોમાં તમારાં...
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના....

**સ્વ. વકતુબા ગગુજી મોખા**
સ્વ. તા. ૨૮/૫/૨૦૧૫, ગામ : લઠેડી, તા. અબડાસા

:: શોકાતુર પરિવારજનો ::

- સ્વ. વિજયસિંહ ગગુજી મોખા - (મુળ લઠેડી, હાલે ગળપાદર) — પુત્ર
- રણમલજી ગગુજી મોખા (લઠેડી) — પુત્ર
- સ્વ. હઠીસંગજી ગગુજી મોખા — પુત્ર
- ચાંદુભા ગગુજી મોખા (મુળ લઠેડી, હાલે અંજાર) — પુત્ર
- દાનભા ગગુજી મોખા (મુળ લઠેડી, હાલે નખત્રાણા) — પુત્ર
- સવુભા ગગુજી મોખા (લઠેડી) — પુત્ર
- જાલુભા ગગુજી મોખા (મુળ લઠેડી, હાલ આદીપુર) — પુત્ર
- જનકબા બનુભા ખેંગારજી જાડેજા (મુ. હાલપર હાલ ગળપાદર) — પુત્રી
- ધીરેન્દ્રસિંહજી જાલુભા મોખા (પ્રમુખશ્રી, કચ્છ જીલ્લા ટેક્સી એસોસીએશન) — પૌત્ર
- સિદ્ધરાજસિંહ જાલુભા મોખા • દિપરાજસિંહ જાલુભા મોખા — પૌત્રા

# ભુજમાં અદબ અને એહતેરામ સાથે ઈદ-ઉલ-અઝહાની ઉજવણી




## કોમી એકલાસની ભાવના સાથે મુસ્લિમ બિરાદરોએ અદા કરી ઈદની નમાજ




ભુજ - કચ્છઉદય : કચ્છના જિલ્લા મથક ભુજમાં આજે ઈદ-ઉલ-અઝહાનો તહેવાર ભારે ઉત્સાહ અને રૂહાની અંદાજમાં ઉજવવામાં આવ્યો હતો. સવારના સમયે શહેરની મુખ્ય ઈદગાહ તેમજ વિવિધ મસ્જિદોમાં ઈદની વિશેષ નમાજ અદા કરવા માટે મુસ્લિમ બિરાદરોની ભીડ ઉમટી પડી હતી. મસ્જિદો તકબીરના અવાજોથી ગુંજી ઉઠી હતી અને મુસ્લિમ બિરાદરોએ ખુદાની બારગાહમાં સજદા કરી દેશમાં અમન અને શાંતિ માટે દુઆઓ માંગી હતી.


નમાજ બાદ એકબીજાને ગળે મળીને ઈદ મુબારકની મુબારકબાદી આપવાની પરંપરાનું સુંદર મંજર જોવા મળ્યું હતું. ભુજના વિવિધ વિસ્તારોમાં લોકોએ પોતાના અઝીઝો અને મિત્રોને ઘરે આમંત્રિત કરી ઈદની ખાસ વાનગીઓની લિજ્જત માણી હતી. સમગ્ર શહેરમાં ઈદની રોનક જોવા મળી હતી અને નવા વસ્ત્રોમાં સજ્જ લોકો એકબીજાને ગળે મળી ખુશીઓ વહેંચતા નજરે પડ્યા હતા. આ તહેવાર માત્ર એક ધાર્મિક પર્વ જ નહીં, પરંતુ ભુજમાં વર્ષોથી જળવાયેલી કોમી એકલાસની ભાવના અને ભાઈચારાનું પ્રતીક બની રહ્યો હતો.વહીવટી તંત્ર દ્વારા પણ સુરક્ષાના કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા હતા, જેથી તમામ લોકો શાંતિપૂર્વક આ પર્વની ઉજવણી કરી શકે. પોલીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો અને ટ્રાફિક વ્યવસ્થા પણ સુચારુ રીતે જળવાઈ રહી હતી. મુસ્લિમ સમાજના અગ્રણીઓએ પણ આ તહેવારને ભાઈચારા અને પરસ્પર સૌહાર્દ સાથે ઉજવવાની અપીલ કરી હતી. ભુજ શહેરના તમામ વિસ્તારોમાં ઈદની મુબારકબાદીની ગુંજ સંભળાતી હતી અને દરેકના ચહેરા પર એક વિશેષ પ્રકારનો આનંદ વર્તાતો હતો. સામાજિક એકતાનું આ પ્રતીક ભુજની સંસ્કૃતિને વધુ મજબૂત બનાવતું જોવા મળ્યું હતું. ઈદના આ મુબારક અવસરે ભુજના નગરજનોએ ખરા અર્થમાં ભાઈચારા અને માનવતાના સંદેશને સાર્થક કર્યો હતો.

ભુજ શહેરની રાજાશાહી વખતના મુખ્ય ઈદગાહ ખાતે ઈદ-ઉલ-અઝહા (કુરબાની ઈદ)ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૈયદ પીર ઈસ્માઈલશાના ગાદીનશીન સૈયદ ખૈરશા બાપુ બુખારીએ સવારે ઈદની નમાજ અદા કરાવી હતી અને પોતાની તકરીરમાં કુરબાનીના મહત્વને સમજાવવાની સાથે કચ્છમાં કોમી એકતા જળવાઈ રહે તેવી ખાસ દુઆ કરી હતી. આ ઉપરાંત, મદદનીશ ટ્રસ્ટી મર્હુમ સૈયદ હાજી હાસમશા ખૈરશા બુખારીના સ્મરણાર્થે ઈદગાહ ખાતે નવા શૌચાલય, બાથરૂમ અને વુઝુખાનાનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે, જેની સેવાઓનો લાભ નમાજીઓને મળી રહેશે.

આ પ્રસંગે ઈદગાહની વ્યવસ્થામાં મુખ્ય ટ્રસ્ટી સૈયદ હાજીહુસેનશા સાજનશા બુખારી, મદદનીશ ટ્રસ્ટી સૈયદ લતીફશા હાજીશા બુખારી ઉપરાંત કમિટી તથા પેટા કમિટીના સભ્યો જેવા કે અબ્દુલશકુર પલેજા, સૈયદ મુસ્તફા, સૈયદ અબ્દુલરજાક, ઈમરાન માંજોઠી, અલીમામદ જત, ફકીરમામદ કુંભાર, અબ્દુલ શેખ, અનવર નોડે, કાસમ સમા, સૈયદ સાજનશા ખૈરશા બુખારી, સૈયદ મુસ્તાકશા બુખારી, સૈયદ ગુલામ મુસ્તફા બુખારી, હાજી ફજલ હાજી જમાદાર અને અબ્દુલ ઉમર શેખ વગેરેએ ખડેપગે રહીને સફળ વ્યવસ્થા સંભાળી હતી. ભુજ શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલ મસ્જિદોમાં પણ એ જ નમાજ અદા કરવામાં આવી હતી.

# મનમાંથી બુરાઈઓને દૂર કરવી એ જ ઈદનો સાચો સંદેશ



ગાંધીધામ : પવિત્ર ઈદ-ઉલ-અઝહા (બકરી ઈદ) નિમિત્તે સુંદરપુરી સ્થિત મસ્જીદે તયબાહ ખાતે મુસ્લિમ સમાજ પોતાના બાળકો સાથે વહેલી સવારે ઈદની નમાઝ અદા કરવા બહોળી સંખ્યામાં હાજર રહ્યો હતો. મૌલાના અબ્દુલ માંજોઠી દ્વારા ઈદની નમાઝ પઢાવવામાં આવી તેમજ ખુત્બો પઢાવવામાં આવ્યો હતો.

મૌલાનાએ પોતાના પ્રવચનમાં પયગંબર હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે અલ્લાહની રાહમાં પોતાના દીકરાની કુરબાની આપવા તૈયારી દર્શાવી હતી અને અલ્લાહ તઆલાએ રાજી થઈ દીકરાની જગ્યાએ દુંબો (ઘેટો) મોકલ્યો હતો તે બાબતે પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જાનવરની કુરબાની કરવી હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામની સુન્નત છે, જ્યારે ઈન્સાન પોતાના માં રહેલ બુરાઈ, દુર્ગુણો, જલન, નફરત વગેરેની કુરબાની આપે તે પયગંબર એ ઈસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) ની સુન્નત છે.

આ પ્રસંગે દેશ માં અમન-શાંતિ, એકતા તથા દેશની તરક્કી માટે ખાસ દુઆ કરવામાં આવી હતી. મુસ્લિમ અગ્રણી હાજી જુમા રાયમાએ તમામ મુસ્લિમ બિરાદરો તેમજ દેશવાસીઓને ઈદ મુબારક પાઠવી જણાવ્યું હતું કે જાનવરોની સાથે દરેક ઈન્સાન પોતાના માં રહેલી બુરાઈઓની પણ કુરબાની આપે તથા ગરીબો, યતીમ (અનાથ) અને બેવા (વિધવા) બહેનોને આ ખુશીના અવસરે મદદરૂપ બની તેમને પણ ઈદની ખુશીમાં સામેલ કરવાં જોઈએ.

આ પ્રસંગે હાજી જુમા રાયમા, સુમાર હીંગોરજા, લતીફ માંજોઠી, સલીમ રાયમા, જુમા સમા, રફીક બારા, હુશેન આગરીયા, અબ્દુલ માંજોઠી, તાલીમ હુશેન સૈયદ સહિત આગેવાનો હાજર રહ્યા હતા અને એકબીજાને ગળે મળી ઈદ મુબારક પાઠવી હતી.

જ્યારે સબીર રાયમા, નિઝામ માંજોઠી, નજીર રાયમા, સદામ હીંગોરજા, સાહિદ રાયમા, મકબુલ પલેજા, સાહિલ રાયમા, સાજીદ રાયમા વગેરે દ્વારા સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા સંભાળવામાં આવી હતી તેમ યાદીમાં જણાવાયું હતું.

# વાગડમાં બકરી ઈદની મુસ્લિમ સમાજ દ્વારા ઉજવણી કરાઈ



રાપર - કચ્છઉદય : મુસ્લિમ સમાજના પવિત્ર તહેવાર બકરી ઈદ નિમિત્તે વાગડ વિસ્તારના રાપર, સલારી, નંદાસર, આડેસર, વિજાપુર, ટગા, માણાબા, ચિત્રોડ, ફતેહગઢ સહિતના ગામોમાં બકરી ઈદની મુસ્લિમ સમાજ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

અનવરશા બાપુ, ઈસ્માઈલભાઈ પણકા, હાજીભાઈ ખાસકેલી, જાનમામદ બલોચ, રસુલ ચૌહાણ, લાલમામદ રાઉમા, કુતુબશા શેખ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આંઢવાળા તળાવ ખાતે આવેલ ઈદગાહ ખાતે નમાઝ અદા કરવામાં આવી હતી. બકરી ઈદ નિમિત્તે રાપર પીઆઈ આર એલ. ખટાણા તથા પોલીસ સ્ટાફ દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# મુંદરામાં ઈદ ઉદ અઝહા નિમિતે નમાઝ અદા કરાઈ



મુંદરા - કચ્છઉદય : ઈદ ઉલ અઝહા પ્રસંગે મુસ્લિમ બિરાદરોએ ઈદગાહ વાડી મધ્યે સમૂહ ઈદ નમાઝં અદા કરી હતી. ઈદ પ્રસંગે મુસ્લિમ બિરાદરો ભૂખી નદીના તટે આવેલ ઈદગાહ મેદાન પર એકત્રિત થયા હતા અને મૌલાના અબ્દુલ રશીદે સમૂહ ઈદ નમાઝ અદા કરાવી હતી. ઈદ નમાઝ અદા કર્યા બાદ મુસ્લિમ બિરાદરોએ એકબીજા ને ભેટી ઈદ ની મુબારક બાદી પાઠવી હતી. ઈદના દિવસે મુસ્લિમ બિરાદરોએ શહેરની વિવિધ મસ્જિદોમા ઈદ નમાઝ અદા કરી હતી. ઈદ પ્રસંગે સમૂહ ઈદ નમાઝમા મુસ્લિમ બિરાદરો બહોળી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છમાં અસહ્ય ઉકળાટ વચ્ચે સપ્તાહાંતે મેઘમહેરની આગાહી

ભુજ – કચ્છઉદય : કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી અસહ્ય ગરમી અને અકળાવનારા ઉકળાટનો સામનો કરી રહેલા લોકો માટે રાહતના સમાચાર આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી શનિવાર અને રવિવાર દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે. જો કે, આ આગાહી વચ્ચે જિલ્લામાં પવનની ગતિ ધીમી પડવાના કારણે મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો વધારો નોંધાયો હતો, જેના લીધે સ્થાનિકોએ તીવ્ર ગરમીનો અહેસાસ કર્યો છે. ખાસ કરીને બપોરના સમયે સૂર્યદેવના આકરા મિજાજને પગલે જનજીવન પ્રભાવિત થયું હતું. આંકડાકીય વિગતો મુજબ ભુજ શહેરમાં મહત્તમ તાપમાન ૩૯.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે અંજાર અને ગાંધીધામ પંથકમાં પારો ૪૦.૬ ડિગ્રીએ પહોંચી જતાં લોકો અકળાઈ ઉઠ્યા હતા. વાતાવરણમાં પવનની ઝડપ ઘટીને પ્રતિ કલાક ૧૦ થી ૧૨ કિલોમીટર થઈ જતાં બફારાનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. હવામાન ખાતા દ્વારા સમગ્ર ગુજરાતમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી એટલે કે ચોમાસા પૂર્વેની નિક્ષેપ પ્રક્રિયા શરૂ થવાના સંકેતો આપવામાં આવ્યા છે. શનિવારથી મંગળવાર સુધીના ચાર દિવસીય સમયગાળામાં રાજ્યના જુદા-જુદા ભાગોમાં તેજ પવન અને ગાજવીજ સાથે વરસાદી માહોલ સર્જાવાની સંભાવના છે. આ અંતર્ગત કચ્છ જિલ્લામાં પણ આગામી સપ્તાહાંતે એટલે કે શનિ અને રવિવારે કેટલાક છૂટાછવાયા સ્થળોએ હળવા ઝાપટાં પડી શકે છે. ભારતીય ઉપખંડમાં ચોમાસું ખૂબ નજીક હોવાના કારણે આગામી દિવસોમાં પ્રિ-મોન્સૂન ગતિવિધિઓ વધુ વેગ પકડશે તેવું હવામાન ક્ષેત્રના નિષ્ણાતોનું અનુમાન છે. આ બદલાતા હવામાનને કારણે આગામી દિવસોમાં લોકોને ગરમીથી આંશિક રાહત મળવાની આશા બંધાઈ છે.

# ભુજમાં પતિ અને સાસરિયાં દ્વારા પરિણીતા અને માતા પર હુમલો

ભુજ - કચ્છઉદય : ભુજમાં પોલીસ ફરિયાદનું મનદુઃખ રાખી પતિ સહિતના ચાર શખ્સોએ પરિણીતા અને તેની માતા પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાની વિગત મુજબ આરોપી ઈમરાન મહમદ બકાલી, ઉમર મોહમદ બકાલી, અલી મોહમદ બકાલી અને આસીમઅલી મોહમદ બકાલીએ ફરિયાદી અફરોજબેન ઈમરાન બકાલી, તેમની માતા અને ભત્રીજા પર છરી અને ધોકા વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ત્રણેયને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ભુજ જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે ભુજ પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને
ઈદ-ઉલ-અઝહાની મુબારકબાદી...
Amir Sama
All Insurances Company Authories
GENERAL INSURANCE LIFE INSURANCE
amirsama26@yahoo.com
First Floor, Muni. Shop No. 6.
Opp. Punam Comercial Center.
Near Hotel ilark, Station Road,
BHUJ-Kutch

ઈદ મુબારક
ઈદ-ઉલ-અઝહા નિમિત્તે
સર્વે હિન્દુ-મુસ્લિમ ભાઈઓને
ઈદની તહેદિલથી મુબારકબાદી
અસલમભાઈ સમા
ભુજ -કચ્છ

મજહબ નહીં સીખાતા આપસ મેં બૈર રખના,
હિન્દી હૈં હમ, વતન હૈ હિન્દુસ્તાં હમારા.
સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને
ઈદ-ઉલ-અઝહાની મુબારકબાદી...
હારૂન એ. માંજોઠી
૯૮૨૪૪ ૦૩૪૫૬
૯૪૨૭૨ ૦૩૪૫૬
કચ્છ મોટર ડ્રાઈવિંગ સ્કુલ (સરકારમાન્ય)
હારૂન ઓટો એડવાઈઝર
(આર.ટી.ઓ. તેમજ વિમાના સલાહકાર)
હેડ ઓફીસ : પહેલે માળે, પુનમ કોમર્શીયલ સેન્ટર, રવિ સિનેમા સામે, સ્ટેશન રોડ, ભુજ-કચ્છ.
બ્રા. ઓફીસ : એ-૨૧૨, કતિરા શોપિંગ સેન્ટર, બજાજ એલાયન્સની બાજુમાં, આર.ટી.ઓ. રીલોકેશન સાઈટ, ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને
ઈદ-ઉલ-અઝહાની
મુબારકબાદી

હાજી જુમા રાયમા
અગ્રણી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
પૂર્વ પ્રમુખ અખિલ કચ્છ
સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિ

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને
ઈદ-ઉલ-અઝહાની
મુબારકબાદી...
મૌલાના આઝાદ શૈક્ષણિક સંઘ
ચેરમેન : અમીરફૈઝલ મીરખાન મુતવા
વાઈસ ચેરમેન : મુકમુદીન મીરખાન મુતવા
સેક્રેટરી : અમીરફહદ મીરખાન મુતવા

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને
ઈદ-ઉલ-અઝહાની
મુબારકબાદી
મજહબ નહીં સીખાતા
આપસ મેં બૈર રખના,
હિન્દી હૈં હમ,
વતન હૈ હિન્દુસ્તાં હમારા..
પડેયાર હાજીસલીમ
હાજી સુલેમાન
પરિવાર

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને
ઈદ-ઉલ-અઝહાની
મુબારકબાદી

રફીક મારા
પૂર્વ મહામંત્રીશ્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
પ્રમુખશ્રી, અખિલ કચ્છ મુસ્લિમ કુંભાર સમાજ

ઈદ મુબારક
મજહબ નહીં સીખાતા આપસ મેં બૈર રખના,
હિન્દી હૈં હમ, વતન હૈ હિન્દુસ્તાં હમારા..
સર્વે હિન્દુ-મુસ્લિમ ભાઈઓને
ઈદની તહેદિલથી મુબારકબાદી
હનિફ પઢીયાર
તથા પઢિયાર પરિવાર

ઈદ મુબારક
સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને
ઈદ-ઉલ-અઝહાની
મુબારકબાદી

ઈશાક જે. જત
પ્રમુખશ્રી,
શ્રી અખિલ કચ્છ જત મલેક સમાજ
સુમરાસર, તા.ભુજ-કચ્છ

## રાજસ્થાન જોધપુરથી ‘જાખર ટ્રાવેલ્સ‘ મારફતે દારૂ મંગાવ્યાનો ખુલાસો

# ગાંધીધામ “બી” ડિવિઝન પોલીસની પાર્સલ બોક્ષની આડમાં વિદેશી દારૂના જથ્થાને ઝડપી પાડતી કામગીરી

ગાંધીધામ : ગાંધીધામ “બી” ડિવિઝન પોલીસ દ્વારા પ્રોહિબિશન અને જુગારની બદીને નેસ્તનાબૂદ કરવા માટે હાથ ધરવામાં આવેલી કામગીરી અંતર્ગત મોટી સફળતા મળી છે. મ્હે. પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા (સરહદી રેન્જ, ભુજ) તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ અધિક્ષક(અંજાર વિભાગ) ના સૂચનો મુજબ, પોલીસ ઈન્સપેક્ટર એસ.વી. ગોજીયાના નેતૃત્વમાં સર્વેલન્સ સ્ટાફ દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી હતી.

સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલી બાતમીના આધારે, કચ્છ હાઈવે ટ્રાન્સપોર્ટમાં પાર્સલ બોક્ષની આડમાં વિદેશી દારૂ મંગાવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ હકીકત આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

આરોપી પપ્પુરામ ઘેવરરામ મેઘવાલને ૨ નંગ પાર્સલ બોક્ષ સાથે પકડી પાડવામાં આવ્યો હતો, જેમાં ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. આ મામલે પકડાયેલ આરોપી સહિત અન્ય સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પકડાયેલ આરોપીની પૂછપરછ દરમિયાન રાજસ્થાન જોધપુરથી ‘જાખર ટ્રાવેલ્સ‘ મારફતે દારૂ મંગાવ્યાની કબૂલાત કરતા, પોલીસે વોચ રાખી ટ્રાવેલ્સમાંથી ૩ નંગ પાર્સલ બોક્ષ ઝડપી પાડ્યા હતા. જેમાંથી ૧૪૪ નંગ બિયર ટીન મળી આવતા વધુ એક ગુનો નોંધવામાં આવ્યો છે.

આ સમગ્ર કામગીરી ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એસ.વી. ગોજીયા, પો.સબ ઈન્સ. એલ. એન. વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી છે.




### પકડાયેલ અને વોન્ટેડ આરોપીઓ

પપ્પુરામ ઘેવરરામ મેઘવાલ (ઉ.વ. ૩૪, રહે. ગણેશનગર, ગાંધીધામ) અને કાનજી ઉર્ફે કાનો ડાયાભાઈ સુંઢા (ઉ.વ. ૪૭, રહે. સેક્ટર-૦૭, ગાંધીધામ). વોન્ટેડઃ મનોહરસિંગ પ્રેમસિંગ ભાટી (રહે. જોધપુર).

### કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ :

પોલીસ દ્વારા વિદેશી દારૂની ૧૨ બોટલ (કિ.રૂ. ૨૦,૫૫૫), ૧૪૪ બિયર ટીન (કિ.રૂ. ૨૦,૭૩૬), મોબાઈલ ફોન અને બિલ્ટી મળી કુલ અંદાજિત કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## અંજાર નગરપાલિકાના ચીફ ઓફિસરનો સપાટોઃ ૧.૫૦ લાખનો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યો



અંજાર - કચ્છઉદય : પ્રતિબંધિત પ્લાસ્ટિક મુક્ત અંજારના ભાગરૂપે સરકારના આદેશ અનુસાર ચાલી રહેલી ઝુંબેશના ભાગરૂપે પ્રતિબંધિત ૧૨૦ માઈક્રોનથી ઓછી થિકનેસ ધરાવતી પ્લાસ્ટિકનો ઉપયોગ થતો અટકાવવાના ભાગરૂપે અંજાર નગરપાલિકાના ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયાની આગેવાની હેઠળ પ્લાસ્ટિકના જથ્થાબંધ વિક્રેતા પેઢીઓ ઉપર તપાસ કરી અંદાજીત રૂપિયા એક લાખ પચાસ હજારની કિંમતનો અંદાજે ૧૨૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો તેમજ દંડનીય કાર્યવાહી કરી રૂપિયા ૪૦૦૦ દંડની રકમ વસૂલ કરવામાં આવી હતી. એ જ વેપારી પાસેથી ફરી પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાશે તો દંડની રકમ વધારી અને વસૂલાત કરવામાં આવશે.

ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયાની સાથે ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ રશ્મિનભાઈ ભીંડે, ચીફ સેનેટરી ઈન્સ્પેક્ટર હિતેન્દ્રસિંહ ગોહિલ, સેનેટરી ઈન્સ્પેક્ટર દર્શનસિંહ રાઠોડ, સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રભાઈ જોશી, ગુમાસ્તાધારા ઈન્સ્પેક્ટર શંકરભાઈ લક્ષ્મણભાઈ સિંધવ, સલીમ કુંભાર, સુલેમાન કુંભારની ટીમ દ્વારા કરાયેલ નગરપાલિકાની આ કાર્યવાહીથી શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશકારો - વેપારીઓમાં સોપો પડી ગયો હતો. આ ઝુંબેશ હજી પણ સતત કાર્યવિંત રહેશે, જેમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થા બંધ વિક્રેતાઓ, લારી- ગલ્લા ધારકો તેમજ વેપારી પેઢીઓની આકસ્મિક ચકાસણીની ઝુંબેશ ચલાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંજાર શહેરી વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો મોટા પાયે ઉપયોગ થતો હોવાનું ધ્યાને આવતા આ કાર્યવાહી તાબડતોબ શરૂ કરવામાં આવી હતી. અંજાર નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન શામજીભાઈ ખાંડેકા, ઉપપ્રમુખ પરેશભાઈ સોરઠીયા અને શાસક પક્ષના નેતા આશિષભાઈ ઉદુવાણીએ નગરપાલિકાના સ્ટાફને ધન્યવાદ આપ્યા હતા અને પ્લાસ્ટિકના વેપારીઓને ૧૨૦ માઈક્રોનથી ઓછી થિકનેસ ધરાવતા પ્લાસ્ટિકનો તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ તેમજ વેચાણ સદંતર બંધ કરી નગર પાલિકાની કામગીરીમાં સહકાર આપવા અપીલ કરી હતી.

## ભચાઉમાં જૂની અદાવતના મનદુઃખમાં મારમારીનો ગુનો નોંધાયો

ભચાઉઃ ભચાઉ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા મોમાયનગર નેર ખાતે જૂની અદાવત અને આર્થિક વ્યવહારના મનદુખના કારણે મારમારીની ઘટના સામે આવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, આ કામના બે આરોપીઓ દ્વારા ફરિયાદીના ઘરે જઈને ગાળો બોલી તથા હુમલો કરવામાં આવ્યો હતો. આ ઝઘડા દરમિયાન આરોપીઓએ સાક્ષીઓ પર લાકડી (ધોકા) તથા પથ્થર વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઉપરાંત, આ કૃત્ય દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધીના જાહેરનામાનો પણ ભંગ કરવામાં આવ્યો છે. આ મામલે ભચાઉ પોલીસ સ્ટેશનમાં બી.એન. એસ. કલમ ૨૮૫, ૧૦૯(૧), ૧૨૫ તથા એમ.વી. એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ પોલીસ દ્વારા આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## પીએમ મોદીના ઓસ્ટ્રેલિયા પ્રવાસની સત્તાવાર જાહેરાત

નવીદિલ્હી : વૈશ્વિક રાજકારણના મંચ પર ભારતનો દબદબો સતત વધી રહ્યો છે. દુનિયાના શક્તિશાળી દેશો ભારતના નેતૃત્વ અને તેની આર્થિક ક્ષમતાનો લોહિયાળ સ્વીકાર કરી રહ્યા છે. આ કડીમાં એક સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં જ ઓસ્ટ્રેલિયાની સત્તાવાર મુલાકાતે જવાના છે.ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બેનિસે પીએમ મોદીના આ પ્રવાસની સત્તાવાર પુષ્ટિ કરી દીધી છે.

## મણીપુરના ઉગ્રવાદી સંગઠનનો માસ્ટર માઈન્ડ દિલ્હીથી પકડાયો

નવીદિલ્હી : મણિપુરના ઉગ્રવાદી સંગઠન કેસીપીના નેતા હાઓબિજામ દિલીપસિંહની દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી. તે સિક્રેટ મિટીંગ માટે દિલ્હી પહોંચ્યો હતો. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ, મણીપુર પોલીસ અને કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓના સંયુક્ત અભિયાન બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. તેની પૂછપરછ બાદ ભારે માત્રામાં હથિયાર અને દારૂગોળા જપ્ત કરવામાં આવ્યા હતા. હાઓ બિજામસિંહ સામે ગેરકાનૂની ગતિવિધિઓ રોકથામ અધિનિયમ અંતર્ગત ૧૨થી વધુ મામલા નોંધાયેલા છે. મણિપુરના કાકચિંગ જિલ્લામાં મોટી જપ્તી કરવામાં આવી હતી. જપ્તી અભિયાન દરમિયાન સુરક્ષા દળોએ ભારે માત્રામાં હથિયાર, દારૂગોળા બેગ, તાલપત્રી, પ્લાસ્ટિક બેગ, મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. હાઓ બિજામ દિલીપસિંહ અગાઉ પણ હિંસક ગુનાઓમાં પકડાઈ ચૂક્યો છે. પરંતુ તેને બાદમાં મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન મળ્યા હતા. ત્યારબાદ ફરી તે દેશ વિરોધી ગતિવિધિઓમાં સામેલ થઈ ગયો હતો.

## ટ્રેનમાં લઈ જતો હતો હવાલાના ૧.૨૨ કરોડ રુપિયા, રેલવે પોલીસે આરોપીને દબોચી લીધો

નવીદિલ્હી : સિકંદરાબાદ સરકારી રેલવે પોલીસ અને રેલવે સુરક્ષા દળએ એક સંયુક્ત ઓપરેશન દરમિયાન મુંબઈથી સિકંદરાબાદ લવાતી રુપિયા ૧.૨૨ કરોડથી વધુની હવાલાની રકમ જપ્ત કરી છે. આ મામલામાં એક વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે.પોલીસના જણાવ્યા અનુસાર, ૨૬ મેના રોજ ટ્રેન નંબર ૧૭૦૫૭ દેવગીરી એક્સપ્રેસ માં જીઆરપી અને આરપીએફના સંયુક્ત ચેકિંગ દરમિયાન બોલારમ અને મલકાજગિરી રેલવે સ્ટેશનો વચ્ચે બપોરે આશરે ૩ વાગ્યે એક શંકાસ્પદ વ્યક્તિને પકડવામાંઅટકાયત કરાયેલા વ્યક્તિની ઓળખ વિજય અંબાદાસ ગુપ્તા (ઉંમર ૪૦ વર્ષ) તરીકે થઈ છે, જે મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના સાઈ નગર, બૃંદાવન કોલોનીનો રહેવાસી છે. પૂછપરછ દરમિયાન વિજય ગુપ્તાએ ખુલાસો કર્યો હતો કે ૨૫ મેના રોજ તેને મુંબઈમાં 'કાંથા જ્વેલરી' ચલાવતા સંતોષ સેઠ નામના વ્યક્તિ પાસેથી રુપિયા ૧,૨૨,૭૦,૦૦૦ મળ્યા હતા. સંતોષ સેઠની સૂચના મુજબ, તે આ રકમ દેવગીરી એક્સપ્રેસ દ્વારા સિકંદરાબાદ લાવી રહ્યો હતો, જેથી સિકંદરાબાદના મોન્ડા માર્કેટમાં જ્વેલરીની દુકાન ચલાવતા બંટી નામના વ્યક્તિને સોંપી શકાય.

## ગાંધીધામ રેલવે સ્ટેશન પરથી પિસ્ટલ અને ૧૪ કારતૂસ સાથે શખ્સ ઝડપાયો



ગાંધીધામ : ગાંધીધામ રેલવે પોલીસ સ્ટેશનની ટીમે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧ બહાર શંકાસ્પદ હાલતમાં ફરતા એક શખ્સને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી દેશી બનાવટની સેમી ઓટોમેટિક પિસ્ટલ, બે મેગેઝીન અને ૧૪ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. પોલીસે આશરે ૨૭,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી આરોપી અજયકુમાર મનોજકુમાર નૈન વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મુંદરામાં શંકાસ્પદ પિત્તળના મુદ્દામાલ સાથે એક શખ્સ પકડાયો

**આધાર પુરાવા વગરનો ૨૨.૫૦૦ કિલોગ્રામ પિત્તળનો મુદ્દામાલ જપ્ત**



મુંદરા - કચ્છઉદય : જિલ્લામાં વધતી જતી ચોરીની ઘટનાઓ પર અંકુશ મેળવવા અને શંકાસ્પદ ચીજવસ્તુઓની હેરાફેરી અટકાવવા માટે સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચ સતત કાર્યરત છે. આ ઝુંબેશના ભાગરૂપે પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એચ. શીણોલના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ મુંદરા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન પોલીસ ટીમને ભુજપુર ગામે આલ્ફા ફર્નિચર મોલ નજીક શંકાસ્પદ હાલતમાં એક વ્યક્તિ જોવા મળ્યો હતો, જેણે હાથમાં પ્લાસ્ટિકની થેલી પકડી હતી. પોલીસે આ શખ્સની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ આશિષકુમાર ગજરાજ યાદવ, ઉંમર ૩૪ વર્ષ, રહેવાસી તારાપુર, જિલ્લો ભદોઈ (ઉત્તર પ્રદેશ) અને હાલ મુંદરાના ભુજપુર વિસ્તારમાં રહેતો હોવાનં જણાવ્યું હતું. તેની પાસે રહેલી પ્લાસ્ટિકની થેલીની તપાસ કરતાં તેમાંથી ૨૨.૫૦૦ કિલોગ્રામ વજનના પિત્તળના નાના રીંગ મળી આવ્યા હતા. આ માલસામાન અંગે કોઈ આધારભૂત પુરાવા કે બિલ ન હોવાથી પોલીસે ૧,૧૨,૫૦૦ રૂપિયાની કિંમતનો આ મુદ્દામાલ શંકાસ્પદ મિલકત તરીકે જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભચાઉ નગરપાલિકામાં તોડફોડના કેસમાં તમામ ૯ આરોપીઓનો નિર્દોષ છુટકારો

ભચાઉ – કચ્છઉદય : ભચાઉ નગરપાલિકા કચેરીમાં સાત વર્ષ પૂર્વે થયેલી તોડફોડ અને સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ લાવવાના ચકચારી ગુનામાં સ્થાનિક અદાલતે તમામ નવ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો મહત્વનો આદેશ કર્યો છે. પોલીસ તપાસમાં રહેલી ગંભીર ક્ષતિઓ, સીસીટીવી ફૂટેજનો અભાવ અને ઘટનાસ્થળેથી કોઈ ભૌતિક પુરાવા ન મળ્યા હોવાની બાબતને ધ્યાને રાખીને ન્યાયાલયે આ ચુકાદો આપ્યો છે. આ કેસની વિગતો અનુસાર, વર્ષ ૨૦૧૯ની આસપાસ ભચાઉ સુધરાઈ દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવવાની કામગીરીનું મનદુઃખ રાખીને એક જૂથ દ્વારા પાલિકા કચેરીમાં હંગામો મચાવવામાં આવ્યો હતો. આક્ષેપ હતો કે ગેરકાયદે મંડળી રચીને આવેલા શખ્સોએ તત્કાલીન ઈજનેર શૈલેન્દ્રસિંહ દિવાનસિંહ ઝાલાની સરકારી ફરજમાં અડચણ ઊભી કરી હતી અને ઓફિસના ટેબલ-ખુરશી સહિતની મિલકતોમાં તોડફોડ આદરી હતી. જે તે સમયે ભચાઉ પોલીસે આ મામલે નૂરમામદ કાસમ અબડા, શરીફ લતીફ નોતિયાર, અલીહુશેન હિંગોરજા, જુસબ સુમાર નારેજા, હમીર ખમીશા હજામ, અનવર કાસમ અબડા, હારૂન ભચુ મણિયાર, નદીમ આમદ અબડા અને ઈલિયાસ ભચુ ભાટીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જો કે, અદાલતી સુનાવણી દરમિયાન પોલીસ પક્ષનો કેસ તદ્દન નબળો સાબિત થયો હતો. બચાવ પક્ષના ધારાશાસ્ત્રીઓએ ધારદાર દલીલો કરતા કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે પોલીસે ઘટનાસ્થળેથી પથ્થર, લાકડી, લોખંડની પાઈપ કે તોડફોડ થયેલી કોઈ ચીજવસ્તુઓ કબજે કરી નહોતી. આ તમામ કાયદાકીય પાસાં અને ક્ષતિઓને ગ્રાહ્ય રાખીને ભચાઉ કોર્ટે તમામ આરોપીઓને આરોપમુક્ત કર્યા છે. આ કેસમાં આરોપીઓ વતી વકીલ સિદીક આઈ. નારેજા, રમેશ જી. પરમાર અને આસીફ એ. રાયમાએ દલીલો કરી હતી.

## ભારતની બીજી મોટી સફળતા !

### ચંદ્રયાન-૨ એ ચંદ્ર પર છુપાયેલો ‘બરફનો ખજાનો’ શોધ્યો

ભારતીય અવકાશ સંશોધન સંસ્થાના ચંદ્રયાન-૨ મિશન દ્વારા ચંદ્ર વિશે વધુ એક મોટું રહસ્ય ખુલ્યું છે. અમદાવાદ સ્થિતિ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના વૈજ્ઞાનિકોએ ચંદ્રના દક્ષિણી ધ્રુવ ખુબ ઠંડા અને અંધરા ક્રેટરો વચ્ચે બરફના મજબુત સંકેત શોધી કાઢ્યા છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, આ શોધ ભવિષ્યમાં ચંદ્ર પર માનવ વસાહતો સ્થાપવા, પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને અવકાશ મિશન માટે બળતણ ઉત્પન્ન કરવામાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.આ શોધ ચંદ્રયાન-૨ ઓર્બિટરમાં લાગેલા ડુએલ ફ્રીક્વન્સી અપર્ચર રડારના ઉપકરણમાંથી મળેલા ડેટા આધાર પર કરવામાં આવેલી છે. આ માઈક્રોવેવ ઈમેજિંગ ટેકનિક ચંદ્રની સપાટી નીચે ઊંડાણમાં તપાસ કરવામાં સક્ષમ છે. વૈજ્ઞાનિકોએ દક્ષિણ ધ્રુવ પર ઘણા ખાડાઓનો અભ્યાસ કર્યો, જેમાં ફૌસ્ટિની ખાડાની અંદર સ્થિત લગભગ ૧.૧ કિલોમીટર પહોળા નાના ખાડામાં બરફના સૌથી મજબૂત ચિહ્નો મળ્યા.આ સંશોધન ચંદ્રના ધ્રુવીય પ્રદેશોમાં પાણી અથવા બરફની હાજરી સૂચવતા વધતા વૈજ્ઞાનિક પુરાવાઓને વધુ મજબૂત બનાવે છે. ચંદ્રયાન-૨ દ્વારા કરવામાં આવેલા અગાઉના અભ્યાસોમાં ચંદ્રની સપાટી પર પાણીના અણુઓ અને હાઈડ્રોક્સિલના સંકેતો પણ મળ્યા છે. તાજેતરના વર્ષોમાં, ઓર્બિટરે ઉચ્ચ-રિઝોલ્યુશન ધ્રુવીય નકશા બનાવ્યા છે, જે બરફના વિસ્તારોને ઓળખવામાં મદદ કરી રહ્યા છે.ISRO અનુસાર, ચંદ્રયાન-૨ નું DFSAR એક મુખ્ય ટેકનોલોજીકલ સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે .

## ગાંધીધામ ‘બી’ ડિવિઝન પોલીસ સ્ટેશનઃ રોંગ સાઈડ ડ્રાઈવિંગ

ગાંધીધામ નેશનલ હાઈવે પર ભચાઉથી ગાંધીધામ તરફ આવતા માર્ગે રોંગ સાઈડમાં બેદરકારીપૂર્વક વાહન ચલાવી અન્યના જીવ જોખમમાં મૂકવા બદલ બે અલગ-અલગ ગુના નોંધાયા છે. એક કિસ્સામાં મોટરસાયકલ ચાલક મનીષકુમાર યાદવ અને બીજા કિસ્સામાં ટ્રેક્ટર ચાલક પોપટભાઈ ઠાકોર વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૨૮૧ તથા એમ.વી. એક્ટની કલમ ૧૮૪, ૧૭૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

## માધાપરમાં મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલાયો




ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ-ભુજ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે માધાપર વિસ્તારમાં બનેલી મોટરસાયકલ ચોરીના ગુનાનો સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો છે. રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ ભુજ શહેરમાં પેટ્રોલિંગ કરી રહી હતી, તે દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે સંજયનગરી, કામરૂદેહ નજીક શંકાસ્પદ હાલતમાં એક ઈસમને ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપી વિજય ઉર્ફે વિજયો રમેશગીરી ગોસ્વામીએ આ મોટરસાયકલ ત્રણ દિવસ પહેલા માધાપર જુનાવાસ વિસ્તારમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી પાસેથી રૂપિયા ૧૫,૦૦૦ ની કિંમતની હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે માધાપર પોલીસ મથકમાં આરોપીની અટક કરી ગુનો નોંધાયેલ છે.

## હવાઈ મુસાફરો સાવધાન! આગામી 3 મહિના માટે અમદાવાદની અનેક ફ્લાઈટ રદ

અમદાવાદ : ઓપરેશનલ મુશ્કેલીઓ, ઈંધણ (ફ્યુલ)ના સતત વધતા ભાવ અને એરસ્પેસની સમસ્યાઓને કારણે એર ઈન્ડિયાએ મોટો નિર્ણય લીધો છે. આગામી ત્રણ મહિના માટે અમદાવાદ ઍરપૉર્ટથી ઊડતી કેટલીક ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને સંપૂર્ણપણે રદ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, અન્ય કેટલાક રૂટ પર ફ્લાઈટ્સના ફેરા ઘટાડીને તેના સમયમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.એર ઈન્ડિયાએ જૂનથી ઓગસ્ટ મહિના દરમિયાન અમદાવાદ ઍરપૉર્ટથી દોડતી દિલ્હી, મુંબઈ અને લંડન સહિતના ડોમેસ્ટિક તેમજ ઈન્ટરનેશનલ રૂટની કેટલીક ફ્લાઈટ્સ સંપૂર્ણપણે રદ કરી દીધી છે. આ સિવાય, કેટલીક ફ્લાઈટ્સના ફેરા (ફ્રીક્વન્સી) ઘટાડીને તેના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. એરલાઈન્સના આ આંચકાજનક નિર્ણયના કારણે અમદાવાદથી દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને હૈદરાબાદ જેવા મોટા શહેરોમાં નિયમિત મુસાફરી કરતા લોકોની ચિંતા અને મુશ્કેલીઓ બંને વધી જશે. આ ઉપરાંત, ઓગસ્ટ મહિનાની કેટલીક તારીખોમાં અમદાવાદથી લંડન (ગેટવિક) વચ્ચેની સીધી ફ્લાઈટ પણ કેન્સલ કરી દેવામાં આવી છે.

## ગુજરાતમાં અસહ્ય ગરમીના કારણે લંબાશે ઉનાળુ વેકેશન? શાળા સંચાલકોની સરકારને ખાસ માંગણી!

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં અસહ્ય ગરમી અને હિટવેવનો પ્રકોપ વધ્યો છે. અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૦થી ૪૪ ડિગ્રી આસપાસ પહોંચી જતાં સ્કૂલોમાં ઉનાળુ વેકેશન લંબાવવાની માંગ ઉઠી છે. આ અંગે શાળા સંચાલક મહામંડળે સરકારને રજૂઆત કરીને વેકેશન વધુ ૧૦ દિવસ લંબાવવા અપીલ કરી છે.ગુજરાત શિક્ષણ બોર્ડ અને પ્રાથમિક શિક્ષણ વિભાગના એકેડેમિક કેલેન્ડર મુજબ ધો. ૧થી ૮ની અને ધો. ૯થી ૧૨ની સ્કૂલોમાં ૭મી જૂન સુધી ઉનાળુ વેકેશન છે. ૮મી જૂનથી ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની તમામ સ્કૂલોમાં ૯૦ લાખથી વધુ બાળકો માટે નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. પરંતુ ગુજરાતમાં ગરમીનું પ્રમાણ ખૂબ જ વધુ હોય અને અસહ્ય તાપ સાથે હિટવેવ પણ હોવાથી ઉનાળુ વેકેશન લંબાવવા માટે માંગણી કરવામાં આવી છે. બપોરના સમયે ખૂબ જ આકરો તાપ અને ગરમી હોઈ બપોરની પાળીમાં ચાલતી સ્કૂલોમાં જતા બાળકો તેમજ વાલીઓ હેરાન થાય તેમ છે.

શાળા સંચાલક મહામંડળે સરકારને રજૂઆત કરી છે કે સ્કૂલોમાં ઉનાળુ વેકેશન ૧૦ દિવસ માટે લંબાવવામાં આવે એટલે કે ૧૮ જૂનથી સ્કૂલો શરૂ કરવામાં આવે. આ ઉપરાંત અમેરિકા-ઈરાન યુદ્ધની સ્થિતિમાં પેટ્રોલ-ડિઝલની અછત વચ્ચે વડાપ્રધાને જ્યાં ઓનલાઈન શિક્ષણનું પણ સૂચન કર્યું હોઈ સ્કૂલોમાં ઓનલાઈન શિક્ષણ માટે સંચાલક મંડળે સહમતી દર્શાવી છે. કારણકે પેટ્રોલ-ડીઝલના અને સીએનજીના ભાવ વધવા સાથે સ્કૂલ વેન-સ્કૂલ રીક્ષા ચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા છે. જો કે સરકાર દ્વારા હજુ સુધી ઓનલાઈન શિક્ષણ માટે કોઈ નિર્ણય લેવાયો નથી કે કોઈ પ્રકારની જાહેરાત કરાઈ નથી.

## સરકારી કર્મચારીઓ માટે એલર્ટ! ૨૦ મહિનાનું એરિયર મળશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : રીપોર્ટ અનુસાર આયોગની ભલામણો લાગુ કરવામાં વિલંબને કારણે કર્મચારીઓને ૨૦ થી ૨૪ મહિનાનું એરિયર મળી શકે છે. જોકે નિષ્ણાતો માને છે કે ફક્ત DA (મોંઘવારી ભથ્થું) બાકી રકમ મળવાની શક્યતા વધુ છે, જ્યારે HRA અને ટ્રાન્સપોર્ટ ભથ્થાના બાકી રકમ અનિશ્ચિત રહે છે.

## પહેલા પાનાથી...

### અમેરિકા-ઈરાન

આદેશ પર અમેરિકન વાયુસેનાએ ઈરાનના વ્યૂહાત્મક લશ્કરી ઠેકાણાઓ પર એક પછી એક અનેક હવાઈ હુમલાઓ શરૂ કર્યા છે. યુએસ સૈન્યના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ રક્ષણાત્મક એરસ્ટ્રાઈકનો મુખ્ય ઉદ્દેશ્ય તેવા લશ્કરી થાણાઓને નષ્ટ કરવાનો હતો, જે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા આંતરરાષ્ટ્રીય વાણિજ્યિક જહાજો અને અમેરિકી સૈનિકો માટે સીધો સુરક્ષા ખતરો ઉભો કરી રહ્યા હતા. ૨૦૨૬ ના આ વૈશ્વિક આર્થિક માળખામાં હોર્મુઝ સ્ટ્રેટ જેવો સંવેદનશીલ જળમાર્ગ જો લાંબા સમય સુધી યુદ્ધનું મેદાન બનેલો રહેશે, તો તેની આડઅસર માત્ર મિડલ ઈસ્ટ પૂરતી મર્યાદિત નહીં રહે, પણ સમગ્ર વિશ્વને આર્થિક મંદી તરફ ધકેલી શકે છે. શાંતિ વાટાઘાટો વચ્ચે પણ અમેરિકા દ્વારા ડ્રોન અને મિસાઈલ લોન્ચ પેડ્સ પર કરાયેલા આ વળતા પ્રહારો સ્પષ્ટ સંકેત આપે છે કે આ પ્રદેશમાં પૂર્ણ યુદ્ધવિરામ સ્થાપવો એટલો સરળ નથી. આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય સમુદાય અને સંયુક્ત રાષ્ટ્ર આ સંઘર્ષને શાંત કરવા માટે કેવા રાજદ્વારી પગલાં લે છે, તેના પર જ વૈશ્વિક બજારની સ્થિરતાનો આધાર રહેશે.

### રાજકોટ સહિત

સુથારની વરણી કરવામાં આવી છે. ભાવનગર મહાનગરપાલિકાના મેયર ડેપ્યુટી મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂક માટે બેઠક યોજાઇ હતી જેમાં ભાવનગર મહાનગરપાલિકા ના મેયર તરીકે ઉષાબેન તલરેજા ની વરણી કરવામાં આવી છે જ્યારે ડેપ્યુટી મેયર તરીકે અશોક બારૈયા ની અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે કિશન મેહતા ની વરણી કરવામાં આવી છે જ્યારે શાસક પક્ષના નેતા તરીકે લાલભા મનુભા વાળાની વરણી કરવામાં આવી છે. અને દંડક તરીકે રીકુબેન માંગુકિયા ની વરણી કરાઈ છે.

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓની નિમણૂક માટે જિલ્લાના પ્રભારી અને નિરીક્ષકો ની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં જાહેરાત કરવામાં આવી હતી જેમાં સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના મેયર તરીકે રાકેશભાઈ રાઠોડ ની વરણી કરાઈ છે ડેપ્યુટી મેયર તરીકે સ્મિતાબેન રાવલ ની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે નિખિલભાઈ ચાંપાનેરી પક્ષના દંડક તરીકે સ્વાતિબેન માંડલિયા અને શાસક પક્ષના નેતા તરીકે પીન્ટુબેન અસાણીયા ની વરણી કરવામાં આવી છે.

વાપી મહાનગરપાલિકાના મેયર ડેપ્યુટી મેયર સહિતના પદાધિકારીઓની વરણી માટે આજે નવા ચૂંટાયેલા કોર્પોરેટરોની મળેલી બેઠકમાં વાપી મનપા ના મેયર પદે દક્ષાબેન પટેલ ની વરણી કરવામાં આવી છે જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે સતીશ પટેલની તથા ડેપ્યુટી મેયર પદે મિતેશ દેસાઈ ની વરણી કરવામાં આવી છે.

## સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશનમાં ‘કુછ તો ગરબડ હૈ’!! હવે રાતોરાત અંડર-૧૯નો કાર્યક્રમ જાહેર કરી દીધોઃ ૪ દિવસમાં 3 નિર્ણયોમાં ઉલટફેર

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ : નાણાંકીય ગેરરીતિ સહિતના કથિત વિવાદોમાં સપડાયેલા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશનમાં અંદરખાને ‘કાંઇક ગરબડ’ હોવાની શંકા વધુ દ્રઢ બની રહી હોય તેમ રોજેરોજ નિર્ણયોમાં ઉલટફેર કરવામાં આવી રહ્યો છે. ચાર દિવસમાં જ ત્રણ ફેંસલાએ ક્રિકેટ જગતમાં આઘાત સાથે ચિંતા જન્માવી છે. એસોસીએશને અત્યંત ‘શોર્ટ નોટિસ’થી ફરી અંડર-૧૯ ટુર્નામેન્ટ રમાડવાનું જાહેર કરીને કાર્યક્રમ પણ ઘોષિત કરી દેવાયો છે.એસોસીએશને સૌ પ્રથમ અંડર-૧૯ જેવી ડોમેસ્ટીક ટુર્નામેન્ટ મુલત્વી રાખીને કરોડો રૂપિયાના ખર્ચ અને નાણાંકીય ‘રેલમછેલ’ ધરાવતી સૌરાષ્ટ્ર પ્રો-ટી૨૦ લીગ (એસપીટીએલ) રમાડવાનો નિર્ણય લીધો હતો. ૪થી જુનથી તે શરૂ થવાની હતી પરંતુ ઈંધણ સંકટના વર્તમાન દોરમાં આવા લખલૂંટ ખર્ચ કરવા સામે વિરોધ વંટોળ ઉઠતા તે જુનના બદલે ઓગસ્ટમાં રમાડવાનો નિર્ણય જાહેર કર્યો હતો. હવે મુલત્વી રખાયેલી અંડર-૧૯ ટુર્નામેન્ટ રમાડવાનું નકકી કર્યું છે.સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશને રાતોરાત આ કાર્યક્રમ જાહેર કરી દીધો છે અને માત્ર બે જ દિવસની ‘શોર્ટ નોટિસ’ આવી હોય તેમ તા.૨૯ને શુક્રવારની પ્લેટ ગ્રુપની અંડર-૧૯ ટુર્નામેન્ટની મેચોનું શિડયુલ જાહેર કર્યું છે. આ મામલે પણ વિવાદના એંધાણ છે. એમ કહેવાય છે કે અંડર-૧૯ ટુર્નામેન્ટ મુલત્વી રાખવાનું નકકી થયું હોવાથી સંબંધિત ડીસ્ટ્રીક્ટ એસોસીએશનોએ યુવા ક્રિકેટરોનું સિલેક્શન કરી લીધું હોવા છતાં તે મોડી રમાવાનો મેસેજ પસંદ થયેલા ક્રિકેટરોને આપી દીધો હતો અને પ્રેક્ટીસ સહિતની તૈયારી પણ હળવી કરી નાખી હતી.

વેકેશનનો સમય હોવાથી અનેક યુવા ખેલાડીઓએ પરિવાર સાથે ફરવાના પ્લાન કરી નાખ્યા હતા. અથવા પ્રવાસમાં પણ ઉપડી ગયા હતા. એકાએક ટુર્નામેન્ટ નકકી થતાં તેઓ પ્લાન ફેરવવા પડે અથવા મેચ ગુમાવવી પડે તેવી સ્થિતિ છે.

અંડર-૧૯ પ્લેટ ગ્રુપના જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ તા.૨૯ થી ૩૧ મે ભાવનગર, સુરેન્દ્રનગર તથા પોરબંદરના મેદાનોમાં ત્રણ-ત્રણ ટીમો વચ્ચે મેચ રમાશે. ભાવનગરમાં ભાવનગર રૂરલ, બોટાદ અને દિવની ટીમો વચ્ચે, સુરેન્દ્રનગરમાં સુરેન્દ્રનગર રૂરલ, કચ્છ ભુજ તથા જામનગર રૂરલ અને પોરબંદરમાં જુનાગઢ ડીસ્ટ્રીક્ટ, જુનાગઢ રૂરલ તથા ગીર સોમનાથની ટીમો વચ્ચે મેચો રમાશે.

ક્રિકેટ જગતમાં થતી ચર્ચા પ્રમાણે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશનના મેનેજમેન્ટમાં ગંભીર આંતરિક તડા સર્જાયા હોવાનું અને તેને કારણે સપ્તાહમાં જ ૩-૩ નિર્ણયોમાં ઉલટફેર કરવાની ફરજ પડી છે. મેનેજમેન્ટ કમીટી જ વેરવિખેર હોવાની છાપ છે. પરિણામે ભાવિ ક્રિકેટરોનું ભવિષ્ય દાવમાં લાગી જવાનો ભય છે. ઉભરતા ક્રિકેટરોના પરિવારજનો પણ ચિંતિત બન્યા છે. કારણ કે આંતરિક મડાગાંઠમાં તેઓના સપના તૂટી શકે છે.


આઘાતજનક બાબત એ છે કે એલાઈટ ગ્રુપના મેચોનું શિડ્યુલ જાહેર કરાયું નથી તે રમાશે કે કેમ તે વિશે પણ અનિશ્ર્ચિતતા જ રહે છે કે સમયસર તેની જાહેરાત કરવામાં આવે છે તેના પર મીટ છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશનમાં ‘ઓલ ઈઝ નોટ વેલ’ હોવાની શંકા વચ્ચે તમામ ૨૦ ડીસ્ટ્રીક્ટ એસોસીએશનોમાં પણ કચવાટ અને ગણગણાટ છે. શોર્ટ નોટિસથી શિડ્યુલ અપાતા દોડધામ કરવાનો વખત આવ્યો છે.

ગેસ એ કિમંતી સંપત્તી છે, તેનો વ્યય ન કરો
રેસોઈ પહેલા દાળ-ચોખા પલાળીને રાખો-ગેસની બચત થશે

# આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહનું કચ્છ આગમન : ભુજમાં થશે ભવ્ય સ્વાગત

ભુજ - કચ્છઉદય : દેશના કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના કચ્છ પ્રવાસને લઈને સમગ્ર જિલ્લામાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. રાષ્ટ્રીય સુરક્ષા અને સરહદી સલામતીના મહત્વના મુદ્દાઓ પર સમીક્ષા કરવા માટે આજે પધારી રહેલા કેન્દ્રીય ગૃહમંત્રીનું સ્વાગત કરવા માટે કચ્છના ભાજપના કાર્યકર્તાઓ અત્યંત ઉત્સાહી છે.

આજે રાત્રે ૮:૩૦ કલાકે ભુજ ખાતે તેમના આગમન સમયે



વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ એકત્રિત થઈને તેમનું ઉષ્માભર્યું અભિવાદન કરશે.

આ કાર્યક્રમ ભુજના એરપોર્ટ

**કેન્દ્રીય ગૃહમંત્રીના કચ્છ આગમનને લઈને કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ**

રોડ પર આવેલા કોડકી ચાર રસ્તા પાસેના હીમ્સ કોમ્પ્લેક્ષ નજીક યોજવામાં આવ્યો છે. કચ્છની મુલાકાત દરમિયાન ગૃહમંત્રીશ્રી ભારત- પાકિસ્તાન સરહદ પર આવેલા અત્યંત સંવેદનશીલ હરામીનાળા સહિતના સરહદી વિસ્તારોની રૂબરૂ મુલાકાત લેશે અને સરહદ સુરક્ષા વ્યવસ્થાની ગહન સમીક્ષા કરશે. દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા તેમજ વહીવટી માળખાને વધુ મજબૂત બનાવવાના તેમના આ પ્રવાસને અત્યંત મહત્વનો માનવામાં આવી રહ્યો છે. સ્થાનિક કાર્યકર્તાઓમાં તેમના આગમનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તેઓ તેમના લોકપ્રિય નેતાના સ્વાગત માટે તમામ તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે.

# માંડવીમાં સમૂહ નમાજ સાથે ઈદ ઉલ અઝહાની ઉજવણી કરાઈ





માંડવી - કચ્છ ઉદય : ઈદ ઉલ અઝહા(બકરી ઈદ)ની માંડવી ખાતે સમૂહ નમાજ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે આઠ વાગ્યે અંજુમનએ ઈસ્લામની ઓફિસેથી ઈદગાહ સુધી ઝુલુસ સ્વરૂપે બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. ઈદગાહ ખાતે સમૂહ નમાજ અને ખુત્બો સૈયદ રિઝવાનશા બાવા એ પડાવ્યું હતું. જ્યારે દુઆ સૈયદ અમિનશાહ બાવાએકરી હતી. સૈયદ અમીન શાહ બાવાએ ઈદ નિમિત્તે કુરબાની અને ઈદ ઉલ અઝહાનો મહત્વ સમજાવી કોમી એકતા કાયમ રહે તેવી દુઆ કરી હતી. માંડવી શહેર તેમજ તાલુકાભરમાંથી બહોળી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો મળી ઈદની મુબારકબાદી ઉપસ્થિત રહી એક મેકને ગળે પાઠવી હતી.

**તમામ બિરાદરોને ઈદ ઉલ અઝહાની મુબારકબાદ**



અલ્હાના ભયંગમ્બર હઝરત ઈબ્રાહીમ અ સલામનું અમલ પોતાના ફરઝન્દ હઝરત ઈસ્માઈલ અ સલામ ને અલ્લાહની રજામંદીની ખાતીર અલ્લાહની બારગાહમાં કુર્બોન કર્યો જે અમલ અલ્લાહને પસંદ આવ્યો જેની યાદમાં પૂરી દુનિયા આલમ હે ઈસ્લામમાં કુરબાની વાજીબ કરવામાં આવી કુર્બોની ઈદની સાથે સાથે આપણને જીવન ચરિત્રમાં બદલાવની જરૂર છે આપણામાં ઈર્ષા – અદેખાઈ – ઘમંડ - બખીલી - કંજુસાઈ - વહેમ એવી આદતો હોય તો એને ત્યજી અને અલ્લાહ ની બારગાહ તોબા અને માફી માંગવી જોઈએ અને ઊંચા અખલાક અને સારા ગુણ અપનાવા જોઈએ.

**લી. અમીનશા એ. સૈયદ ફરઝન્દે મુફિત-એ-કચ્છ માંડવી કચ્છ**

## વરજડી દેવલ ધામમાં ચાલતી ભાગવત કથા

# સદ્ગુરૂનું શરણુ મળે તો જ્ઞાનની જાગૃત્તિથી મોક્ષનો માર્ગ મોકળો બને : ભાગવતકાર નાનાલાલ રાજ્યગુરૂ

**ભાગવતકથાના ત્રીજા દિવસે વિવિધ રાજકીય મહાનુભાવોએ હાજરી આપી કથાશ્રવણનો લીધો લાભ : યજમાન પરિવાર દ્વારા કરાયું સન્માન**






ગઢશીશા - કચ્છ ઉદય : અધિકમાસમાં ભાગવત શ્રવણ અને સ્મરણ પુણ્યશાળી ગણાય છે. માંડવી તાલુકાના ગઢશીશા સમીપે વરજડી ગામે દેવલમા મંદિરે દેવલધામમાં પિતૃઓના મોક્ષાર્થે શાસ્ત્રીજી કૌશીકભાઈ જોષીના આચાર્ય પદે અને ભાગવતકાર નાનાલાલભાઈ રાજ્યગુરૂની વ્યાસગાદીએ મણીબેન કરમશી પચાણ માવાણી પરિવારના મુખ્ય યજમાન પદે અને મણીલાલ કેસરા માવાણી, ઈશ્વરભાઈ શામજી ભીમાણી, ભવાનજી લાલજી માવાણી, જયંતીલાલ માવજી ભગત અને પ્રફુલ્લ લખમશી હરપાણીના યજમાન પદે ચાલતી શ્રીમદ ભાગવતકથાના ત્રીજા દિવસે વ્યાસ ગાદીએથી ભાગવત કથાનું વિવરણ કરતા સુખદેવજીએ પરિક્ષીત રાજાને ભગવાનના ૨૪ અવતારનું વિવરણ કરવાની સાથે ગુરૂતત્વનું મહત્ત્વ સમજાવતા કહ્યું હતું કે, સદ્ગુરૂનું શરણુ નારાયણનું નામ સ્મરણ ભવસાગર તરવામાં આધાર બને છે.



આજની કથામાં જિલ્લા પંચાયતના નવનિયુક્ત દંડકના પ્રતિનિધિ અને સરપંચ સંગઠનના પ્રમુખ જીવરાજભાઈ ગઢવી, ઉનડોઠ માજી સરપંચ પ્રમુખ જીવરાજભાઈ ગઢવી, તા.ભા.જ.પ. મહામંત્રી મહેન્દ્રભાઈ રામાણી, તા.પં.પૂર્વ કારોબારી ચેરમેન હરેશભાઈ રંગાણી, તા.પં. દંડક અંકિતગિરિ ગોસ્વામી, રાજાભાઈ રબારી, બહુભા જાડેજા, પૂર્વ સરપંચ ભાઈલાલભાઈ છાભૈયા સહિતનાઓએ હાજરી આપી હતી. યજમાન પરિવારો દ્વારા તમામ રાજકીય મહાનુભાવોનું સન્માન કરાયું હતું. યજમાન પરિવારના મણીલાલભાઈ માવાણી, નવીનભાઈ માવાણી, ઈશ્વરભાઈ ભીમાણી, ભગવાનજીભાઈ માવાણી, જયંતીભાઈ ભગત અને પ્રફુલ્લભાઈ હરપાણીએ સૌનો આભાર માન્યો હતો. વરજડી પાટીદાર સમાજ, યુવક મંડળ અને મહિલા મંડળનો સેવા કાર્યમાં સહયોગ રહ્યો હતો. યજમાન પરિવાર દ્વારા આવતીકાલે ઉજવાનારા કૃષ્ણજન્મોત્સવમાં ધર્મપ્રેમી જનતા, નિમંત્રકોને ભાવભર્યું નિમંત્રણ પાઠવાયું છે.

# અંજારની ઐતિહાસિક મુખ્ય ઈદગાહ પર ઈદ-ઉલ અઝહાની નમાઝ અદા કરાઈ





અંજાર - કચ્છ ઉદય : શહેરની ઐતિહાસિક મુખય ઈદગાહ પર ઈદ-ઉલ અઝહાની ઈદ નમાઝ મોલાના સૈયદ મેહબુબશાબાવાએ પઢાવેલ હતી.

જેમા હજારોની સંખ્યામા મુસ્લિમ બીરાદરોએ ઈદની નમાઝ અદા કરી હતી. ઈદની નમાઝ બાદ ઈદમિલનનો પ્રોગામ રાખવામાં આવ્યું હતું.

આગેવાનો તેમજ મુસ્લિમ બીરાદરોએ હાજરી આપી હતી. સૈયયદ પીર અનવરશાહ (અનુબાપુ), લોહાર અબ્દુલઅઝીઝ યુસૂફભાઈ (એડવોકેટ), શેખ ગુલામભાઈ એડવોકેટ, રાયમા સાજીદભાઈ રાયમા મામદભાઈ (પેટન), ખત્રી હાજી અ, સતારભાઈ ખત્રી, હાજી મોહમંદહુશૈનભાઈ શેખ, હાજી ભચલસા શેખ, નુરશાભાઈ ખોજા, તાહેરઅલી (છોટુભાઈ), હાજી રફીકભાઈ પીંજારા, લોહાર રફીકભાઈ, લોહાર અબ્દુલ્લાભાઈ, બાયડ હાજી આદમભાઈ, બાયડ આકીબભાઈ, કુંભાર હાજી ઈલીયાસભાઈ, કુંભાર યાકુબભાઈ, બાવા કાદરભાઈ, નોતીયાર આરીફભાઈ તેમજ મોટી સંખ્યામા મુસ્લિમ બિરાદરોએ હાજરી આપી હતી.

અંજાર પોલીસે પણ સેવા આપી હતી.

# નાગલપુરમાં હિન્દુ-મુસ્લિમ ભાઈઓએ એક બીજાને મળીને ઈદની મુબારકબાદી પાઠવી





અંજાર - કચ્છ ઉદય : નાગલપુર ખાતે અમન, શાંતિ અને ભાઈચારાની સાથે હિન્દુ મુસ્લિમ ભાઈઓએ એક બીજાને મળીને ઈદની મુબારક બાદ પાઠવી હતી. ઈદ નમાઝ નિમિતે નાગલપુર મસ્જિદના ઈમામ મોલાના મોહમ્મદ ચાંદ સાહેબે હિન્દુસ્તાનમાં અમન અને શાંતિ રહે તેવી દુવા માંગી હતી, તેમજ મુસ્લિમ સમાજના આગેવાનો, સૈયદ અકબર બાપુ, સૈયદ સલીમ બાપુ, રોશનઅલી આઈ. શાંધાણી, જુસબ સુલેમાન ચાવડા, ઓસમાણ શાંધાણી, અમીન ખલીફા, રફીક કુરૈશી, જુસબ ચાવડા, ઈમરાન સાંધાણી, હુસૈન રોચા, તેમજ મોટી નાગલપુર મુસ્લિમ સમાજના આગેવાનો તથા ગ્રામજનોએ એક બીજાને ઈદની મુબારક બાદ આપી હતી.

# કચ્છ ડ્રગ્સ કેસ: દિલ્હીથી ઝડપાયેલા બે આફ્રિકન નાગરિકોને કચ્છ લવાશે

**સંયુક્ત ઓપરેશનમાં પકડાયેલા મુખ્ય આરોપી જુમા નાસિરના પહેલી જૂન સુધીના રિમાન્ડ મંજૂર : વિદેશી એજન્સીઓ સાથે મળીને તપાસની શક્યતા : દરિયામાં કૂદી જનાર આરોપીની શોધખોળ યથાવત**



ગાંધીધામ - કચ્છઉદય : ગુજરાતના દરિયાકાંઠે એટીએસ, કોસ્ટગાર્ડ અને સ્થાનિક એસઓજી દ્વારા તાજેતરમાં પાર પાડવામાં આવેલા મોટા કોકેઈન ડ્રગ્સ જપ્તીના ઓપરેશન બાદ હવે તપાસનો ધમધમાટ તેજ બન્યો છે. આ કેસમાં પકડાયેલા મુખ્ય આરોપી જુમા નાસિર ઉમરના કોર્ટે પહેલી જૂન સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. વિદેશી નાગરિક હોવાના કારણે આ મામલે કેન્દ્રીય અને વિદેશી સુરક્ષા એજન્સીઓના સંકલન સાથે સંયુક્ત પૂછપરછ કરવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

આ કેસની તપાસમાં મહત્વની કડી તરીકે ઉભરી આવેલા દિલ્હીના દ્વારકા વિસ્તારમાંથી ઝડપાયેલા બે અન્ય આરોપીઓ કેલ્વિન ચૂકવુમા અને બ્યારુંગા જેમ્સને હવે ટૂંક સમયમાં કચ્છ લાવવામાં આવશે. નાઈજીરિયા અને યુગાન્ડાના વતની એવા આ બંને આરોપીઓ ડ્રગ્સની મુખ્ય ડિલિવરી લેવા માટે આવ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે. પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી તેમને આવતીકાલ સુધીમાં કચ્છની કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવશે. બીજી તરફ, ઓપરેશન દરમિયાન પોલીસની પકડમાંથી છૂટવા માટે દરિયામાં કૂદી પડેલા તાન્ઝાનિયાના આરોપી જીંજીટ નાસૂર જુમાની શોધખોળ માટે મરીન પોલીસ દ્વારા સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જોકે, ગત રાત સુધી આ આરોપીનો કોઈ પત્તો લાગ્યો નથી. હાલમાં સુરક્ષા એજન્સીઓ માટે આ આરોપીની ધરપકડ કરવી તે સૌથી મોટો પડકાર બની રહ્યો છે, જેથી તેને ઝડપી લેવા તમામ સ્તરે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.



મોટા રેહા ગામમાં ઈદ-ઉલ-અઝહાની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મુખ્ય ઈદગાહ ખાતે સવારે નમાઝ અદા કરી હતી. મોલાના ફૈઝાને રજા એ ઈદ નમાજ પડાવી હતી. લોકોને સાથે હળી મળીને રહેવાનું કહ્યું હતું. આ પ્રસંગે મુસ્લિમ આગેવાનો સહિત સર્વે ઉપસ્થિત રહ્યા હતા. એકબીજાને નાના બાળકોથી લઈને મોટા સર્વે લોકોએ મુબારક બાદી પાઠવી હતી.

## સામખિયાળી રોડ પર બેદરકારીથી ઇકો કાર હંકારી અકસ્માત સર્જનાર ઝડપાયો

ભચાઉ - કચ્છઉદય :સામખિયાળી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બેદરકારીપૂર્વક વાહન હંકારી અકસ્માત સર્જવાના ગુનામાં પોલીસે એક આરોપીને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ સામખિયાળી પોલીસ સ્ટેશનમાં ગુનો બી.એન.એસ. કલમ ૨૮૫ મુજબ નોંધાયો હતો. તા. ૨૭/૦૫/૨૦૨૬ના રોજ નવી બસ સ્ટેન્ડ સામખિયાળી રોડ ઉપર એક ઈકો ડીઝલ કારના ચાલકે બેદરકારીપૂર્વક અને જાહેર રસ્તા પર અન્ય વાહનચાલકોને જોખમ થાય તે રીતે વાહન હંકારી અકસ્માત સર્જ્યો હતો.

આ બનાવ અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મનજીભાઈ છગનલાલ કોળી રહે. શાંતિનગર, સામખિયાળી તાલુકા ભચાઉને આરોપી તરીકે ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી પોતાની કબજાની ઈકો કાર નંબર જી.જે.૧૨.એફ. બી.૫૪૪૪ લઈને નવી બસ સ્ટેન્ડ સામખિયાળી રોડ પરથી પસાર થતો હતો ત્યારે વાહનને અચાનક અને જોખમી રીતે હંકારી અકસ્માત સર્જ્યાનો ગુનો નોંધાયો હતો.

આ સમગ્ર કામગીરી સામખિયાળી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ./પોલીસ ફેડ કન્સ સિદ્ધાર્થસિંહ ડાભી તથા પોલીસ ફેડ કન્સ નરેશભાઈ ગોવિંદભાઈની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

## અંજાર-મુન્દ્રા હાઇવે પર ટ્રેલરની ટક્કરથી બાઈક સવારને ગંભીર ઇજા, ચાલક સામે ગુનો નોંધાયો

અંજાર : કચ્છઉદય : પોલીસ મથક વિસ્તારમાં ટ્રેલર ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારીને અકસ્માત સર્જ્યાનો ગુનો નોંધાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ તા. ૨૭/૫ના રોજ સાંજે અંદાજે ૬:૩૦ વાગ્યાના અરસામાં અંજાર-મુન્દ્રા હાઈવે રોડ પર જય અંબે હોટલ પાસે ફરિયાદી નઝીમભાઈ ઉસ્માઈલભાઈ કકળ (ઉ.વ. ૪૮), રહે. ચક્કી શેરી, સિનુગ્રા તા. અંજારને ટ્રેલર નંબર જી.જે.૩૮ ટી.એ.૮૭૯૧ના ચાલકે પોતાની કબજાનું ટ્રેલર પુરઝડપે અને બેદરકારીથી હંકારી રોડ પર ચાલતી ફરીયાદીની મો.સા. નંબર જી.જે.૩૮ કે.૦૭૯૨ને ટક્કર મારી હતી. અકસ્માતમાં ફરીયાદીને શરીરે તથા ડાબા હાથ અને ડાબા પગના ભાગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાબાદ ટ્રેલર ચાલક સામે ગુનો બી.એન.એસ. કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તેમજ એમ.વી.એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ નોંધવામાં આવ્યો છે.

# અંજારમાં સુમરા મસ્જિદમાં ઈદની નમાજ અદા અદા કરાઈ



અંજાર- કચ્છ ઉદય : ઈદ ઉલ અઝહા (બકરી ઈદ) ની અંજારમાં એકતા અને ભાઈ ચારા સાથે હર્ષો ઉલ્લાસ થી અમન - શાંતિથી ઉજવણી કરાઈ હતી. અંજારની ઐતિહાસિક સુમરા મસ્જિદમાં સૈયદ ફરહાન બાપુજાફરશા બાવા દ્વારા ઈદની નમાજ અદા કરાવાઈ હતી.

આ સમયે મુસ્લિમ સમાજના ધર્મગુરુ અને સમાજના આગેવાન સૈયદ અનવરશા બાવાએ કૌમી એકતાનો સંદેશ આપતા જણાવ્યું હતું કે, મુસ્લિમ સમાજ હમેશાં હમ વતન ભાઈઓ સાથે પ્રેમ અને ભાઈચારા સાથે અમન અને શાંતિ પૂર્ણ રીતે રહે છે ત્યારે મુસ્લિમ સમાજ વધુ મજબૂતી સાથે વતનની મહોબત તેમજ હમવતન ભાઈઓ સાથે ભાઈચારો અને મોહબ્બતનો પૈગામ આગળ વધારવા અપીલ કરી હતી. ઈદનીખુશીના પ્રસંગ દરેક ધર્મ - જાતીના ભેદભાવ વગર યતિમો, વિધવાઓ, મજલૂમો, ગરીબો, લાચારો અને જરૂરતમંદો પ્રત્યે હમદર્દી અને મદદની અપીલ કરી હતી. દેશમાં અમન - શાંતિ અને ભાઈ ચારા સાથે દેશની ઉન્નતિ માટે અલ્લાહની બારગાહમાં વિશેષ દુઆ અરજ કરી હતી.

## છેલ્લા પાનાનું ચાલુ..

**આદિપુર પોલીસની**

(બોર્ડર રેન્જ, ભુજ-કચ્છ) અને પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ તથા અંજાર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીની દેખરેખમાં આદિપુર પોલીસ દ્વારા સફળ કામગીરી કરવામાં આવી છે. આદિપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.સી. વાળાની સૂચનાથી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર આર.એમ. ડુવા તથા સર્વેલન્સ અને સી-બીટ સ્ટાફ દ્વારા નાઈટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન શીણાય વિસ્તારમાંથી પ્રોહિબિશનના મુદ્દામાલની હેરાફેરી થતી હોવાની બાતમી મળતા પોલીસે સફળ દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે મીતરાજસિંહ કિરીટસિંહ જાડેજા (રહે. અંતરજાળ) અને નટુભાઈ પ્રહલાદભાઈ ઠાકોર (રહે. મેઘપર બોરીચી) ને ઝડપી પાડ્યા હતા, જ્યારે સુચિત અગ્રવાલ (રહે. ગાંધીધામ) ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી વિવિધ બ્રાન્ડની દારૂની કુલ ૨૩૦થી વધુ બોટલો, બે કાર તથા મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૮,૮૨,૮૨૫નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આદિપુર પોલીસ દ્વારા કુખ્યાત બુટલેગરો સામે દાખવેલી આ કડકાઈથી ગુનેગારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આ મામલે આદિપુર પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરાને ઈદ ઉલ અઝહાની તહેદીલ થી મુબારક બાદી
એસ. આર. ટ્રેડર્સ
ગાંધીધામ-કચ્છ.

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને ઈદ-ઉલ-અઝહાની મુબારકબાદી





કુંભાર કાસમ આમદ
પ્રમુખ, અંજાર શહેર લઘુમતી ભાજપ

કરીમ હુસેન ચૌહાણ
મહામંત્રી

મહામંત્રી : સલીમભાઈ બાયડ

તમામ દેશવાસીઓને ઈદ ઉલ અઝહા મુબારક



આકીબભાઈ દાઉદભાઈ બાયડ
પ્રમુખશ્રી, કચ્છ જીલ્લા ભાજપ લઘુમતી મોરચો

તમામ દેશવાસીઓને ઈદ ઉલ અઝહા મુબારક



લી. સલીમ રાયમા
પ્રમુખ : રાયમા યુથ સર્કલ ટ્રસ્ટ
જોઈન્ટ સેક્રેટરી જમીયત ઉલેમા કચ્છ.

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com | મેજીસ્ટ્રીયલ શાખા | ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

**જાહેર નોટીસ**

નં.મેજી/જન્મ/વશી-૨૧૦/૨૦૨૬ — તા. ૧૨/૦૫/૨૦૨૬
જન્મ રજી.નં.૨૧૦/૨૦૨૬

**શ્રી જયપાલસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા**
રહે. આંબલીયારા, તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી આંબલીયારા, તા. ભચાઉ, જિ.કચ્છ-ભુજ ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે શ્રુતીબા જયપાલસિંહ જાડેજા નો જન્મ તા.૧૨-૦૧-૨૦૦૪ ના રોજ ગામ આંબલીયારા તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે.તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૩૦/૦૫/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.**

# ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસની સક્રિયતા - નશાની હાલતમાં વાહન ચલાવતા બે ઈસમો ઝડપાયા

ગાંધીધામ : ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા ટ્રાફિકના નિયમોના ભંગ અને નશાની હાલતમાં વાહન ચલાવતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. તા. ૨૭/૦૫/૨૦૨૬ ના રોજ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન બે વ્યક્તિઓ નશાની હાલતમાં વાહન ચલાવતા ઝડપાઈ ગયા હતા. પ્રથમ કિસ્સો આરોપી રાજેશ રામસિંગ પ્રજાપતિ, રહે. કિડાણા ભૂકંપ નગર, ગાંધીધામને ભારતનગર છેલ્લા રોડે રામાપીર મંદિર પાસે પોતાની હીરો એચ.એફ. ડીલક્ષ મોટરસાયકલ (GJ-11-SJ-7299) નશાની હાલતમાં ચલાવતા ઝડપી લેવામાં આવ્યો હતો. આ બનાવ અંગે એમ.વી. એક્ટની કલમ ૧૮૫ તથા પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)(બી) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. બીજો કિસ્સો આરોપી રામુ ગ્યાપ્રદાસ ચૌહાણ, રહે. મેઘપર, ગાંધીધામને ૯/બી થોડકી પાસે હીરો એચ.એફ. ડીલક્ષ મોટરસાયકલ (GJ-12-DH-0424) નશાની હાલતમાં ચલાવતા પકડી પાડવામાં આવ્યો હતો. આ અંગે પણ એમ.વી. એક્ટની કલમ ૧૮૫ તથા પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)(બી) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસ દ્વારા નશાની હાલતમાં વાહન ચલાવનારાઓ વિરુદ્ધની આ ડ્રાઈવ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેવી માહિતી પ્રાપ્ત થઈ છે. આ તમામ ગુનાઓની તપાસ ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસના તપાસનીશ અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

# ભાનુશાળી સમાજનું ગૌરવ

# કચ્છની પ્રતિભાશાળી દીકરી ડૉ. રાજવી અમલાણીએ મેડિકલ ક્ષેત્રે મેળવી ભવ્ય સિદ્ધિ

## એમ.ડી. સાયકિયાટ્રીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સમાજ અને કચ્છને અપાવ્યું ગૌરવ : શિક્ષણ, શિસ્ત અને સમર્પણના સમન્વયથી ડૉ. રાજવીએ રાષ્ટ્રીય સ્તરે હાંસલ કરી અભૂતપૂર્વ સફળતા : સમગ્ર ભાનુશાળી સમાજમાં ગૌરવની લહેર



ભુજ - કચ્છઉદય : કચ્છની તેજસ્વી પુત્રી ડૉ. રાજવી જિતેન્દ્ર અમલાણીએ પોતાની અત્યંત તેજસ્વી શૈક્ષણિક કારકિર્દીમાં એક સુવર્ણ અધ્યાય ઉમેરતા રાષ્ટ્રીય સ્તરે કચ્છ, રાજકોટ તેમજ સમગ્ર ગુજરાતનું ગૌરવ અનેકગણું વધાર્યું છે. મણિપાલ સ્થિત દેશની અગ્રણી અને પ્રતિષ્ઠિત મેડિકલ સંસ્થા કસ્તુરબા મેડિકલ કોલેજ ખાતે એમ.ડી. સાયકિયાટ્રીના અભ્યાસક્રમમાં તેમણે અત્યંત પ્રશંસનીય પ્રદર્શન કરી પ્રતિષ્ઠિત Best Outgoing Postgraduate Resident in Psychiatry ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. ડૉ. રાજવીની આ ભવ્ય સિદ્ધિથી કચ્છ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ગૌરવની લાગણી પ્રસરી છે અને આ ક્ષણ તેમના સમગ્ર ભાનુશાળી સમાજ માટે અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક બની રહી છે. ડૉ. રાજવીની આ અસાધારણ સફળતા પાછળ તેમનો બાળપણથી જ અભ્યાસ પ્રત્યેનો અખૂટ લગાવ, અવિરત પરિશ્રમ, શિસ્ત અને અતૂટ સમર્પણ જવાબદાર છે. રાજકોટની જાણીતી શ્રી એસ. એન. કણસાગરા સ્કૂલમાંથી પાયાનું શિક્ષણ મેળવનાર ડૉ. રાજવી સૌરાષ્ટ્ર અને કચ્છના જાણીતા સિનિયર યુરોલોજિસ્ટ ડૉ. જિતેન્દ્ર અમલાણીના સુપુત્રી છે અને તેમનું મૂળ વતન કચ્છ જિલ્લાનું મોથાળા ગામ છે. કસ્તુરબા મેડિકલ કોલેજના સાયકિયાટ્રી વિભાગ દ્વારા તેમને આ પ્રતિષ્ઠિત સન્માન તેમના ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રદર્શન, માનસિક રોગના દર્દીઓ પ્રત્યેની તેમની અત્યંત સંવેદનશીલ અને માનવીય સેવા, અભ્યાસ દરમિયાનના શ્રેષ્ઠ પ્રદર્શન તેમજ સંશોધન ક્ષેત્રે આપેલા નોંધપાત્ર અને મૂલ્યવાન યોગદાન બદલ એનાયત કરવામાં આવ્યું છે. ડૉ. રાજવીની આ સિદ્ધિ કોઈ આકસ્મિક સફળતા નથી, પરંતુ તેમની વર્ષોની સતત મહેનત અને અથાગ પ્રયત્નોનું પરિણામ છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ વર્ષ ૨૦૧૬માં પણ જ્યારે તેમણે આર્મ્ડ ફોર્સીસ મેડિકલ કોલેજ, પુણેમાં પ્રવેશ મેળવનાર ગુજરાતની પ્રથમ ગુજરાતી દીકરી તરીકે બહુમાન મેળવ્યું હતું, ત્યારે પણ તેમણે સમગ્ર રાજ્યનું નામ રોશન કર્યું હતું. તે સમયે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

હવે એમ.ડી. સાયકિયાટ્રીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને તેમણે ફરી એકવાર કચ્છ, રાજકોટ અને સમગ્ર ગુજરાતનું મસ્તક ગૌરવથી ઊંચું કર્યું છે. આ સિદ્ધિ બદલ તેમના પરિવારજનો, શિક્ષકો, માર્ગદર્શકો, મિત્રો તથા શુભેચ્છકોમાં ભારે આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી રહી છે. પોતાની આ સફળતાનો શ્રેય ડૉ. રાજવીએ તેમના પરિવાર અને માર્ગદર્શકોના સતત પ્રોત્સાહન અને સહયોગને આપ્યો છે અને આ સફળતામાં સહભાગી બનનાર સૌનો તેમણે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા અનેક વિદ્યાર્થીઓ અને ખાસ કરીને યુવતીઓ માટે ડૉ. રાજવીની આ સફળતા, તેમની મહેનત, આત્મવિશ્વાસ અને સમર્પણનું એક ઉત્તમ ઉદાહરણ બનીને નવી પ્રેરણા પૂરી પાડી રહી છે.

# ભુજમાં સ્વ. નીતિનભાઈ દેસાઈને શ્રદ્ધાંજલિ અપાઈ



## શહેરના જાણીતા તબીબ ડૉ. હેમાલી ચંદેના પિતા અને ડૉ.મુકેશભાઈ ચંદેના સસરાની પ્રાર્થનાસભામાં સેવા અને સંસ્કારના મૂલ્યોની સ્મૃતિઓ તાજી થઈ

ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે તબીબી ક્ષેત્રે સેવાઓ આપતા અને શહેરના જાણીતા તબીબ ડો. હેમાલીબેન ચંદેના પિતા તથા ભુજ લોહાણા મહાજનના પ્રમુખ ડો. મુકેશભાઈ ચંદેના સસરા સ્વ. નીતિનભાઈ દિનકરરાવ દેસાઈની પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને શહેરના અગ્રણીઓએ સદગતને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અમૂલ્ય માનવતાના મૂલ્યો જાળવી રાખનાર અને પોતાના આગવા સેવાભાવી વ્યક્તિત્વથી સૌના દિલમાં સ્થાન મેળવનાર નીતિનભાઈના નિધનથી સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. જીવનપર્યંત પરોપકાર અને સેવાકીય પ્રવૃત્તિઓમાં નિરંતર સક્રિય રહીને સ્વ. નીતિનભાઈએ સમાજમાં એક આદર્શ દાખલો બેસાડ્યો હતો. તેમની વિનમ્રતા અને દરેક વ્યક્તિને મદદરૂપ થવાની ભાવનાને યાદ કરીને ઉપસ્થિત સૌ કોઈ ગમગીન બન્યા હતા. આ પ્રાર્થના સભામાં ભુજ શહેરના જાણીતા તબીબો, વિવિધ સામાજિક અને રાજકીય ક્ષેત્રના આગેવાનો તેમજ વિવિધ જ્ઞાતિના શ્રેષ્ઠીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સદગતના તસવીર પર પુષ્પાંજલિ અર્પણ કરી સૌએ મૌન પાળીને દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આ અવસરે પરિવારજનોએ તેમના જીવનના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, સ્વ. નીતિનભાઈ જેવા નિખાલસ અને પરોપકારી વ્યક્તિનું જવું એ સમાજ માટે એક મોટી ખોટ છે, પરંતુ તેમના દ્વારા રોપાયેલા સંસ્કારો અને સેવાના બીજ સદાય જીવંત રહેશે. ભુજની નવી લોહાણા મહાજનવાડી ખાતે આયોજિત આ પ્રાર્થના સભામાં તેમના પરિવારજનો સાથે શોકગ્રસ્ત સ્વજનો પણ મોટી સંખ્યામાં હાજર રહી સદ્‌ગતને અંજલી આપી હતી.

# ભુજમાં દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપનાર નરાધમ સામે ગુનો દાખલ

ભુજ – કચ્છઉદય : શહેરમાં એક શખ્સે યુવતીના ઘરમાં બળજબરીપૂર્વક પ્રવેશ કરી તેની મરજી વિરુદ્ધ અવારનવાર બળાત્કાર ગુજાર્યો હોવાની શરમજનક અને ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. ભયના ઓથાર હેઠળ જીવતી પીડિતાએ આખરે હિંમત ભેગી કરી પોલીસ મથકે નરાધમ સામે ફરિયાદ નોંધાવતા કાયદાકીય તપાસનો ધમધમાટ શરૂ થયો છે. મળતી વિગતો અનુસાર, આ ગંભીર ગુનો ગત તારીખ ૨૩ના રોજ મોડી સાંજથી રાત્રિના અરસામાં બન્યો હતો. ભુજમાં રહેતી પીડિત યુવતી પોતાના ઘરે હાજર હતી, ત્યારે આરોપી મહેશ નવીન મહેશ્વરી નામનો શખ્સ કોઈપણ પરવાનગી વગર ગેરકાયદેસર રીતે તેના ઘરમાં ઘૂસી ગયો હતો. ઘરમાં અપપ્રવેશ કર્યા બાદ આરોપીએ ઉશ્કેરાઈ જઈને યુવતીનો મોબાઈલ ફોન તોડી નાખ્યો હતો અને તેની સાથે જોરજુલમ તેમજ ઝપાઝપી કરી હતી. આ હિંસક ઝપાઝપી દરમિયાન યુવતીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પણ પહોંચી હતી.

પીડિતાએ પોલીસ સમક્ષ કરેલા ગંભીર આક્ષેપો મુજબ, આ નરાધમે તેની લાચારીનો લાભ ઉઠાવી અગાઉ પણ તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધો બાંધી દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહીં, જો આ બાબતે તે કોઈને કશું કહેશે તો તેને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવતી હતી. આ ઘટનાને પગલે ભયભીત થયેલી યુવતીએ અંતે પોલીસનો આશરો લીધો હતો. ભુજ પોલીસે ભોગ બનનાર યુવતીની ફરિયાદના આધારે આરોપી મહેશ મહેશ્વરી સામે અપપ્રવેશ, મારપીટ, તોડફોડ, દુષ્કર્મ અને જાનથી મારી નાખવાની ધમકી સહિતની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ભુજ અને મુંદરામાં વરલી મટકાનો જુગાર રમતા બે પકડાયા

ભુજ – કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે પોલીસે આદરેલી ઝુંબેશ અંતર્ગત ભુજ અને મુંદરા શહેરમાંથી આંકડાનો જુગાર રમાડતા બે શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા છે. જુદી જુદી જગ્યાએ કરવામાં આવેલી આ ત્વરિત કાર્યવાહીમાં પોલીસે સંયુક્ત રીતે કુલ રૂપિયા ૧,૫૦૦ની રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રથમ દરોડો ભુજ શહેરના સોનીવાડ ગલી વિસ્તારમાં પાડવામાં આવ્યો હતો. સ્થાનિક પોલીસની ટીમે બાતમીના આધારે અહીં ઓચિંતી તપાસ હાથ ધરતાં આરોપી આમદ જુણસ કુંભાર નામનો શખ્સ જાહેરમાં 'શ્રીદેવી બજાર' નામના વરલી મટકાના આંકડા પર લોકો પાસેથી પૈસા વસૂલી જુગાર રમાડતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસે તુરંત જ તેની અટકાયત કરી તેની અંગઝડતી લેતાં કબજામાંથી જુગારના સાહિત્ય સહિત કુલ રૂપિયા ૯૦૦ની રોકડ રકમ મળી આવી હતી, જે પોલીસે જપ્ત કરી છે. બીજી કાર્યવાહી મુંદરા શહેરના વાલ્મીકિવાસ વિસ્તારમાં કરવામાં આવી હતી. મુંદરા પોલીસને મળેલી પૂર્વ બાતમીના આધારે આજે બપોરે વાલ્મીકિવાસમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન આંકડાનો જુગાર રમાડતો એક સ્થાનિક શખ્સ પોલીસના હાથે આબાદ ઝડપાઈ ગયો હતો. પોલીસે તલાશી લેતા આરોપીના કબજામાંથી જુગારના કટિંગ્સ અને રૂપિયા ૬૦૦ની રોકડ રકમ મળી આવતા તે મુદ્દામાલ તરીકે જપ્ત કરવામાં આવી હતી. આ બંને મામલે સંબંધિત પોલીસ મથકોમાં જુગાર ધારાની કલમો હેઠળ ગુના નોંધીને પકડાયેલા શખ્સો વિરુદ્ધ આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# માધાપરની મહિલાના પાકીટમાંથી દાગીના અને રોકડ સહિત ૬૫ હજારની ચોરી

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના માધાપર ગામમાં ખરીદી અર્થે નીકળેલા એક મહિલાના પાકીટમાંથી તસ્કરો નજર ચૂકવીને સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૬૫,૦૦૦ની મતા સરી કરી ગયા હોવાનો બનાવ માધાપર પોલીસ મથકે નોંધાયો છે. મૂળ માધાપરના રહેવાસી ફરિયાદી મીણાબેન જેઠાભાઈ રબારી રવિવારની સાંજે ઘરવખરી અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે આ બજારમાં ગયા હતા. તેમણે પોતાના પર્સમાં રૂપિયા ૧૫,૦૦૦ની રોકડ તેમજ નાના બાળકના હાથમાં પહેરવાની સોનાની બે પોચી અને રુદ્રાક્ષના મણકા જડેલી ચાંદીની એક પોચી સુરક્ષિત રીતે મૂકી રાખી હતી. ભીડભાડનો લાભ ઉઠાવી કોઈ અજાણ્યો ખિસ્સાકાતરૂ નજર ચૂકવીને આ મતા ચોરી ગયો હોવાનું તેમને જણાઈ આવતા બનાવ અંગે બજાર વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા, પરંતુ ભીડ વધુ હોવાના કારણે હજુ સુધી ચોર ઈસમ અંગે કોઈ સચોટ કડી કે સગડ મળી શક્યા નથી. આ મામલે માધાપર પોલીસે ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા માટે જુદી જુદી દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# માનકુવાના આત્મહત્યા અને એટ્રોસિટી કેસમાં આરોપીના જામીન મંજુર

ભુજ - કચ્છઉદય : ભુજની સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટે માનકુવાના ચકચારી આત્મહત્યા અને એટ્રોસિટીના ગુનામાં આરોપી અલ્તાફ આધમ બાફણને જામીન મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આ કેસની વિગત મુજબ, ફરિયાદી ભાવેશ કાનજી મહેશ્વરીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે આરોપીએ મૃતક અનુસૂચિત જાતિના હોવાનું જાણવા છતાં તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા માટે મજબૂર કર્યા હતા, જેના પગલે માનકુવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. બંને પક્ષોની ધારદાર દલીલો સાંભળ્યા બાદ ભુજના સ્પેશિયલ એટ્રોસિટી જજ અને અધિક સેશન્સ જજે આરોપી અલ્તાફ આધમ બાફણની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરી તેને મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં આરોપી તરફથી એડવોકેટ કે.પી. ગઢવીએ દલીલ કરી હતી.

# ભુજમાં ચેક રિટર્ન થવાના કેસમાં આરોપીને એક વર્ષની કેદ

ભુજ - કચ્છઉદય : સંબંધોના નાતે જરૂરિયાતના સમયે ઉછીની લીધેલી રકમ પરત કરવા માટે આપવામાં આવેલો દોઢ લાખ રૂપિયાનો ચેક બેંકમાંથી બાઉન્સ થવાના ચકચારી કેસમાં અદાલતે આરોપીને તકસીરવાન ઠેરવી એક વર્ષની જેલની સજા અને ફરિયાદીને ચેક મુજબની પૂરેપૂરી રકમ વળતર પેટે ચૂકવવાનો આદેશ કર્યો છે. આ કેસની વિગતો મુજબ, ફરિયાદી હંસાબેન મનજી હાલાઈ પાસે આરોપી ગૌતમ દેવચંદ વેલાણીએ સંબંધોના દાવે નાણાકીય જરૂરિયાત ઊભી થતાં ઉછીની રકમ લીધી હતી. આ રકમના વ્યવહાર પેટે આરોપીએ એપ્રિલ-૨૦૨૧માં ફરિયાદી મહિલાને રૂપિયા દોઢ લાખનો ચેક લખી આપ્યો હતો. જો કે, હંસાબેને જ્યારે આ ચેક વગર વસૂલાતે પરત ફર્યો હતો. આ અંગે કાયદાકીય નોટિસ આપવા છતાં આરોપી દ્વારા રકમ ન ચૂકવાતા આખરે કોર્ટમાં નેગોશિયેબલ ધારા હેઠળ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસની ન્યાયિક સુનાવણી અત્રેના બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલત સમક્ષ હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન બન્ને પક્ષોના ધારાશાસ્ત્રીઓની ધારદાર દલીલો, મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ અને સાક્ષીઓની જુબાનીઓને કોર્ટે રેકોર્ડ પર લીધી હતી. અદાલતે તમામ કાનૂની પાસાંઓ અને રજૂ કરાયેલા સબળ પુરાવાઓને ગ્રાહ્ય રાખી આરોપી ગૌતમ વેલાણીને ગુનેગાર જાહેર કર્યો હતો. ન્યાયાધીશે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારવાની સાથે ફરિયાદી હંસાબેનને ચેક મુજબની રકમ એટલે કે રૂપિયા ૧,૫૦,૦૦૦ વળતર તરીકે ચૂકવી આપવાનો આદેશ કર્યો છે. આ કેસમાં ફરિયાદી પક્ષ વતી મુખ્ય વકીલ આર.એસ. ગઢવી સાથે સહયોગી ધારાશાસ્ત્રીઓ વિનિત જી. ચૌધરી, વિશ્વા એન. પરમાર અને શિવમ બી. સોલંકીએ હાજર રહીને દલીલો કરી હતી.

પીર સૈયદ તાજ મોહમ્મદ બાપુ ની તરફ થી આપ સૌને ઈદ ઉલ અઝહા ની ખુબ ખુબ મુબારક બાદ ...
તમામ કચ્છ વાસીયો તમામ મુરીદ ને આ પવિત્ર ઈદ ઉલ અઝહા આપણાં બધાંના જીવનમાં સુખ, શાંતિ, બરકત, તંદુરસ્તી અને આપસી મહેરબાની લાવે, અલ્લાહ તઆલા આપણા ઈબાદત, કુર્બાની અને દુઆઓ કબુલ કરે. આમીન
આસતાના એ પીર પડેલશાહ
પાગારા દરગાહ શરીફ
જુના કટારીયા, તા. ભચાઉ.

પાંચમી વાર્ષિક ભાવાંજલિ
કચ્છ, કચ્છીયત અને કચ્છીઓના હિતોની હંમેશા રક્ષા કરનાર એવા કચ્છના મહાન વિર મહારાવશ્રી પ્રાગમલજી સાહેબ ત્રીજાને અમારી હૃદયપૂર્વક ભાવાંજલિ...
નામદાર
મહારાઓશ્રી પ્રાગમલજી ત્રીજા
જન્મ: ૨૫-૦૫-૧૯૩૬, સ્વ: ૨૮-૦૫-૨૦૨૧
માવજીભાઈ જીવાભાઈ છાંગા
ધાણેટી, તા.ભુજ-કચ્છ.

પાંચમી વાર્ષિક ભાવાંજલિ
કચ્છ, કચ્છીયત અને કચ્છીઓના હિતોની હંમેશા રક્ષા કરનાર એવા કચ્છના મહાન વિર મહારાવશ્રી પ્રાગમલજી સાહેબ ત્રીજાને અમારી હૃદયપૂર્વક ભાવાંજલિ...
નામદાર
મહારાઓશ્રી પ્રાગમલજી ત્રીજા
જન્મ: ૨૫-૦૫-૧૯૩૬, સ્વ: ૨૮-૦૫-૨૦૨૧
• રવીન્દ્ર મણીલાલભાઈ સંઘવી • જીતેન્દ્ર ધારશીભાઈ શાહ-ભુજ
• દિપસિંહ ગોડજીભા ઝાલા-ભુજ

|| જયશ્રી દેવલમા ||
|| જય લક્ષ્મીનારાયણ || || જયશ્રી ગણેશાય નમઃ ||
કૃષ્ણ જન્મોત્સવ
નિમંત્રણ
તા.૨૯/૫/૨૦૨૬ ને શુક્રવાર
સમય સવારે : ૮.૩૦ થી ૧૨.૩૦
શ્રી ભગવાન લક્ષ્મીનારાયણની કૃપા અને મા ઉમીયાના આર્શીવાદથી વરજડી દેવલમા મંદિર દેવલધામમાં માતૃશ્રી મણીબેન કરમશી પચાણ માવાણી પરિવારના મુખ્ય યજમાન પદે અને સહયોગી યજમાન મણીલાલ કેસરા માવાણી, ઈશ્વરલાલ શામજી ભીમાણી, ભવાનજી લાલજી માવાણી, જયંતીલાલ માવજી ભગત અને પ્રકુલ લખમશી હરપાણીના યજમાન પદે વકતા શ્રી નાનાલાલ રાજયગુરૂ (મઉંવાવાળા)ની વ્યાસગાદીએ અને શાસ્ત્રીશ્રી કૌશીક એમ. જોષીના આચાર્ય પદે ચાલતી શ્રીમદ્ ભાગવત કથામાં ઉજવાનારા શ્રી કૃષ્ણ જન્મોત્સવમાં ધર્મપ્રેમી જનતાને પધારવા ભાવભર્યુ નિમંત્રણ.
-:: સ્થળ ::-
દેવલમા મંદિર દેવલધામ, વરજડી, તા.માંડવી (કચ્છ)
-:: નિમંત્રક ::-
શ્રીમદ્ ભાગવત કથા યજમાન પરિવાર
દેવલધામ વરજડી, તા.માંડવી-કચ્છ.

પાંચમી વાર્ષિક ભાવાંજલિ
કચ્છ, કચ્છીયત અને કચ્છીઓના હિતોની હંમેશા રક્ષા કરનાર એવા કચ્છના મહાન વિર મહારાવશ્રી પ્રાગમલજી સાહેબ ત્રીજાને અમારી હૃદયપૂર્વક ભાવાંજલિ...
નામદાર મહારાઓશ્રી પ્રાગમલજી ત્રીજા ઓફ કચ્છ
વિપુલભાઈ દવે
રૂદ્રાણીબેન વિપુલભાઈ દવે - દેવવ્રતભાઈ વિપુલભાઈ દવે

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

PGVCL

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમિટેડ નાના માવા મેન રોડ-રાજકોટ CIN: U40102GJ 2003 SGC042908
ગાંધીધામ વિભાગીય કચેરી,રામબાગ રોડ, આનંદમાર્ગ સ્કુલની બાજુમાં ડી.સી.-૨ ગાંધીધામ

### વીજપૂરવઠો બંધ રહેવા અંગેની જાહેર નોટીસ

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનુ કે વીજ લાઈન ઉપર ફીડર અગત્યની મેન્ટેનન્સની કામગીરી કરવાની હોવાથી નીચેના જણાવેલ વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ રહેશે. ૦૬:૦૦ થી ૧૪:૦૦ બંધ રહેશે.

વીજ વિક્ષેપ ફરિયાદ નિવારણ નોધવા માટે પેટા વિભાગીય કચેરી ફોલ્ટ સેન્ટર નં.-

- આદિપુર- ૯૬૮૭૬૩૩૬૪૬, ૦૨૮૩૬-૨૬૦૧૨૩
- રામબાગ- ૯૯૭૮૯૩૬૨૭૯
- ગાંધીધામ- ૯૮૭૯૨૦૨૨૬૩, ૦૨૮૩૬-૨૨૧૭૨૮
- કાસેઝ- ૯૮૭૯૨૦૨૨૮૮,૦૨૮૩૬-૨૫૨૧૧૧

| તારીખ | ૧૧ કે.વી. | સમાવેશ થતો વિસ્તાર |
|---|---|---|
| ૩૦-૦૫-૨૦૨૬ | પરશુરામ જે.જી.વાય. | રોયલ કૃષ્ણા, ઓમ રેસીડેન્સી, રાજનગર, રવેચીનગર, ગોપાલનગર, શ્રીનાથજી પાર્ક, અર્બુદા સોસાયટી, પરશુરામધામ સોસાયટી, જલારામનગર તેમજ ફિડરમાં આવતો તમામ વિસ્તાર. |

કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગાંધીધામ

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને
બકરી ઈદની મુબારકબાદી
અસ્લમ મામદભાઈ તુર્ક
સરપંચશ્રી પ્રતિનિધિ,
ધ્રબ ગ્રામ પંચાયત

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરાને ઈદ ઉલ અઝહાની તહેદીલ થી મુબારક બાદી
પીર સૈયદ મોહમદ રફીક ગુલાબશા
હાજી નુરમામદ હાજી ઈબ્રાહિમ જીંગ્યા (એકલશેઠ)
:: ખારીરોહર મુસ્લીમ જમાત ::
• મેન પટેલ - મામદ હાજી સુમાર નિંગામરા
• આમદ હાજી હારૂ શાંખ (પટેલ)
• અકબર હાસમ જીંગ્યા (પટેલ)
• યાકુબ મીઠા સોતા (પટેલ)
• આદમ નુરમામદ ટાંક (પટેલ)
• ઈબ્રાહિમ સુલેમાન સાયચા (પટેલ)
• અકબર ઈલીયાસ છરેચા (પટેલ)
• ડાડા અભા પરાડ (પટેલ)
• હુસેન હસન હાજી નિંગામરા (પટેલ)
• ઈબ્રાહિમ સિદ્ધીક પઠાણ (પટેલ)
• હુસેન ઈસ્માઈલ બુચડ (પટેલ)

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી
નામદાર
મહારાઓશ્રી પ્રાગમલજી ત્રીજા
જન્મ: ૨૫-૦૫-૧૯૩૬, સ્વ: ૨૮-૦૫-૨૦૨૧
કચ્છ, કચ્છીયત અને કચ્છીઓના હિતોની હંમેશા રક્ષા કરનાર એવા કચ્છના મહાન વિર મહારાવશ્રી પ્રાગમલજી સાહેબ ત્રીજાને અમારી હૃદયપૂર્વક ભાવાંજલિ...
પ્રબોધભાઈ મુનવર
માનવજ્યોત
ભુજ-કચ્છ.

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરોને
બકરી ઈદની
મુબારક બાદી
સૈયદ હાજી સહાબુદ્દિન હયાતશાહ
સૈયદ હાજી તાલીબહુસેન હાજી સહાબુદ્દિન
સૈયદ હાજી હાસનસાહ હાજી સહાબુદ્દિન
સૈયદ અનવરશાહ હાજી સહાબુદ્દિન
મીરાં કાર્ગો હેન્ડલિંગ • મીરાં લોજીસ્ટીક • એમ.એસ. એન્ટરપ્રાઈઝ

બકરી ઈદની મુબારકબાદી
સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરાને ઈદ ઉલ અઝહાની
તહેદીલ થી મુબારક બાદી
અલ્લાહ કા એક બંદા

# અબડાસા વિસ્તારમાં ખાતર, આરોગ્ય અને શિક્ષણ સુવિધાઓ મુદ્દે ધારાસભ્ય પ્રધુમનસિંહ જાડેજાની ગાંધીનગરમાં રજૂઆત







નખત્રાણા - કચ્છઉદય : અબડાસા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા દ્વારા સચિવાલય, ગાંધીનગર ખાતે વિસ્તારના ખેડૂતો, ગ્રામ્ય આરોગ્ય અને શિક્ષણ સંબંધિત પ્રશ્નોને લઈને રાજ્ય સરકાર સમક્ષ મહત્વપૂર્ણ રજૂઆતો કરવામાં આવી હતી.

ધારાસભ્યે પ્રથમ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને મળી અબડાસા સહિત વિસ્તારમાં ખેડૂતોને પૂરતા પ્રમાણમાં યુરિયા તથા ડીએપી ખાતર ઉપલબ્ધ થાય તે માટે જરૂરી જથ્થો ફાળવવા રજૂઆત કરી હતી. ખેતીની સિઝનમાં ખાતરની અછત ન સર્જાય અને ખેડૂતોને સમયસર જરૂરી ખાતર સરળતાથી મળી રહે તે માટે મંત્રી સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાને મળી વિસ્તારના આરોગ્ય સંબંધિત પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી આ પ્રસંગે અબડાસા તાલુકાના સાંધાણ ગામે તથા લખપત તાલુકાના સારણ ગામે નવી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ડૉક્ટરોની ઘટ દૂર કરવા જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. ઉપરાંત ધારાસભ્યે શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાને મળી વિસ્તારમાં નવી માધ્યમિક શાળાઓ મંજૂર કરવા તેમજ શિક્ષણ વિભાગ સંબંધિત વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર અને સુલભ શિક્ષણ મળી રહે તે માટે શિક્ષણ સુવિધાઓના વિસ્તરણ, શૈક્ષણિક માળખાકીય સુવિધાઓ અને જરૂરી વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા જરૂરી માંગણીઓ પણ રજૂ કરવામાં આવી હતી. ધારાસભ્યે ખેડૂતો, વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર સમક્ષ સતત રજૂઆત કરવામાં આવી રહી છે અને લોકોના હિતને પ્રાથમિકતા આપી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પ્રયાસ કરવામાં આવશે.

## ભક્તિ અને શ્રદ્ધાના માહોલમાં સત્યનારાયણ મંદિરનો ૧૦૪મો પાટોત્સવ સંપન્ન

મુંદરા - કચ્છઉદય : ઓશવાળ શેરી ખાતે આવેલ સત્યનારાયણ મંદિરમાં વૈશાખ વદ બીજના પાવન અવસરે ૧૦૪મા પાટોત્સવની પરંપરાગત અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સત્યદેવ પરિવાર, સત્યનારાયણ ભગવાનના ભક્તો તેમજ ઓશવાળ શેરી મિત્ર મંડળના સહયોગથી યોજાયેલા આ ધાર્મિક મહોત્સવે સમગ્ર વિસ્તારને ભક્તિમય બનાવી દીધો હતો. આ પ્રસંગે ભગવાન સત્યનારાયણના કેશર સ્નાન, ધ્વજારોહણ, વિશેષ તિલક શણગાર, પલના મહોત્સવ, રાજભોગ, સૂકામેવા મનોરથ, વિષ્ણુ પૂજન, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવસભર મંદિરમાં ભક્તોની ભારે અવરજવર જોવા મળી હતી અને ભાવિકોએ ઉત્સાહભેર દર્શન-પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા.ભગવાનની ધ્વજા તથા વસ્ત્રોના શૃંગાર માટે શારદાબેન કૃષ્ણકાંત ભટ્ટ પરિવાર (અંજાર), ઉર્મિલાબેન ધનજીભાઈ રાઉ તથા હિરલબેન પટેલે સેવા આપી હતી. કલ્પનાબેન વ્યાસ પરિવાર તેમજ મંજુબેન મનજીભાઈ ચૌહાણ, દિલીપભાઈ રામૈયા અને વંદનાબેન વિજયભાઈ પરમાર દ્વારા પલના અને રાજભોગ મનોરથની સેવાઓ કરવામાં આવી હતી.

# કચ્છમાં પ્રથમવાર સાત દિવસીય શ્રી વેદલક્ષણા ગો યાગનું આયોજન

**૪ હજારથી વધુ ગાયોના સાનિધ્યમાં યોજાશે મહાયજ્ઞ : લંપી રોગમાં મૃત્યુ પામેલા ગોવંશના આત્મકલ્યાણ અને પ્રકૃતિ રક્ષાના ઉમદા હેતુ સાથે યોજનાર આ ધાર્મિક મહોત્સવમાં સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળશે**

ભુજ - કચ્છઉદય : કચ્છના ભૂમિ પર આગામી તારીખ ૨ થી ૮ જૂન સુધી એક અભૂતપૂર્વ અને પુણ્યદાયી ધાર્મિક શ્રી વેદલક્ષણા ગો યાગનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ગો સેવા ગતિવિધિ કચ્છના માર્ગદર્શન હેઠળ ગોરસીયા સેવા ફાઉન્ડેશન-બળદીયા અને માધાપરના ગિરધરભાઈ પિંડોરીયા પરિવાર દ્વારા આ ભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે. કેરાથી મુન્દ્રા તરફ જતાં ચાર કિલોમીટર દૂર આવેલા ગોરસીયા સેવા ફાઉન્ડેશન સંચાલિત નિરણ કેન્દ્ર ખાતે આ યજ્ઞ સંપન્ન થશે. કચ્છમાં માત્ર ગોવંશને કેન્દ્રમાં રાખીને થતું આ પ્રથમ આયોજન હોવાનું માનવામાં આવે છે.

આ યજ્ઞનો મુખ્ય હેતુ સમગ્ર ગોવંશની સુખાકારી, સંરક્ષણ અને સંવર્ધન સાથે પ્રકૃતિની રક્ષા અને પર્યાવરણની શુદ્ધિ કરવાનો છે. ખાસ કરીને લંપી રોગ જેવી મહામારીમાં કાળનો કોળિયો બનેલા અસંખ્ય પશુધનના આત્મકલ્યાણના સાત્વિક સંકલ્પ સાથે આ સપ્ત દિવસીય મહાયજ્ઞ યોજાઈ રહ્યો છે. યજ્ઞશાળામાં વેદોક્ત મંત્રોચ્ચાર, ગોસૂક્ત અને ચતુર્વેદ પારાયણના નિત્ય પાઠ થશે, જેનું સંચાલન ભુજના જાણીતા કથાકાર અને ગૌભક્ત શાસ્ત્રી જયદીપભાઈ વ્યાસ દ્વારા મુખ્ય આચાર્ય તરીકે કરવામાં આવશે.

આ આયોજનની વિશેષતા એ છે કે યજ્ઞમાં બેસનારા યજમાનોની પસંદગી સમગ્ર કચ્છમાંથી કરવામાં આવી છે, જેમાં માલધારી પરિવારો અને અનુસૂચિત જાતિના પરિવારોનો પણ સમાવેશ થાય છે, જેમને આ નિઃશુલ્ક લાભ આપવામાં આવશે, જે સામાજિક સમરસતાનું સુંદર દ્રષ્ટાંત પૂરું પાડશે. તમામ યજમાનો સાતેય દિવસ કઠોર નિયમોનું પાલન કરશે. આ ઉપરાંત, આ સમગ્ર યજ્ઞ પ્લાસ્ટિક મુક્ત રાખવામાં આવ્યો છે અને યજ્ઞ મંડપ બનાવવામાં લોખંડની ખીલીઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો નથી, જે સંપૂર્ણપણે શાસ્ત્રોક્ત પદ્ધતિ મુજબ વાંસ અને લાકડામાંથી નિર્મિત છે.

આશરે ૨૫ એકરના વિશાળ વિસ્તારમાં યોજાનારા આ યજ્ઞના સાનિધ્યમાં ઉનાળાના કપરા કાળમાં સ્થળાંતર કરીને આવેલા માલધારીઓની આશરે ૪ હજાર જેટલી ગાયોનું નિત્ય દર્શન થશે. દર્શનાર્થીઓ માટે ગોવ્રતિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ગાય આધારિત ખેતીના અનાજ અને દેશી ગાયના શુદ્ધ ઘી-દૂધ-છાશનો ઉપયોગ થશે. આ કાર્યક્રમમાં સાધુ-સંતો, સામાજિક-રાજકીય અગ્રણીઓ તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ગો સેવા ગતિવિધિના રાષ્ટ્રીય પ્રશિક્ષણ પ્રમુખ કે.ઈ.એન. રાઘવનજી પણ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. યજ્ઞ દરમિયાન પ્રદક્ષિણા કરનાર દર્શનાર્થીઓના ઓરા માપણીનું નિદર્શન પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જોડાવા માટે કચ્છના તમામ ગોપ્રેમીઓને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અધિક માસમાં "ટોપરૂ સાંકર"ની અનોખી પરંપરા આજે પણ જીવંત

**બહેન-ભાઈના સ્નેહ, સંસ્કાર અને શ્રદ્ધાનું પ્રતિક**



ભુજ - કચ્છઉદય : ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવાર અને ધાર્મિક પ્રસંગ પાછળ કોઈને કોઈ સામાજિક અને આધ્યાત્મિક સંદેશ રહેલો હોય છે. તેવી જ રીતે દર ત્રણ વર્ષે આવતો અધિક માસ, જેને પુરૂષોત્તમ માસ તરીકે પણ ઓળખવામાં આવે છે, હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર અને પુણ્યદાયક માનવામાં આવે છે. આ માસ દરમિયાન ભજન, કીર્તન, દાન - પુણ્ય, ઉપવાસ, ધાર્મિક પાઠ અને વિવિધ પરંપરાઓનું વિશેષ મહત્વ રહેલું છે.

આજના આધુનિક યુગમાં અનેક પરંપરાઓ ધીમે ધીમે ઓસરતી જઈ રહી છે, છતાં કચ્છ - સૌરાષ્ટ્ર અને ગુજરાતના અનેક વિસ્તારોમાં 'ટોપરૂ સાંકર" આપવાની પરંપરા આજે પણ જીવંત જોવા મળે છે. આ પરંપરા ખાસ કરીને બહેન અને ભાઈના સ્નેહ સાથે જોડાયેલી છે અને તેમાં લાગણી, આશીર્વાદ અને સંસ્કારનો અનોખો સંગમ જોવા મળે છે. અધિક માસ દરમિયાન બહેન પોતાના ભાઈના ઘરે "ટોપરૂ" લઈને જાય છે. ટોપરૂ સામાન્ય રીતે નાળિયેર, સુકા મેવાં, મીઠાઈ, ઘઉં, દાળ, વસ્ત્રો અથવા ધાર્મિક પ્રસાદથી સજાવવામાં આવે છે. કેટલીક જગ્યાએ સુંદર રીતે શણગારેલું ટોપલું તૈયાર કરવામાં આવે છે, જેને "ટોપરૂ" કહેવામાં આવે છે. બહેન ટોપરૂ ભાઈને અર્પણ કરી પરિવારના સુખ - સમૃદ્ધિ અને કલ્યાણ માટે શુભેચ્છા પાઠવે છે. તેના બદલામાં ભાઈ બહેનને "સાંકર" સ્વરૂપે ભેટ, વસ્ત્ર, દક્ષિણા અથવા આશીર્વાદરૂપ સહાય આપે છે. આ પરંપરા માત્ર આપલેનો વ્યવહાર નથી, પરંતુ પારિવારિક સંબંધોને વધુ મજબૂત બનાવતી ભાવનાત્મક કડી છે. ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ બહેનો આ પ્રસંગને ખૂબ આદર અને ઉત્સાહથી ઉજવે છે. પરિવારમાં સ્નેહ અને એકતાનો સંદેશ આપતી આ પરંપરા નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ સાથે જોડવાનું કાર્ય પણ કરે છે.

ધાર્મિક માન્યતા મુજબ પુરૂષોત્તમ માસમાં કરાયેલ દાન અને સેવા અનેકગણું ફળ આપે છે. તેથી બહેન દ્વારા અપાતું ટોપરૂ શુભતા અને પુણ્યનું પ્રતિક માનવામાં આવે છે. વડીલો કહે છે કે આ પરંપરા સંબંધોમાં પ્રેમ, માન અને પરસ્પર જવાબદારીની ભાવના મજબૂત બનાવે છે. આજના ટેક્નોલોજી યુગમાં જ્યાં સંબંધોમાં ઔપચારિકતા વધી રહી છે, ત્યાં આવી પરંપરાઓ પરિવારને એકસાથે બાંધવાનું કાર્ય કરે છે. અધિક માસમાં "ટોપરૂ સાંકર" જેવી પરંપરા આપણા સમાજની સંસ્કૃતિ, લાગણી અને આધ્યાત્મિક વારસાની જીવંત ઓળખ છે.

# અમદાવાદ પ્લેન ક્રેશ સ્થળે બનશે નવું હોસ્ટેલ-મેસ કોમ્પ્લેક્સ

## આરોગ્ય વિભાગે રૂ.૩૪ કરોડથી વધુના ખર્ચને આપી મંજૂરી, ૧૨ જૂને થઈ શકે સત્તાવાર જાહેરાત

ભુજ - કચ્છઉદય : અમદાવાદ સિવિલ હોસ્પિટલ પાસે પ્લેન ક્રેશના કારણે નુકસાન પામેલા સુપર સ્પેશિયાલિટી હોસ્ટેલ બ્લોક અને મેસના સ્થાને હવે નવા આધુનિક બાંધકામ માટે રાજ્ય સરકારે મંજૂરી આપી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આ પ્રોજેક્ટ માટે રૂ.૩૪.૩૪ કરોડની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવી છે, જ્યારે સમગ્ર પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ રૂ.૫૧ કરોડ સુધી પહોંચી શકે છે.

સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન નવા હોસ્ટેલ બ્લોક અને મેસ બિલ્ડિંગનું બાંધકામ હાથ ધરાશે. આ પ્રોજેક્ટને લઈને ૧૨ જૂનના રોજ પ્લેન ક્રેશ ઘટનાની વરસી નિમિત્તે સત્તાવાર જાહેરાત કરવામાં આવે તેવી ચર્ચા છે.

આ છે સરકાર દ્વારા નક્કી કરાયેલી મુખ્ય શરતો બાંધકામની તમામ કામગીરી માટે વિભાગ દ્વારા તાત્કાલિક પ્રશાસનિક મંજૂરી સાથે એસઓઆર મુજબના નકશા અને અંદાજ તૈયાર કરાશે. બાંધકામ પીડબલ્યુડી મેન્યુઅલ અને સરકારી માર્ગદર્શિકા મુજબ જ કરવાનું રહેશે. જમીન સંપાદનની જરૂરિયાત ઉભી થાય તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

બાંધકામ દરમિયાન પર્યાવરણ વિભાગ તથા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી ફરજિયાત રહેશે. બાંધકામ માટે જરૂરી અન્ય કાયદેસરની મંજૂરીઓ પણ અગાઉથી લેવાની રહેશે. પ્રોજેક્ટના કામમાં કોઈપણ પ્રકારનો વિલંબ ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે. હોસ્પિટલની કામગીરી અને દર્દીઓની સુવિધા પર અસર ન પડે તે રીતે કામ પૂર્ણ કરવાનું રહેશે. જો કોઈ લિટિગેશન અથવા જાહેર હિતની અરજી થાય તો તેની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે. સુરક્ષા એજન્સીઓ અને ફાયર સેફ્ટીના નિયમોનું કડક પાલન કરવાનું રહેશે. બાંધકામ પૂર્ણ થયા બાદ ગુણવત્તા ચકાસણી અને ટેક્નિકલ ઓડિટ કરાવવાનું રહેશે. પ્રોજેક્ટ માટે વધારાની ગ્રાન્ટ અથવા ખર્ચની માંગણી માટે ફરી સરકારની મંજૂરી લેવી પડશે. નક્કી કરેલી સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવાનું રહેશે. સરકારના આ નિર્ણયથી મેડિકલ વિદ્યાર્થીઓ માટે વધુ આધુનિક અને સુરક્ષિત રહેઠાણ સુવિધા ઉભી થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# કચ્છ કલેકટરે લખપત ગુરૂદ્વારાની મુલાકાત લીધી



નખત્રાણા - કચ્છઉદય : કચ્છ જિલ્લાના નવનિયુક્ત કલેકટર અનિલકુમાર રાણવરિયાએ આજે લખપત ખાતે આવેલા ગુરૂદ્વારા સાહેબના સ્થાનકની મુલાકાત લીધી હતી. તેમણે ગુરૂ સાહેબના દર્શન કર્યા હતા. ગુરૂદ્વારાના પ્રમુખ રાજુભાઈ સરદારે કલેકટરશ્રીનું સ્મૃતિચિન્હ આપી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અને ગુરૂદ્વારાના ઈતિહાસથી વાકેફ કર્યા હતા. ઉપરાંત સરકારના પ્રવાસન વિભાગ યાત્રાધામ દ્વારા ચાલતા વિકાસકામોની માહિતી આપી હતી. આ મુલાકાતમાં મામલતદાર નવીનભાઈ મારૂ, સરપંચ ખલીફાભાઈ, લિયાકત અલી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સેવાના પર્યાય સમાન જયશ્રીબેન હાથીનો આજે જન્મદિવસ



ભુજ - કચ્છઉદય :હાટકેશ અંબિકા મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન સંજયભાઈ હાથીને જન્મદિવસે કચ્છઉદય પરિવાર શુભેચ્છાઓ સાથે હાટકેશ દાદા અને મા અંબિકાના આશીર્વાદ તેમના પર સદાય વરસતા રહે તેવી મનોકામના વ્યક્ત કરે છે. જરૂરિયાત મંદ કોઈ પણ વિદ્યાર્થી ભાઈ બહેનોને પાઠ્યપુસ્તક વિતરણ અને જરૂરિયાતમંદ પરિવારોની જીવનની જરૂરિયાતની વસ્તુઓ પ્રદાન કરવા માટે જયશ્રીબેનનું ખૂબ જ મોટું યોગદાન છે. અને એ એમના જીવનનું ખાસ મિશન છે. તેઓ અત્યંત વિનમ્ર અને મૂંગા મોઢે સતત સેવાને જીવનમંત્ર બનાવનાર વ્યક્તિ છે. તેવો આ ઉપરાંત હાટકેશ અંબિકા મહિલા મંડળના પ્રમુખ, હાટકેશ સેવા મંડળના પીઢ સભ્ય અને સંસ્કૃત પાઠશાળાના સક્રિય કાર્યકર્તા પણ છે. તેમના જન્મદિવસે વડનગરા નાગર વ્યવસ્થાપક મંડળના પ્રમુખ અતુલભાઈ મહેતા, નાગર મંડળના પ્રમુખ નીલભાઈ હાથી, નાગર મહિલા મંડળના પ્રમુખ બંસરીબેન ધોળકિયા, મહિલા અગ્રણીઓ મંદાબેન પટણી, તૃષાબેન વૈદ્ય, જ્યોતિબેન ભટ્ટ, અગ્રણીઓ દર્શકભાઈ અંતાણી, ઉર્મિલભાઈ હાથી, ભૌમિકભાઈ વછરાજાની, રૂચિરભાઈ વૈષ્ણવ, સેવા મંડળના પ્રમુખ વિભાકરભાઈ અંતાણી, વત્સલાબેન શુક્લ, તુષારભાઈ ધોળકિયા, હેમાંશુભાઈ અંતાણી, વારિશભાઈ પટણી, અક્ષયભાઈ અંતાણી, અવિનાશભાઈ વૈદ્ય, કનુભાઈ વ્યાસ, કેતનભાઈ પંડિત, રાજીવભાઈ મહેતા, નેહલભાઈ પટણી, મિહિરભાઈ પટણી, અશિતભાઈ અંતાણી, આશાબેન સ્વાદીયા, દર્શનાબેન મુનશી, જીતેન્દ્રભાઈ છાયા, રાજીવભાઈ મહેતા, આશિષ વૈદ્ય, લ્યુનાબેન વૈદ્ય, કિશોરભાઈ મચ્છર, તેજનબેન જાની વગેરે દ્વારા તેમને શુભેચ્છા આપી અને સેવાના વિવિધ કાર્યો યોજાઈ રહ્યા છે.

## ભુજની કે.કે. પટેલ હોસ્પિટના દાતા પરિવારે માતૃભૂમિ બાદ હવે કર્મભૂમિની સેવા

# કેન્યામાં કે. કે. પટેલ પરિવારે ત્રણ નવી શાળાઓનું નિર્માણ કર્યું

**શિક્ષણ અને માનવકલ્યાણ ક્ષેત્રે 'કે સોલ્ટ' પરિવારનો નવો સંકલ્પ : આગામી સમયમાં દર વર્ષે બેથી ત્રણ શાળાઓનું નિર્માણ કરવાનો નિર્ધાર**

ભુજ - કચ્છઉદય : દાયકાઓ સુધી માતૃભૂમિ કચ્છ માટે ઉદાર હાથે દાનની સરવાણી વહાવનાર કચ્છી પરિવારોએ હવે પોતાની કર્મભૂમિ પ્રત્યેના ઋણ અદા કરવાનું નક્કી કર્યું છે. સામત્રા કોમ્યુનિટીના સક્રિય યોગદાન હેઠળ અત્યાર સુધીમાં ૪૦ જેટલી શાળાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, ત્યારે હવે કેન્યામાં કાર્યરત કે. કે. પટેલ પરિવારે ત્યાંના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણનો પ્રકાશ પાથરવાનો મોટો સંકલ્પ લીધો છે. મૂળ સામત્રાના વતની અને કેન્યા સ્થિત ઉદ્યોગપતિ કે. કે. પટેલે પોતાના પરિવારના સભ્યો ધનુબેન, દીપકભાઈ અને હસ્મિતાબેન સાથે મળીને કસીમાની, મ્વાગાની અને બોરોબોરો વિસ્તારમાં આધુનિક સુવિધાયુક્ત ત્રણ શાળાઓનું નિર્માણ કરીને સ્થાનિક તંત્રને અર્પણ કરી છે.

આ લોકાર્પણ પ્રસંગે કે. કે. પટેલે જણાવ્યું હતું કે, કેન્યાના ગ્રામીણ વિસ્તારોમાં બાળકો અત્યાર સુધી લીમડાના ઝાડ નીચે અભ્યાસ કરવા મજબૂર હતા, જે જોઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે હવે તેમનો સમગ્ર પરિવાર માતૃભૂમિના ઋણ સાથે કર્મભૂમિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરશે અને દર વર્ષે બેથી ત્રણ શાળાઓ બનાવીને શિક્ષણની સુવિધા પૂરી પાડશે. અગાઉ પણ આ પરિવારે કેન્યામાં દવાખાના, પ્રસૂતિગૃહ અને પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા ઊભી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

કે સોલ્ટ કંપનીના જનસંપર્ક અધિકારી પુષ્પાબેન ખીમજી પિંડોરિયાના જણાવ્યા અનુસાર, કંપની દ્વારા મહિલાઓના સ્વાસ્થ્ય માટે સેનેટરી પેડનું અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું, જેમાં કે. કે. પટેલ પરિવારનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. નોંધનીય છે કે સામત્રા કોમ્યુનિટી દર વર્ષે ચાર શાળાઓનું નિર્માણ કરીને શિક્ષણના વ્યાપને વિસ્તારી રહી છે. આ ઉપરાંત સામત્રામાં પાણીની કેનાલ, ગ્રીન-ક્લીન સામત્રા અભિયાન અને ગૌશાળા જેવી લોકકલ્યાણની અનેક પ્રવૃત્તિઓ તેમના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે.

કચ્છમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પણ આ પરિવારે મોટું યોગદાન આપ્યું છે, જેમાં કેરા-કુન્દનપર શિક્ષણ ટ્રસ્ટમાં સહયોગ ઉપરાંત કે. કે. પટેલ હોસ્પિટલના માધ્યમથી સુપર સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ અને અમદાવાદના છારોડી ગુરુકુળમાં પણ સેવાકીય પ્રદાન કરવામાં આવ્યું છે. આ અવિરત સેવાકાર્યો બદલ ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત ધર્મનંદનદાસજી સ્વામી, વહીવટી કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામી, છારોડી ગુરુકુળના અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામી સહિતના સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા અને વડતાલ પીઠના સંતોએ પણ આ સેવાકીય અભિગમને બિરદાવ્યો હતો.

## ઈદ - ઉલ -અઝહાની વિગોડી ગામે ઉજવણી કરાઈ



ભુજ - કચ્છ ઉદય : મુસ્લિમ તહેવાર ઈદ - ઉલ -અઝહા ની વિગોડી મધ્યે ઉજવણી કરવામાં આવેલ હતી. જેમા વિગોડી ઈદગાહ પર ઈદ નમાજ અદા કરવામાં આવેલ હતી. આ નમાજ મૌલાના યાકબ એફ. અને મૌલાના ઈસ્માઈલ એ અદા કરાવી હતી. જેમાં મુત્વલિ જુસબભાઈ સાટી, મુસ્લિમ અગ્રણી હાજી મામદ ચાકી,યુવા પ્રમુખ જાસીનભાઈ પીંજારા, યુવા આગેવાન યાસીનભાઈ ચાકી સાથે સરપંચ ભરતભાઈ વાઘેલા, ક્ષત્રિય રાજપૂત અગ્રણી નરપતસિંહ જાડેજા હાજર રહ્યા હતા. મુસ્લિમભાઈઓ અને હિંદુ-ભાઈઓએ ગળે મળીને ઈદની મુબારકબાદી આપી હતી. ગામમાં અને દેશમાં શાંતિ અને ભાઈચારો રહે તેવી દુઆઓ કરી હતી. તેવું અબ્દુલકાદર ચાકીએ જણાવ્યું હતું.

## કુકમા સહિત ગામોમાં ઈદ-ઉલ-અઝહાની નમાઝ અદા કરાઈ



ભુજ - કચ્છ ઉદય : ભુજ તાલુકાના કુકમા, રેલડી ,લેર સહિત આસપાસના ગામોમાં ઈદ-ઉલ-અઝહાની નમાઝ શ્રદ્ધા અને શાંતિપૂર્ણ માહોલમાં અદા કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરોએ મોટી સંખ્યામાં હાજરી આપી અલ્લાહ પાસે અમન-શાંતિ અને સુખાકારી માટે દુઆઓ માંગી હતી.

કુકમા ખાતે નવી મસ્જિદમાં પેશ ઈમામ મોલાના અબ્દુલકાદીર દ્વારા ઈદની નમાઝ પઢાવવામાં આવી હતી, જ્યારે જુની મસ્જિદમાં મોલાના આલમ દ્વારા નમાઝ અદા કરાવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખ મિયાજી સતાર હાજી હુસેન, કુકમા જમાતના મુતવલી ઉમર સુલેમાન કકલ, હાજી હુસેન અયુબ કુભાર અને રફીક એફ. ચાકી સહિત અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તહેવાર નિમિત્તે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પધ્ધર પોલીસ દ્વારા પીઆઈના માર્ગદર્શન હેઠળ એએસઆપઈ કિપાલસિંહ ઝાલા સહિત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઈદની નમાઝ બાદ ભાઈચારું, એકતા અને દેશની સુખ-શાંતિ માટે ખાસ દુઆઓ કરવામાં આવી હતી.

## ભારાપરમાં ઈદ ઉલ અઝહાની ઉજવણી કરાઈ



ભુજ - કચ્છઉદય : તાલુકાના ભારાપર ગામમાં ઈદ ઉલ અઝહાની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મોલાના યુસુફ અકબરીએ તકરીર કરી હતી તેમણે કહ્યું હતું ઈદ ખાલી જાનવર કુરબાન કરવાનું નથી પોતાને સુધારવાનું હક્ક પર ચાલવાનું પડોસી ગરીબ કુટુંબ બધાનું હક્ક અદા કરવાનું નામ ઈદ છે. પહેલા પોતાની નિયત સાફ કરી પછી તે ઈદનો હક્કદાર બને છે. સવારના ૮ વાગ્યે નમાઝ પડવામાં આવી હતી. ખૂતબો મોલાના બરકત અલીએ પડાવ્યું હતું. મોલાના બરકત સમા, મોલાના નુર અહેમદ અને સમાજના મોભી અને સૈયદ સાદાત હાજર રહ્યા હતા. લોકો ગળે મળી એકબીજાને મુબારક બાદી આપી હતી.

# એશિયાઈ સિંહોમાં સીડીવી અને બેબીસાયા જેવા ચેપી રોગોના વહેલા નિદાન માટે વનમંત્રીને પરિમલ નથવાણીની અપીલ

ગાંધીનગર - કચ્છઉદય : અખબારી અહેવાલો અનુસાર ગિર તથા બૃહદ્ ગિર વિસ્તારમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ અને બેબીસીયાના કારણે આઠ કે તેથી વધુ સિંહોના મૃત્યુ અંગે રાજ્ય સભા સાંસદ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર અને સુપ્રસિધ્ધ સિંહપ્રેમી પરિમલ નથવાણીએ ચિંતા વ્યક્ત કરી છે. સિંહોના મૃત્યુ અટકાવવા, રોગચાળાગ્રસ્ત સિંહોને તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવવા અને રોગચાળાને નિયંત્રિત કરવા માટે તાત્કાલિક અસરથી પગલાં લેવા માટે તેમણે કેન્દ્રિય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ તેમજ ગુજરાતના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાનેપત્ર લખીને વિનંતી કરી છે.

શ્રી નથવાણીએ સિંહોના મૃત્યુને અત્યંત ચિંતાજનક બાબત જણાવી હતી. "જોકે, મને પૂર્ણ વિશ્વાસ છે કે ગિર નેશનલ પાર્ક મેનેજમેન્ટ તથા સરકારનો વન વિભાગ આ મુદ્દે પૂરતી સતર્કતા અને કાળજી રાખી રહ્યું હશે, તેમજ સિંહોના મૃત્યુ અટકાવવા, રોગચાળાગ્રસ્ત સિંહોને તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવવા અને રોગચાળાને નિયંત્રિત કરવા માટે દિવસ-રાત કાર્યરત હશે", એમ શ્રી નથવાણીએ ઉમેર્યું હતું.

શ્રી નથવાણીએ પોતાના પત્રમાં જણાવ્યું હતું કે, ગિર તથા બૃહદ્ ગિર વિસ્તારમાં એશિયાઈ સિંહોની વધતી વસતિ સાથે તેમના આરોગ્ય સંબંધિત જોખમોમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. ખાસ કરીને સીડીવી તથા બેબીસીયા જેવા રોગો સિંહોની વસતિ માટે ગંભીર પડકારરૂપ બની શકે છે. આવા રોગોના વહેલા નિદાન, ઝડપી પ્રતિસાદ અને અસરકારક નિયંત્રણ માટે ફિલ્ડ સ્તરે સુવ્યવસ્થિત અવલોકન અને રિપોર્ટિંગ વ્યવસ્થા ને વધારે અસરકારક બનાવવવી અત્યંત આવશ્યક છે, એમ તેમણે જણાવ્યું હતું. ટ્રેકર્સ, બીટ ગાર્ડ, રાઉન્ડ સ્ટાફ તથા વેટરનરી ટીમ માટે ફિલ્ડ ઓબ્ઝર્વેશન પ્રોટોકોલ અમલમાં મુકવા વિનંતી કરવામાં આવે છે. ફિલ્ડ સ્ટાફ દ્વારા સિંહોમાં દેખાતા અસામાન્ય વર્તન, શારીરિક નબળાઈ, શ્વસન તકલીફ, ટિક્સનો ભારે ઉપદ્રવ, અસ્થિર ચાલ, દિશાભ્રમ, વગેરેનું નિયમિત અવલોકન કરવા અંગે પણ મંત્રીનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

આ ઉપરાંત શ્રી નથવાણીએ વિનંતી કરી છે કે એક જ વિસ્તારમાં એકથી વધુ સિંહોમાં સમાન લક્ષણો જણાય તો તેને હાઈ એલર્ટ તરીકે ગણવામાં આવે અને તરત જ ઉચ્ચ અધિકારીઓ તથા વેટરનરી રેપિડ રિસ્પોન્સ ટીમને જાણ કરવામાં આવે. દરેક શંકાસ્પદ કેસમાં તારીખ, સમય, સ્થળ, જીપીએસ લોકેશન, સિંહોની સંખ્યા, ઉંમર, વર્તન તથા ફોટોગ્રાફિક રેકોર્ડ રાખવામાં આવે તેમજ મૃત અથવા ગંભીર રીતે બીમાર પ્રાણીઓના કિસ્સામાં બિનઅધિકૃત હેન્ડલિંગ ટાળવું તથા નિર્ધારિત એસઓપી મુજબ જ કાર્યવાહી કરવા પણ સૂચન કરવામાં આવ્યું છે. સીડીવીનું સંક્રમણ કૂતરાઓ મારફતે ફેલાવાની શક્યતા રહેલી હોવાથી લાંબા ગાળાના પગલાં પર ભાર મૂકતા શ્રી નથવાણીએ આસપાસના ગામના કૂતરાઓનું રસીકરણ, ટિક નિયંત્રણ કાર્યક્રમ, નિયમિત આરોગ્ય મોનીટરીંગ, ઝડપી લેબ ડાયગ્નોસ્ટિક વ્યવસ્થા અને ફિલ્ડ સ્ટાફ માટે તાલીમ કાર્યક્રમ માટેના સૂચનો પણ વનમંત્રીશ્રીને લખેલા પત્રમાં કર્યા છે. શ્રી નથવાણીએ વધુમાં જણાવ્યું હતું કે બેબીસીયા જેવી સ્થિતિમાં સિંહોની રોગપ્રતિકારક શક્તિ નબળી પડવાથી ઝઙ્ફ જેવા વાયરસજન્ય ચેપ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે, તેથી બંને રોગોને એકબીજા સાથે સંકળાયેલા જોખમ તરીકે ધ્યાનમાં લેવા જરૂરી છે.

# ભુજ તાલુકાના કૈલાસનગર ખાતે મિશન હરિઓમ દ્વારા જરૂરતમંદોને કપડાંનું વિતરણ



ભુજ - કચ્છઉદય : તાલુકાના કૈલાસનગર ખાતે સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતી મિશન હરિઓમ સંસ્થા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ વાડી વિસ્તારોમાં જઈ ખેતીકામ કરતા જરૂરતમંદ પરિવારોને કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. પંથકના સણોસરા, જદુરા, ભારાપર, કૈલાસનગર સહિતના ગામોના શ્રમજીવી વિસ્તારોમાં રહેતા ખેતમજૂર પરિવારોને સમાજના દાતાઓના સહયોગથી વસ્ત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. આ સેવા કાર્યમાં મિશન હરિઓમના સંચાલક હરિલાલ ભાનુશાલીએ આગેવાની સંભાળી હતી.

વસ્ત્ર વિતરણ કાર્યક્રમ દરમિયાન સરપંચ મનસુખભાઈ માકાણી, નારાણબાપા, સુભાષ માકાણી, દુર્ગાબેન માકાણી, સૂરાભાઈ રબારી, હીરાભાઈ રબારી તેમજ ફકીરમામદ ચાકીએ હાજરી આપી જરૂરતમંદોને કપડાં અર્પણ કર્યા હતા. આ ઉપરાંત સ્વામી મંદિરના હરિભક્તો તરફથી નારાણભાઈ કેરાઈ, વિનોદગિરિ ગુંસાઈ તેમજ માધાપર અને ઝુરા ગામના મહાજન સમાજ સહિત પંથકના લોકોએ કપડાં એકત્રિત કરવામાં સહયોગ આપ્યો હતો. એકત્રિત કરાયેલા વસ્ત્રો જરૂરતમંદ પરિવારો સુધી પહોંચાડવામાં આવ્યા હતા. સેવાભાવી કાર્યને પંથકના લોકો દ્વારા સરાહના મળી રહી છે.

# ભુજમાં પૂર્વ સૈનિકો અને તેમના પરિવારો માટે યોજાયો વેલફેર અવેરનેસ કેમ્પ

**છેવાડાના વિસ્તારોમાં વસતા પૂર્વ સૈનિકોને સરકારી યોજનાઓનો લાભ ઘરઆંગણે મળી રહે તેવા હેતુથી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા કરાયું આયોજન**






ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ભૌગોલિક વિસ્તારની વિશાળતા અને પૂર્વ સૈનિકોના પરિવારો દૂરના અંતરિયાળ વિસ્તારોમાં વસવાટ કરતા હોવાથી, તેમને કચેરી સુધી પહોંચીને યોજનાઓની માહિતી મેળવવી મુશ્કેલ બનતી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી હિરેન લીમ્બાચીયાએ આર્મી સ્ટેશન હેડ ક્વાટર્સ, ભુજના વરિષ્ઠ અધિકારીઓ સાથે સંકલન સાધીને ગત તારીખ ૨૦ મેના રોજ આર્મી સ્ટેશનના સી.એસ.ડી. કેન્ટીન પરિસરમાં વેલફેર અવેરનેસ કેમ્પનું આયોજન કર્યું હતું.

આ કેમ્પમાં કચેરીના સ્ટાફ દ્વારા ઉપસ્થિત પૂર્વ સૈનિકો અને તેમના પરિવારોને કેન્દ્રિય સૈનિક બોર્ડ, રાજ્ય સૈનિક બોર્ડ તથા ગુજરાત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, રાજ્ય સૈનિક બોર્ડની વેબસાઈટ અને ડિજિટલ પહેલ તેમજ સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો મુજબ અમલી બનેલી વીર પરિવાર સહાયતા યોજનાની પણ સવિસ્તર સમજ આપવામાં આવી હતી. કેમ્પ દરમિયાન સ્થળ પર જ નિવૃત સૈનિકો અને તેમના પરિવારજનોના પેન્શન તથા અન્ય પ્રશ્નોને સાંભળી તેના ઝડપી નિરાકરણ માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.જિલ્લા સૈનિક કલ્યાણ કચેરીની આ પહેલને પૂર્વ સૈનિક સમુદાય દ્વારા સરાહનીય પ્રતિસાદ મળ્યો હતો અને સહુએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્ટેશન કેન્ટીન દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યારે કચેરીના સ્ટાફ સભ્ય બિસ્મીલાખાન પઠાણ, ભાવિશાબેન અજુડીયા, જયાસિંહ જોહન, જ્યોતિ દરબારસિંહ અને રીન્કુબેન દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# બન્ની વિસ્તાર ૭૦ વર્ષથી મહેસુલી દરજ્જો ન મળતાં અનેક યોજનાઓથી વંચિત

**ગુજરાત સરકાર આ વિસ્તારને ન્યાય આપે અને બન્નીના વર્ષો જુના સ્વપ્નને સાકાર કરે તે માટે તાલુકા પંચાયતના સભ્ય ફરી એક વખત રજૂઆત કરી**



ભુજ- કચ્છઉદય : બન્ની પચ્છમ વિસ્તારના જાગૃત મહિલા અગ્રણી અને ભીરંડિયારા તાલુકા પંચાયતની બેઠકના પ્રતિનિધિ કરમાબેન હીરાભાઈ મારવાડાએ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી અને બન્ની વિસ્તારને મહેસુલી માળખામાં સમાવેશ કરી અને બન્નીને ઊભા થતાં અનેક પ્રશ્નોનું નિરાકરણ કરવા અંગેની રજૂઆત કરી છે.

તેમણે જણાવ્યું છે કે બન્ની વિસ્તારમાં ૧૯ જેટલી ગ્રામપંચાયત હેઠળના નાના-મોટા બાવન ગામ આવેલા છે. ૪૦,૦૦૦ હજાર જેટલી માનવવસ્તી અને ૧,૫૦,૦૦૦ પશુધન છે. બન્ની વિસ્તારનો મહેસુલી સર્વે નહીં થયો હોવાથી ઘણી બધી કેન્દ્ર, રાજયની સરકારી યોજનાનો લાભ મળતો નથી. બન્ની વિસ્તાર મહેસુલી દરજ્જો મળે તે માટે ૭૦ વર્ષથી રાહ જુએ છે પરંતુ આ પ્રશ્નનું નિરાકરણ થતું જ નથી. બન્ની વિસ્તારની માંગણીઓ વર્ષ ૧૯૮૭થી ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રીઓ તથા સચિવો, જિલ્લા કલેકટર, સંસદસભ્ય તથા ધારાસભ્યો બન્ની વિસ્તારના પ્રશ્નોથી વાકેફ છે. સેટલમેન્ટ થવાથી સરકારી યોજનાનો લાભ મળી શકે એમ હોવાથી બન્નીનું મહેસુલી દરજજા પ્રમાણે તથા ૧૯૭૧ના નકશા મુજબ સેટલમેન્ટ કરવા જણાવ્યું હતું. કચ્છના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા, મહેસુલ વિભાગ, ગાંધીનગરના સચિવ, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, કલેકટરને રજૂઆત કરવામાં આવી છે.

# ભુજમાં અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા છાસનું વિતરણ કરાયું



ભુજ - કચ્છઉદય : રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા જીવદયા અને માનવતાના અનેક પ્રકલ્પો ચાલી રહ્યા છે. ઉનાળાની અસહ્ય ગરમીમાં, જ્યારે લગભગ બધી જગ્યાએ તાપમાનનો પારો ૪૫ ડિગ્રીની આસપાસ પહોંચી ગયો છે, ત્યારે અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ઉનાળાના ૨થી ૩ મહિના દરમિયાન છાસ વિતરણ દ્વારા શાતા પમાડવાનો માનવતાનો પ્રકલ્પ ચાલી રહ્યો છે. જે અંતર્ગત ભુજના જ્યુબેલી ગ્રાઉન્ડ ખાતે રવિવારના સવારે ૧૦થી ૧ સુધી છાસ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં રાહદારીઓ, શ્રમિકો, રિક્ષા ચાલકો, બસ ડ્રાઈવર અને વટેમાર્ગુઓ સહિત આશરે ૭૫૦ જેટલા લોકોએ લાભ લીધો હતો. ગુરુદેવના પ્લાસ્ટિક મુક્ત અને પર્યાવરણ બચાવોનો સંદેશ પ્રકૃતિ પર્યાવરણ બચાવો અને જીવોની જતના (રક્ષા) કરવાના સંદેશને સાર્થક કરતા આયોજનમાં કોઈ પણ પ્રકારના પ્લાસ્ટિકના ડિસ્પોઝેબલ ગ્લાસનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો, સંપૂર્ણપણે પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે આ સેવાનું સંચાલન કરીને સંસ્થાએ સમાજ સામે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કાર્યમાં અર્હમ યુવા સેવા ગ્રુપના ભુજના મેમ્બર્સ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા ૧૪ જૂને યોજાશે

**૬ જૂનથી કોલલેટર ડાઉનલોડ શરૂ**

ગાંધીનગર : ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયા અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ભરતી બોર્ડના જાહેરનામા અંતર્ગત શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી ૧૪ જૂનના યોજાશે.

ભરતી બોર્ડ દ્વારા જાહેર કરાયા મુજબ પરીક્ષા માટેના કોલલેટર ઉમેદવારો ૬ જૂન, ૨૦૨૬થી ઓજસ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકશે. ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરી પરીક્ષા અંગેની તમામ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચવા સૂચના આપવામાં આવી છે. લોકરક્ષક ભરતી માટે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ઉમેદવારોએ અરજી કરી હતી. શારીરિક કસોટી પૂર્ણ થયા બાદ હવે લેખિત પરીક્ષા યોજાવા જઈ રહી હોવાથી ઉમેદવારોમાં ઉત્સુકતા વધી છે. ભરતી બોર્ડે ઉમેદવારોને સત્તાવાર વેબસાઈટ પર સતત નજર રાખવા અને ખોટી અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે.

# સુગમ ડિજિટલ ગુજરાત પહેલ અંતર્ગત ટોપ-૨૦ સેવાઓ હવે ઓનલાઈન પોર્ટલ પર ઉપલબ્ધ

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર 'ઈઝ ઓફ લિવિંગ' અને 'ડિજિટલ ક્રાંતિ'ના મંત્ર સાથે રાજ્યની તમામ સરકારી સેવાઓને ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ બનાવી છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે કટિબદ્ધ છે. રાજ્યની જનકલ્યાણકારી સેવાઓને આધુનિક ડિજિટલ પ્લેટફોર્મ પર લાવીને નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કામાંથી મુક્તિ અપાવી એક નવા યુગનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે રાજ્ય સરકારે 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલ હેઠળ ૦૫ વિવિધ વિભાગોની 'ટોપ-૨૦' હાઈ વોલ્યુમ સેવાઓને પ્રાથમિકતાના ધોરણે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન ઉપલબ્ધ કરાવી છે. આ સેવાઓમાં મુખ્યત્વે આવકનો દાખલો (ગ્રામીણ અને શહેરી વિસ્તાર માટે), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર, નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર (ગુજરાત સરકાર અને ભારત સરકાર), આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તેમજ રેશનકાર્ડની સેવાઓનો સમાવેશ થાય છે.

આ સેવાઓમાં આધાર પ્રમાણીકરણની પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે, જેનાથી સમયની મોટી બચત થશે અને યોજનાઓમાં થતું ડુપ્લીકેશન અટકાવી શકાશે. આ ટેકનોલોજીના ઉપયોગથી માત્ર પાત્રતા ધરાવતા સાચા લાભાર્થીઓને જ લાભ મળે તે સુનિશ્ચિત થશે અને પ્રમાણીકરણ માટે ઓટીપી અથવા બાયોમેટ્રિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે.

જો કોઈ ટેકનિકલ કારણોસર આધાર પ્રમાણીકરણ નિષ્ફળ જાય અથવા કોઈ નાગરિક પાસે આધારકાર્ડ ન હોય તો પણ તેમને સેવાઓથી વંચિત રાખવામાં આવતા નથી. આવા કિસ્સાઓમાં અન્ય વૈકલ્પિક ઓળખ પુરાવાઓ દ્વારા ખરાઈ કરીને સેવા પૂરી પાડવાની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી માટે નાગરિકો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર સંપર્ક કરી શકે છે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઈંગ્લેન્ડના ઝુમ એન્ડ પાર્ક યોગા ગ્રુપ દ્વારા માધાપરના સારવાર કેન્દ્રને મળી એમ્બ્યુલન્સની ભેટ




**ઈંગ્લેન્ડમાં એક બિલાડીના મૃત્યુની સંવેદનાએ બિલાડી, કુતરાની સારવાર માટે માધાપરમાં કાર્યરત "પપ્પી કડલ્સ" સંસ્થાને અપાવ્યું એમ્બ્યુલન્સ વાહન**

સુખપર - કચ્છઉદય : ભુજની બાજુમાં માધાપર ગામે બિનવારસુ બિલાડી અને કુતરાઓની કોઈપણ જાતની તકલીફ માટે "પપ્પી કડલ્સ" નામે એક સારવાર કેન્દ્ર ચાલી રહ્યું છે. 'માત્ર માનવ નહીં પણ દરેક જીવો માટે દયાળુ બનો' નાં સુત્ર સાથે આ અબોલ જીવો માટે સમર્પિત કેન્દ્રના સંચાલક દેવાંગીબેન મહેતાએ માધાપરના સેવાભાવી મનોજભાઈ સોલંકીની નાનકડી જગ્યામાં ત્રણેક વર્ષ પહેલાં સાવ નાના પાયે ચાલુ કરેલ આ સેવા પ્રવૃતિથી કેન્દ્ર અત્યારે ૧૫૦ જેટલા કુતરા અને પંદર જેટલી બિલાડીઓથી ખીચોખીચ ભરાઈ ગયું છે, જેમાં ચામડી, કેન્સર, હડકવા અને લકવા સહિતની બીમારીઓ અને અકસ્માતગ્રસ્ત લુલા લંગડા જીવો પણ સામેલ છે.

આ અબોલ જીવોના ખરાબ રીતે સડી ગયેલ વિકૃત શરીર અને તેમના સંડાસ - પેશાબની દુર્ગંધ વચ્ચે થતી આ અકલ્પનિય સેવાની સુવાસ મુળ માધાપર અને હાલે ઈંગ્લેન્ડ સ્થિત કાન્તાબેન પટેલ પાસે પહોંચતાં તેમણે સ્થાનિકો દ્વારા તપાસ કરાવતાં નિઃસ્વાર્થ ભાવે થતાં કામથી પ્રભાવિત થઈને કેન્દ્રમાં ખુટતી અનેક સુવિધાઓમાં મુખ્યત્વે એમ્બ્યુલન્સ વાહનની તાત્કાલિક જરૂર જણાતાં તેમણે આ વ્યવસ્થા કરી આપવા કમર કસી અને થોડા મહિના પહેલાં જ કાન્તાબેનની બિલાડીનું કોઈ બિમારીથી મૃત્યુ પામતાં તેની સંવેદનાના ભાગરૂપે તેમની આ ઈચ્છા પ્રબળ બની. કાન્તાબેન ઈંગ્લેન્ડમાં સ્વતંત્ર રીતે યોગ ક્લાસ ચલાવે છે અને કોરોનાની અતિ કપરી પરિસ્થિતિમાં લોકોને ઘેર બેઠાં માનસિક અને શારીરિક રાહત આપવા માટે મોબાઈલની ઝૂમ એપ્લિકેશનથી અને બગીચાઓમાં યોગના ક્લાસ સાથે "ઝુમ એન્ડ પાર્ક યોગા ગ્રુપ" બનાવીને પોતાની આવડતનો સદ્દુપયોગ ઉપયોગ કર્યો. વિદેશમાં આવી રીતે ચાલતા ક્લાસોમાં ખુબ સારી આવક થતી હોય છે, પણ કાન્તાબેનની નિઃશુલ્ક સેવાનો લાભ લેતાં બહેનો દ્વારા જે પણ સ્વૈચ્છિક યોગદાન મળે તેનો મુખ્યત્વે ગુજરાત ઉપરાંત હિમાચલ પ્રદેશ અને યુપી સહિતના ભારતના રાજ્યોમાં નબળી આર્થિક પરિસ્થિતિના બાળકોને સ્કુલ યુનિફોર્મ, ભોજનના વાસણ, બુટ, ચંપલ અને જરૂરિયાતમંદો માટે છાસ કેન્દ્ર સાથે મોટેપાયે કપડાં વિતરણમાં આ રકમનો સદ્દુપયોગકરતાં રહ્યાં છે.

પોતાના ગ્રુપમાં એમ્બ્યુલન્સ વાહન માટે જરૂરી રકમની ટહેલ નાખતાં બહુ જ સારો પ્રતિસાદ મળ્યો અને સંસ્થા માટે તાત્કાલિક ધોરણે ૬.૫૦ લાખની રકમનું વાહન ખરીદાઈ પણ ગયું.

આ કેન્દ્રમાં કુતરા અને બિલાડીઓને સાથે રાખવાનું બહુ જોખમી હોવાથી કાન્તાબેન દ્વારા બિલાડીઓની અલાયદી વ્યવસ્થા માટે સ્વખર્ચે રૂ. દોઢ લાખના ખર્ચે છાપરાં સાથેનો રૂમ અને દવાઓ માટે પણ રૂ. ૪૦ હજારનો સહયોગ કરવામાં આવ્યો છે. જુનાં વાહનો બગડી ગયાં હોવાથી કેન્દ્ર માટે નવાં વાહનની અને છાપરાંની અતિ મહત્વની જરૂરિયાત પુરી થતાં દિવ્યાંગીબહેને ઝુમ એન્ડ પાર્ક યોગા ગ્રુપના સૌ સભ્યોનો હૃદયથી આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, આ વાહન મળવાથી અમે વધુ સારી અને ઝડપી સેવા આપી શકીશું એવું દાતા અને સારવાર કેન્દ્ર સાથે સંકલનકર્તા પ્રવિણ વરસાણી અને રામજી વેલાણીની યાદીમાં જણાવાયું છે.

# નખત્રાણા ખાતે હરાજીમાં વન વિભાગને ૨૮,૫૦૦ કિલોગ્રામ લાકડાની ૬૧,૦૦૦ રકમ પ્રાપ્ત થઈ



નખત્રાણા વન વિભાગ દ્વારા જલાઉ લાકડાની જાહેર હરાજી કરાઈ હતી. ૨૮,૫૦૦ કિલોગ્રામ ગાડા બાવળના લાકડાની ૬૧,૦૦૦ ની રકમ પ્રાપ્ત થઈ હતી. ૧૪ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું ૧૦ લોકોએ ભાગ લીધો હતો અને છ લોકોએ હરાજીમાં ઉંચી બોલી હતી, જેમાં ઉંચી બોલી ૬૧૦૦૦ બોલનારને લાકડું સોંપવાની પ્રોસિઝન કરવામાં આવી હતી.

નખત્રાણા રેન્જ ફોરેસ્ટ કચેરી ખાતે પશ્ચિમ રેન્જ વન વિભાગ દ્વારા એપ્રિલ ૨૦૨૬માં લાકડાની હરાજી કરવામાં આવી હતી જે હરાજીમા ૧૪ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. દસ લોકોએ ભાગ લીધો હતો જેમાં છ લોકોએ ઉંચીબોલી બોલવામાં ભાગ લીધો હતો જેમાં પણ ભુજના રોહિતકુમાર શંભુલાલ ઠક્કર દ્વારા ૬૧,૦૦૦ની ઊંચી બોલી બોલાતા તેમને લાકડુ પ્રોસિજર મુજબ સોંપવામાં આવશે. મદદનીશ વન સરક્ષક એચ.જે. ચૌધરીના વર્ચ્યુઅલ હાજરીમાં માર્ગદર્શન અને સૂચના મુજબ નખત્રાણા પશ્ચિમ રેન્જના આરએફઓ વી.સી. મોદી, પુર્વ રેંજના એ.બી સરવૈયાની ઉપસ્થિતિમાં તમામ લોકોની હાજરીમાં હરાજી કરવામાં આવી હતી. ૧૪ જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા. વન વિભાગના સંજય કરમુર, જીગર મહેશ્વરી, સંજય ડાંગર, શિવરાજ ગઢવી, રાહુલ ચૌધરી, દિલીપસિંહ પઢાર, વિનોદ ગરવા, ચંદુભાઈ મેરીયા સહિતના હાજર રહ્યા હતા.

# ભુજ નગરપાલિકાના નવનિર્વાચિત હોદ્દેદરો સાથે શુભેચ્છા મુલાકાત



ભુજ નગરપાલિકાના નવનિર્વાચિત હોદ્દેદારો પ્રમુખ શીતલભાઈ શાહ, ઉપપ્રમુખ બિંદીયાબેન ઠક્કર, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીનું સનમાન, શુભેચ્છા મુલાકાતમાં નેચર ફાઉન્ડેશન ના ડાયરેક્ટર, એચઆઈસી પ્રતિનિધિ, ડો. પંકજભાઈ જોષી સાથે વોર્ડ નંબર અગિયારની વોર્ડ કમીટીના સભ્યો ભુપેન્દ્ર મહેતા, અખિલેશ અંતાણી, દીલીપ જોષી સહિત ના જોડાયા હતા. આ પ્રસંગે પ્રમુખ સવામી નગરમાં દાખલ થતા જમણી બાજુ ઘાસચારાવાળી જગ્યાએ મીયાવાકી ગાર્ડન માટે રજુઆત કરતા શકય એટલો સહકાર નગરપાલિકા આપશે એવું પદાધિકારીઓએ જણાવ્યું હતું.

# ભુજમાં બ્રહ્માકુમારી દ્વારા સમર કેમ્પ યોજાયો



ભુજ - કચ્છઉદય : વર્તમાન સમયે મોબાઈલ, ઈન્ટરનેટ, ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામનો સમય છે, જેનો બાળકો ઉપયોગ કરીને જ્ઞાન પ્રાપ્ત કરે છે સાથે સાથે ક્યારેક અવડી દિશામાં પણ બુદ્ધી ભટકી જાય છે અને ક્યારેક વીડીયો ગેમ રમીને પોતાનું જીવન પણ સમાપ્ત કરી નાખે છે તેવામાં ભુજ સ્થિત આઈયાનગર ખાતે બ્રહ્મા કુમારી શાખા દ્વારા ૪ દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું .

આ સમર કેમ્પમાં ૫ થી ૧૫ વર્ષ સુધીના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ચાર દિવસીય કેમ્પમાં વિવિધ એકટીવીટી સાથેની રમતો, કલા, સંગીત ખુરશી, સંગીત સાથે કસરતો દ્વારા તેમના ચારિત્ર્ય નિર્માણ, મૂલ્યોમાં પરિવર્તન, જેવા વિષયો રાખીને જ્ઞાન યુક્ત રમતો રમાડવામાં આવી હતી. આ કેમ્પમાં રાજયોગ પણ શીખવવામાં આવ્યા હતા, જેનાથી બાળકમાં વૈશ્વિક ભાવના ઉત્પન થાય અને વિલ પાવર વધે. બાળકો માતાપિતા અને વડીલો પ્રત્યે આદર રાખે તે માટે સદ્દગુણ શિખવાડવામાં આવ્યા હતા. આ કેમ્પનો ૫૦ બાળકોએ લાભ લીધો હતો.

# હૈદરાબાદને હરાવી રાજસ્થાનની ક્વોલિફાયર-૨માં એન્ટ્રી, હવે ગુજરાત સાથે થશે મુકાબલો

## વૈભવે પ્લેઓફમાં સૌથી ઝડપી ફિફ્ટી ફટકારી સુરેશ રૈનાની બરાબરી કરી

આઈપીએલ પ્લેઓફના ઈતિહાસમાં સૌથી ઝડપી અર્ધસદી ફટકારવાના મામલે વૈભવ સૂર્યવંશીએ પૂર્વ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાના ૧૨ વર્ષ જૂના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. વૈભવે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે મુલ્લાનપુર ખાતે રમાયેલી પ્લેઓફ મેચમાં માત્ર ૧૬ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. આ પહેલા વર્ષ ૨૦૧૪માં સુરેશ રૈનાએ પંજાબ સામે વાનખેડે સ્ટેડિયમમાં ૧૬ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. આ યાદીમાં ૧૭ બોલ સાથે એડમ ગિલક્રિસ્ટ ત્રીજા સ્થાને અને ૨૦ બોલ સાથે એમએસ ધોની ચોથા ક્રમે છે.

## ક્રિસ ગેલનો એક જ સિઝનમાં સૌથી વધુ સિક્સરનો મોટો રેકોર્ડ ધ્વસ્ત

વૈભવ સૂર્યવંશીએ સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની આ મેચમાં શાનદાર બેટિંગ કરતા ૧૧ સિક્સર ફટકારી હતી, જેના કારણે તે આઈપીએલ પ્લેઓફની એક મેચમાં સૌથી વધુ સિક્સર ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. આ સાથે જ તેણે ચાલુ આઈપીએલ ૨૦૨૬ની સિઝનમાં પોતાની કુલ સિક્સરની સંખ્યા ૬૧ પર પહોંચાડી દીધી છે. આમ કરીને તેણે વર્ષ ૨૦૧૨માં ક્રિસ ગેલે નોંધાવેલા ૫૯ સિક્સરના ઐતિહાસિક રેકોર્ડને તોડી નાખ્યો છે. આ યાદીમાં ત્રીજા સ્થાને આન્દ્રે રસેલ (૫૨ સિક્સર, વર્ષ ૨૦૧૯) છે.

## પાવરપ્લે ઓવરોમાં રાજસ્થાન રોયલ્સનો ચોથો સૌથી મોટો સ્કોર

મેચની શરૂઆતમાં ઓપનિંગ કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સની ટીમે પાવરપ્લે (પહેલી ૬ ઓવર)માં વિસ્ફોટક બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. રાજસ્થાને કોઈપણ વિકેટ ગુમાવ્યા વિના ૬ ઓવરમાં ૮૦ રન બોર્ડ પર લગાવી દીધા હતા. આ સ્કોર સાથે આઈપીએલ પ્લેઓફ અથવા નોકઆઉટ મેચોના ઈતિહાસમાં પાવરપ્લે દરમિયાન બનેલો આ ચોથો સૌથી મોટો સ્કોર બની ગયો છે. આ યાદીમાં વર્ષ ૨૦૧૪માં ચેન્નાઈ સુપર કિંગ્સે પંજાબ સામે પાવરપ્લેમાં બનાવેલા ૧૦૦ રન હજુ પણ પ્રથમ સ્થાને છે.

## એક જ સિઝનના પાવરપ્લેમાં સૌથી વધુ રન બનાવવાનો નવો વર્લ્ડ રેકોર્ડ

વૈભવ સૂર્યવંશીએ આ આઈપીએલ સિઝનની પાવરપ્લે ઓવરોમાં વિરોધી બોલરો પર આક્રમણ કરીને કુલ ૪૯૦ રન ફટકાર્યા છે. આ સાથે તે આઈપીએલની કોઈપણ એક સિઝનના પાવરપ્લે (૧ થી ૬ ઓવર)માં સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે. તેણે ઓસ્ટ્રેલિયાના ડેવિડ વોર્નરના ૪૬૭ રન (વર્ષ ૨૦૧૬) અને ટ્રેવિસ હેડના ૪૦૨ રન (વર્ષ ૨૦૨૪)ના રેકોર્ડને પાછળ છોડી દીધો છે.




## "યુનિવર્સલ બેબી બોસ"! આઈપીએલનું નવું સિક્સ મશીન, ગેઇલ પણ વૈભવ પર આફરીન

ન્યુ ચંદીગઢ: આઈપીએલ ૨૦૨૬ એલિમિનેટર મેચમાં, રાજસ્થાન રોયલ્સના ૧૫ વર્ષીય ઓપનર વૈભવ સૂર્યવંશીએ સનરાઈઝર્સ હૈદરાબાદ સામે માત્ર ૨૯ બોલમાં ૯૭ રનની ધમાકેદાર ઈનિંગ રમી અને સમગ્ર ક્રિકેટ જગતને હચમચાવી નાખ્યું. આ ઈનિંગમાં ૧૨ જબરદસ્ત સિક્સર ફટકારીને, વૈભવે ટી૨૦ ક્રિકેટ કિંગ ક્રિસ ગેઈલનો એક જ આઈપીએલ સિઝનમાં સૌથી વધુ સિક્સર ફટકારવાનો ૧૪ વર્ષ જૂનો રેકોર્ડ (૫૯) તોડી નાખ્યો.

આ સિઝનમાં વૈભવનો કુલ સ્કોર હવે ૬૫ પર પહોંચી ગયો છે. તેનો ઐતિહાસિક રેકોર્ડ તૂટતો જોઈને, યુનિવર્સ બોસ ક્રિસ ગેઈલ પોતે આ ૧૫ વર્ષના વૈભવનો ચાહક બની ગયો છે.




ક્રિસ ગેઈલે પોતે સોશિયલ મીડિયા પર બ્રોડકાસ્ટ સ્ક્રીન પરથી બે ફોટા શેર કર્યા છે, જેમાં વૈભવની પ્રશંસા કરી છે.

વૈભવ સૂર્યવંશીની રેકોર્ડબ્રેક ઈનિંગ્સે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. સચિન તેંડુલકર અને અન્ય દિગ્ગજો તેમના વખાણ કરી રહ્યા છે. દરમિયાન, યુનિવર્સ બોસ ક્રિસ ગેલે પોતે પોતાનો રેકોર્ડ તૂટવા પર પ્રતિક્રિયા આપી છે. મેચ પછી તરત જ ક્રિસ ગેલે વૈભવ સૂર્યવંશીના પ્રભાવશાળી ગ્રાફિક્સના ફોટા તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કર્યા, જેમાં "યુનિવર્સલ બેબી બોસ" શબ્દો બોલ્ડ અક્ષરોમાં લખેલા હતા.

વૈભવની બેટિંગથી પ્રભાવિત થઈને ગેલે લખ્યું, "વૈભવ કેટલો અસાધારણ અને અદ્ભુત ખેલાડી છે. યુવાન ખેલાડી, શાનદાર મનોરંજન! નવી સિક્સ મશીન!" ક્રિસ ગેલે એક યુવાન ભારતીય બેટ્સમેનને "નવી સિક્સ મશીન" તરીકે ટેગ કરીને વૈભવ સૂર્યવંશીએ પાવર-હિટિંગનું સ્તર દર્શાવ્યું છે તે સાબિત કરે છે. ક્રિસ ગેઈલ દ્વારા શેર કરાયેલી તસવીરો ટીવી સ્ક્રીન પર આ સિઝન અને આ મેચના વૈભવ સૂર્યવંશીના ૬ અદ્ભુત રેકોર્ડ્સ દર્શાવે છે, જેણે તેને 'યુનિવર્સલ બેબી બોસ' બનાવ્યો છે.

### યુનિવર્સ બોસનો ટેગ સૂર્યવંશીના નામે કરીને જબરદસ્ત રિએક્શન આપ્યું

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ-૨૦૨૬માં એલિમિનેટર મેચમાં રાજસ્થાન રૉયલ્સે સનરાઈઝર્સ હૈદરાબાદને હરાવીને ક્વોલિફાયર-૨માં એન્ટ્રી કરી લીધી છે. વૈભવ સૂર્યવંશી અને ધ્રુવ જુરેલની વિસ્ફોટ બેટિંગની મદદથી રાજસ્થાને ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૨૪૩ રન નોંધાવ્યા હતા, જેની સામે હૈદરાબાદની ટીમ ૧૯૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. હવે ફાઈનલમાં એન્ટ્રી માટે રાજસ્થાનની ક્વોલિફાયર-૨માં ગુજરાત સામે મેચ રમાશે. આ મેચ ૨૯મીએ રમવાની છે.

રાજસ્થાન રોયલ્સની ઈનિંગ્સ દરમિયાન ઓપનર વૈભવ સૂર્યવંશીએ તોફાની બેટિંગ કરીને માત્ર ૨૯ બોલમાં ૨૧ સિક્સ અને ૫ ફોર ની મદદથી ધમાકેદાર ૯૭ રન નોંધાવ્યા હતા, જોકે તેઓ માત્ર ૩ રન માટે પોતાની સદી ચૂકી ગયા હતા. બીજા ઓપનર યશસ્વી જાયસ્વાલે ૨૯ બોલમાં ૪ ફોર ફટકારીને ૨૯ રન બનાવ્યા હતા. મિડલ ઓર્ડરમાં ધ્રુવ જુરેલે શાનદાર પ્રદર્શન કરતા ૨૧ બોલમાં ૩ સિક્સ અને ૫ ફોરની મદદથી ૫૦ રન એટલે કે અર્ધસદી ફટકારી હતી. કેપ્ટન રિયાન પરાગે ૧૨ બોલમાં ૨ સિક્સ અને ૨ ફોર સાથે ૨૬ રનનું યોગદાન આપ્યું હતું. લોઅર ઓર્ડરમાં ડોનોવન ફરેરાએ ૯ બોલમાં ૧ ફોર સાથે ૧૨ રન, દાસુન શનાકાએ ૩ બોલમાં ૧ ફોર સાથે ૫ રન અને જોફ્રા આર્ચરે ૫ બોલમાં ૧ ફોર સાથે ૪ રન બનાવ્યા હતા. રવીન્દ્ર જાડેજા ૯ બોલમાં ૧ ફોર ફટકારીને ૧૨ રને અણનમ રહ્યા હતા, જ્યારે નાન્દ્રે બર્ગરે ૧ બોલમાં ૧ રન બનાવ્યો હતો અને સુશાંત મિશ્રા ૩ બોલમાં ૧ રન બનાવીને અણનમ રહ્યા હતા.

હૈદરાબાદ સામેની આ મેચમાં રાજસ્થાનના બેટ્સમેનોએ હૈદરાબાદના બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે પોતાની ૪ ઓવરમાં સૌથી વધુ ૬૪ રન લૂંટાવ્યા હતા ઔંદ્રિ અને તેને કોઈ સફળતા મળી ન હતી. આ સિવાય સાકિબ હુસૈને ૪ ઓવરમાં ૫૨ રન આપ્યા હતા. પ્રફુલ હિંગે સૌથી સફળ બોલર રહ્યો હતો, જેણે ૪ ઓવરમાં ૫૪ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. જ્યારે ઈશાન મલિંગાએ ૪ ઓવરમાં ૪૦ રન આપી ૧ વિકેટ, શિવાંગ કુમારે ૨ ઓવરમાં ૧૯ રન આપી ૧ વિકેટ અને નીતિશ કુમાર રેડ્ડીએ ૨ ઓવરમાં ૧૨ રન આપીને ૧ વિકેટ મેળવી હતી.

અભિષેક શર્મા ૨ બોલમાં ૦ ફોર અને ૦ સિક્સ સાથે ૦ રને આઉટ થયા. ટ્રેવિસ હેડે ૮ બોલમાં ૨ ફોર અને ૧ સિક્સ ફટકારીને ૧૭ રન બનાવ્યા. ઈશાન કિશને ૧૧ બોલમાં ૩ ફોર અને ૩ સિક્સની મદદથી ૩૩ રન નોંધાવ્યા. રવિચંદ્રન સ્મરણ ૪ બોલમાં ૦ ફોર અને ૦ સિક્સ સાથે ૧ રને આઉટ થયા. હેનરિક ક્લાસેને ૧૦ બોલમાં ૨ ફોર ફ્રહદ્ધં ૧ સિક્સ સાથે ૧૮ રન કર્યા. નીતીશ કુમાર રેડ્ડીએ ૨૦ બોલમાં ૩ ફોર અને ૨ સિક્સ ફટકારીને ૩૮ રનનું યોગદાન આપ્યું. સલીલ અરોડાએ ૨૧ બોલમાં ૨ ફોર અને ૨ સિક્સની મદદથી ૩૫ રન બનાવ્યા. પેટ કમિન્સ ૨ બોલમાં ૦ ફોર અને ૦ સિક્સ સાથે ૧ રને આઉટ થયા. શિવાંગ કુમારે ૨૪ બોલમાં ૩ ફોર અને ૧ સિક્સ સાથે ૨૭ રન કર્યા. ઈશાન મલિંગા ૮ બોલમાં ૦ ફોર અને ૦ સિક્સ સાથે ૫ રને આઉટ થયા અને સાકિબ હુસૈન ૭ બોલમાં ૧ ફોર અને ૦ સિક્સ ફટકારીને ૫ રને અણનમ રહ્યા.

આ મેચમાં બોલિંગ કાર્ડ પર નજર કરીએ તો જોફ્રા આર્ચર થોડો મોંઘો સાબિત થયો હતો, તેણે પોતાની ૪ ઓવરમાં ૫૮ રન લૂંટાવ્યા હતા પરંતુ સાથે જ સૌથી વધુ ૩ મહત્વની વિકેટ પણ ઝડપી હતી. જ્યારે નાન્દ્રે બર્ગરે શાનદાર પ્રદર્શન કરતા ૩ ઓવરમાં ૨૬ રન આપીને ૨ વિકેટ મેળવી હતી. રવીન્દ્ર જાડેજાએ ૩ ઓવરમાં ૨૧ રન આપીને ૨ વિકેટ અને સુશાંત મિશ્રાએ ૨.૨ ઓવરમાં ૨૧ રન આપીને ૨ વિકેટ ઝડપી ટીમને મજબૂતી અપાવી હતી. આ સિવાય યશ રાજ પુંજાએ ૪ ઓવરમાં ૩૯ રન આપીને ૧ વિકેટ લીધી હતી, જ્યારે બ્રિજેશ શર્માએ ૩ ઓવરમાં ૩૧ રન આપ્યા હતા પરંતુ તેને કોઈ સફળતા મળી ન હતી.

## વૈભવ સૂર્યવંશીએ કર્યા રેકોર્ડ્સના ઢગલા

૧. આઈપીએલ પ્લેઓફમાં સૌથી ઝડપી, ૧૬ બોલમાં ફિફ્ટી ફટકારવાના રેકોર્ડ મામલે તેણે રૈનાની બરાબરી કરી છે.

૨. આ સિઝનમાં કુલ ૬૫ સિક્સ ફટકારી એક જ સિઝનમાં સૌથી વધુ સિક્સના ક્રિસ ગેલ (૫૯)ના રેકોર્ડને તોડી નાખ્યો.

૩. પોતાની બીજી જ આઈપીએલ સિઝનમાં તેણે ૫ વખત ૨૦થી ઓછા બોલમાં અર્ધી સદી ફટકારી છે. હવે આ મામલે તે અભિષેક શર્મા (૬) બાદ બીજા ક્રમે છે.

૪. આઈપીએલ પ્લેઓફની એક મચમાં સૌથી વધુ ૧૧ સિક્સ ફટકારી ગેલનો ૧૦ સિક્સનો રેકોર્ડ તોડ્યો! કોઈ એક ઈનિંગમાં ૧૦થી વધુ સિક્સ ફટકારવાના મામલે ગેલની બરાબરી કરી અને ૪ વખતન્માં આ કારનામું કરી બતાવ્યું!

૫. વૈભવ સૂર્યવંશી આ સિઝનમાં ઓરેન્જ કેપ મેળવવાનો પણ પ્રબળ હકદાર માનવામાં આવે છે. કારણ કે ૧૫ મેચમાં કુલ ૬૮૦ રન બનાવી સાઈ સુદર્શનને પાછળ છોડી દીધો છે.

### આઈપીએલ નોકઆઉટ/પ્લેઓફમાં સૌથી ઝડપી ૫૦ રન (બોલના આધારે)

૧૬ - એસ રૈના (૨૦૧૪)
૧૬ - વી સૂર્યવંશી (૨૦૨૬)
૧૭ - એ ગિલક્રિસ્ટ (૨૦૦૯)
૨૦ - એમએસ ધોની (૨૦૧૨)
૨૧ - ડ્વેન સ્મિથ (૨૦૧૩)
૨૧ - વી સેહવાગ (૨૦૧૪)
૨૧ - આર પાટીદાર (૨૦૨૬)

### એક આઈપીએલ સીઝનમાં સૌથી વધુ સિક્સર

૬૧ - વૈભવ સૂર્યવંશી (૨૦૨૬)
૫૯ - ક્રિસ ગેલ (૨૦૧૨)
૫૨ - આન્દ્રે રસેલ (૨૦૧૯)
૫૧ - ક્રિસ ગેલ (૨૦૧૩)
૪૫ - જોસ બટલર (૨૦૨૨)

### એક આઈપીએલ સીઝનમાં પાવરપ્લે (૧-૬ ઓવર)માં સૌથી વધુ રન

૪૯૦ - વૈભવ સૂર્યવંશી (૨૦૨૬)
૪૬૭ - ડેવિડ વોર્નર (૨૦૧૬)
૪૦૨ - ટ્રેવિસ હેડ (૨૦૨૪)
૪૦૨ - સાઈ સુદર્શન (૨૦૨૫)
૩૮૨ - એડમ ગિલક્રિસ્ટ (૨૦૦૯)

### આઈપીએલમાં ૨૦થી ઓછા બોલમાં સૌથી વધુ ૫૦ રન

૬ - અભિષેક શર્મા
૫ - નિકોલસ પૂરન
૫ - વૈભવ સૂર્યવંશી

### આઈપીએલમાં પાવરપ્લે (૧-૬ ઓવર) દરમિયાન સૌથી વધુ ૫૦+ સ્કોર

૬ - ડેવિડ વોર્નર
૫ - વૈભવ સૂર્યવંશી
૪ - ટ્રેવિસ હેડ

## ૨૦થી ઓછા બોલમાં ફિફ્ટી અને ઓરેન્જ કેપની રેસમાં મોટો દાવેદાર

પોતાની કારકિર્દીની બીજી જ આઈપીએલ સિઝન રમી રહેલા વૈભવે અત્યાર સુધી ૫ વખત ૨૦ કે તેથી ઓછા બોલમાં અર્ધસદી ફટકારવાનું કારનામું કર્યું છે. આ યાદીમાં તે ૬ વખત આ સિદ્ધિ મેળવનાર અભિષેક શર્મા બાદ બીજા ક્રમે સંયુક્ત રીતે નિકોલસ પૂરન સાથે આવી ગયો છે. આ સિવાય તે પાવરપ્લેમાં ૫ વખત ૫૦થી વધુનો સ્કોર બનાવી ડેવિડ વોર્નર (૬ વખત) બાદ બીજા સ્થાને છે. આ શાનદાર ફોર્મના કારણે ૧૫ મેચમાં ૬૮૦ રન સાથે સાઈ સુદર્શનને પાછળ છોડીને તે આ સિઝનમાં ઓરેન્જ કેપ જીતવાનો પ્રબળ દાવેદાર બની ગયો છે.

## આરસીબી ફાઈનલમાં પહોંચતા જ કિંગ કોહલી ભાવુક થયો : ધર્મશાલા સ્ટેડિયમમાં અનુષ્કા શર્માને મળીને જીતની કરી ઉજવણી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આઈપીએલ ૨૦૨૬ ની ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. ધર્મશાળામાં રમાયેલી પ્રથમ ક્વોલિફાયરમાં, આરસીબીએ ગુજરાત ટાઈટન્સ સામે ૯૨ રનથી શાનદાર વિજય મેળવ્યો. આઈપીએલ ફાઈનલની આ સતત બીજી સિઝન હશે. ક્વોલિફાયર પછી વિરાટ કોહલીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. અનુષ્કા શર્મા પણ આરસીબી અને વિરાટ કોહલીને પ્રોત્સાહન આપવા માટે મેચમાં હાજર રહી હતી. આરસીબીની જીત બાદ, વિરાટ કોહલી ધર્મશાળા ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમના સ્ટેન્ડમાં પહોંચ્યો. ઈઝમ્ના કેટલાક સભ્યોને મળ્યા પછી, તે અનુષ્કા શર્મા પાસે ગયો. વિરાટે અનુષ્કાનું સ્વાગત કર્યું, અને બંનેએ થોડીવાર વાતો કરી. આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ શેર થઈ રહ્યો છે.




## શ્રીલંકા જનારી ભારત-એ ટીમમાં અનુકૂલ રોયનો સમાવેશ

**હર્ષ દૂબેની સિનિયર ટીમમાં પસંદગી થતાં તેના સ્થાને અનુકૂલ શ્રીલંકા જશે**

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : શ્રીલંકામાં યોજાનારી આગામી ત્રિકોણીય સિરીઝ માટે ભારત-એ ટીમમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. ઓલરાઉન્ડર અનુકૂલ રોયને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ભારતીય ટીમમાં અનુકૂલ હવે રોય હર્ષ દૂબેનું સ્થાન લેશે. દૂબેને અફઘાનિસ્તાન સામેની સિરીઝ માટે ભારતની સિનિયર ટેસ્ટ અને વનડે ટીમમાં પ્રથમ વખત પસંદગી મળી છે. અનુકૂલ રોયની ડાબોડી બેટ્સમેન અને ડાબોડી સ્પિનર ઝારખંડ તરફથી ડોમેસ્ટિક ક્રિકેટ રમે છે અને હાલમાં આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો હિસ્સો છે. શ્રીલંકામાં યોજાનારી ત્રિકોણીય સિરીઝ યજમાન શ્રીલંકા, ભારત અને અફઘાનિસ્તાનની 'એ' ટીમો વચ્ચે ડમ્બુલ્લામાં નવમીથી ૨૧મી જૂન દરમિયાન રમાશે. અનુકૂલ રોય ૨૦૧૮માં ભારતના અંડર-૧૯ વર્લ્ડ કપ વિજેતા અભિયાન દરમિયાન સૌથી વધુ (૧૪) વિકેટ લેનારો સંયુક્ત બોલર તરીકે જાણીતો બન્યો હતો.



## ભારત-ઇંગ્લેન્ડ વિમેન્સ ટી૨૦ સિરીઝનો આજથી પ્રારંભ

**આગામી ટી૨૦ વર્લ્ડ કપ અગાઉ તૈયારી માટે બંને ટીમ પાસે ઉત્તમ તક, રાત્રે ૧૧.૦૦થી પ્રારંભ**

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમ આવતા મહિને યોજાનારા આઈસીસી ટી૨૦ વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ માટેની અંતિમ તૈયારીઓના ભાગરૂપે ગુરુવારથી ઈંગ્લેન્ડ સામે ત્રણ મેચની ટી૨૦ સિરીઝ રમનારી છે. ગુરુવારે બંને ટીમ વચ્ચે અહીં પ્રથમ મેચ રમાશે. ભારતીય સમય અનુસાર રાત્રે ૧૧.૦૦ કલાકે મેચનો પ્રારંભ થશે. ૧૨મી જૂનથી શરૂ થનારી મેગા ઈવેન્ટ અગાઉ બંને ટીમ માટે તૈયારી કરવા આ સિરીઝ ઉત્તમ તક મનાય છે.હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળની ટીમ માટે આ સિરીઝ અત્યંત મહત્વની છે કેમ કે ટીમ છેલ્લા એક વર્ષમાં સતત લય જાળવી રાખવા માટે સંઘર્ષ કરી રહી છે. જોકે ટી૨૦ વર્લ્ડ કપ અગાઉ ભારતની વર્લ્ડ કપની તૈયારીઓ મિશ્ર રહી છે. ગયા ડિસેમ્બરમાં શ્રીલંકા સામે ૫-૦થી શ્રેણી જીત્યા બાદ ભારતે ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ૨-૧થી ઐતિહાસિક વિજય હાંસલ કર્યો હતો. જોકે ત્યારબાદ સાઉથ આફ્રિકાના પ્રવાસમાં ટીમને ૧-૪થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. જેમાં બેટિંગની અસંગતતા અને મિડલ ઓર્ડરના સંઘર્ષ જેવા પ્રશ્નો સામે આવ્યા હતા. હવે ઈંગ્લેન્ડ સામેની આ સિરીઝ અત્યંત મહત્વપૂર્ણ છે ત્યારે હરમનપ્રિત કૌરની ટીમને પોતાની નબળાઈઓ સુધારવાની તક મળશે. બોલિંગમાં રેણુકા સિંઘ ઠાકુર, ક્રાંતિ ગૌડ અને અરૂંધતી રેડ્ડી આક્રમણની જવાબદારી સંભાળશે. વિમેન્સ પ્રીમિયર લીગમાં સારું પ્રદર્શન કરનારી યુવા ઝડપી બોલર નંદિની શર્માને પણ તક મળી શકે છે. આ ઉપરાંત વિકેટકીપર યાસ્તિકા ભાટિયા અને અનુભવી સ્પિનર રાધા યાદવનું ટીમમાં પુનરાગમન થયું છે. આ બાબત ટીમ માટે સકારાત્મક સંકેત છે.




સ્પિન બોલિંગ વિભાગમાં રાધા યાદવ સાથે દિપ્તી શર્મા, શ્રી ચરણી અને શ્રેયંકા પાટીલ ટીમમાં છે. ભારત ગયા વર્ષે ઈંગ્લેન્ડની ધરતી પર ૩-૨થી સિરીઝ જીત્યું હોવાથી આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે.ભારત તેની પ્રથમ વર્લ્ડ કપ મેચ ૧૪મી જૂને પાકિસ્તાન સામે રમશે. બંને ટીમઃ ભારતઃ હરમનપ્રિત કૌર (સુકાની), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, ભારતી ફૂલમાલી, દિપ્તી શર્મા, રિચા ઘોષ, શ્રી ચરણી, યાસ્તિકા ભાટીયા, નંદિની શર્મા, અરૂંધતી રેડ્ડી, રેણુકા સિંઘ ઠાકુર, ક્રાંતિ ગૌડ, શ્રેયંકા પાટીલ, રાધા યાદવ.ઈંગ્લેન્ડઃ ચાર્લોટ ડીન (સુકાની), સોફિયા ડક્લી, ડેની વેઈટ-હોજ, એલિસ કાપ્સે, હિથર નાઈટ, ડેનિલી ગિબ્સન, ફ્રેયા કેમ્પ, એમી જોન્સ, લૌરેન બેલ, ટ્રીની કોલમેન, સોફી એકેલ્સ્ટન, લૌરેન ફિલર, લિન્સે સ્મિથ, ઈસ્સી વોંગ.

## બીસીસીઆઈ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આઈપીએલ કેમ યોજવાનું વિચારી રહ્યું છે? વર્ષમાં બે વાર ટુર્નામેન્ટ યોજવાનો પણ છે પ્લાન

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલની પહેલી સિઝનથી આ ટુર્નામેન્ટ સામાન્ય રીતે માર્ચ અથવા એપ્રિલમાં શરૂ થાય છે અને મેના અંત સુધી ચાલુ રહે છે. જોકે, બીસીસીઆઈ હવે તેને વર્ષના અંતમાં અથવા વર્ષ દરમિયાન બે અલગ-અલગ ભાગોમાં યોજવાનું વિચારી રહી છે. એવામાં આગામી વર્ષોમાં આઈપીએલ એપ્રિલ-મેને બદલે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં યોજાઈ શકે છે.

આઈપીએલની ૧૯મી સિઝન પૂરી થઈ રહી છે, અને ચેમ્પિયન ટૂંક સમયમાં નક્કી થઈ જશે. બીસીસીઆઈ બીજી સિઝનના સફળ સમાપન માટે ઉત્સુક છે, સાથે જ આગામી સિઝન પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, જ્યાં મોટા ફેરફારો પહેલાથી જ વિચારણામાં આવી ગયા છે. આવી જ એક વિચારણા આઈપીએલની





વિન્ડો સાથે સંબંધિત છે, જેને સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં શિફ્ટ કરવાની ચર્ચા ચાલી રહી છે. આઈપીએલના ચેરમેન અરુણ ધુમલે એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ખુલાસો કરતા કહ્યું કે મે મહિનામાં વધતા તાપમાનને કારણે આ વિચારણા કરવામાં આવી રહી છે.

આઈપીએલ ૨૦૨૬ સિઝન ૨૮ માર્ચે શરૂ થઈ હતી અને ૩૧ મેના રોજ ૭૪ મેચની ફાઈનલ સાથે સમાપ્ત થશે. જોકે, ઉત્તર અને પશ્ચિમ ભારતમાં હવામાન ખાસ કરીને સમસ્યારૂપ રહ્યું છે. મે મહિનામાં વાર્ષિક ગરમી ચિંતાનું કારણ બની છે, જેના કારણે દર્શકોની હાજરી પર અસર પડી છે. ખેલાડીઓની ફિટનેસ અંગે પણ ચિંતાઓ ઉભી થઈ છે. આના કારણે બોર્ડમાં ટુર્નામેન્ટ વિન્ડોને ફરીથી શેડ્યૂલ કરવા અંગે ચર્ચાઓ થઈ રહી છે.

સ્પોર્ટસ્ટાર વેબસાઈટ સાથેની એક મુલાકાતમાં ધુમલે આઈપીએલમાં ઘટી રહેલા દર્શકો અંગેના પ્રશ્નના જવાબમાં આ ટિપ્પણીઓ કરી હતી. તેમણે કહ્યું, "આપણે બ્રોડકાસ્ટર્સ સાથે બેસીને ચર્ચા કરવાની જરૂર છે કે શું ટુર્નામેન્ટને બીજી વિંડોમાં ખસેડી શકાય છે. એક સૂચન સપ્ટેમ્બર-ઓક્ટોબર વિંડો છે, જે શ્રેષ્ઠ છે કારણ કે તે દિવાળી સાથે મેળ ખાય છે અને જાહેરાતકર્તાઓ માટે સારો સમય છે. અમે જોઈશું કે આગામી દ્વિપક્ષીય ટેન્ડર દરમિયાન આ વિંડો ઉપલબ્ધ છે કે નહીં."

પહેલી સીઝનથી આઈપીએલ હંમેશા માર્ચ અને મે વચ્ચે યોજાતી રહી છે. આ સમયપત્રકમાં ફેરફાર કરવો સરળ નથી. જોકે, બીસીસીઆઈ ફક્ત વિન્ડો બદલવાનું જ નહીં, પણ ટુર્નામેન્ટને બે ભાગમાં વિભાજીત કરવાનું પણ વિચારી રહ્યું છે. ધુમલે સમજાવ્યું કે, મે મહિનામાં વધતી ગરમીને ધ્યાનમાં રાખીને, બોર્ડ ફેબ્રુઆરીથી એપ્રિલ અને પછી વર્ષના અંતમાં (સપ્ટેમ્બર-ઓક્ટોબર) ટુર્નામેન્ટ યોજવાની શક્યતા શોધી રહ્યું છે, પરંતુ ખેલાડીઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે અન્ય ક્રિકેટ બોર્ડ સાથે પણ સલાહ લેશે.

## સનરાઇઝર્સ હૈદરાબાદ મને ક્યારેય અનબ્લોક નહીં કરે : ડેવિડ વોર્નર



(એજન્સી દ્વારા) મુંબઈ : ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનર ડેવિડ વૉર્નરે ૨૦૨૩ બાદ ફરી એક વખત સનરાઈઝર્સ હૈદરાબાદ દ્વારા સોશ્યલ મીડિયા પર બ્લૉક થવાનો મુદ્દો ઉઠાવ્યો છે. જ્યારે એક ચાહકે વૉર્નરની તાજેતરની ઈન્સ્ટાગ્રામ પોસ્ટના કમેન્ટ-બૉક્સમાં હૈદરાબાદ ટીમને ટેગ કરીને ફ્રેન્ચાઈઝીને તેને અનબ્લૉક કરવાની વિનંતી કરી ત્યારે વૉર્નરે જવાબ આપ્યો હતો, 'તેઓ મને ક્યારેય અનબ્લૉક નહીં કરે.' સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ ઈન્સ્ટાગ્રામ પર સનરાઈઝર્સ હૈદરાબાદના અકાઉન્ટનો સ્ક્રીનશૉટ શૅર કરીને ફૅન્સને પૂછ્યું પણ કે 'શું આ સનરાઈઝર્સ હૈદરાબાદનું ઑફિશ્યલ અકાઉન્ટ છે?'

## યુગાન્ડા સામેના મેચમાં સૂર્યકુમાર યાદવ રમી શકે

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારતીય ટી૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવ ૩૦ મેના રોજ યુગાન્ડા ક્રિકેટ ટીમ સામે રમશે.તે 'ટ્રાયમ્ફ નાઈટ્સ મુંબઈ નોર્થ ઈસ્ટ' તરફથી યુગાન્ડાની ટીમ સામે રમી શકે છે. યુગાન્ડાની ટીમ હાલમાં મુંબઈના પ્રવાસ પર છે, જ્યાં તે ચાર વનડે અને ચાર ટી૨૦ મેચ રમશે. આ મેચ મુંબઈ લીગની ચાર અલગ અલગ ટીમો સામે રમાઈ રહી છે. મુંબઈ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી ઉન્મેશ ખાનવિલકરે જણાવ્યું હતું કે સૂર્યકુમાર ટીમનો ભાગ છે, તેના રમવાની પૂરી શક્યતા છે. આ મેચ ૩૦ મેના રોજ બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સના એમસીએ ગ્રાઉન્ડ પર રમાશે. એમસીએના પ્રમુખ અજિંક્ય નાયકે જણાવ્યું હતું કે ક્રિકેટ યુગાન્ડા સાથેના આ કરારમાં આઈસીસીના ચેરમેન જય શાહે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.



# ભરૂચમાં મોટો રાજકીય ભૂકંપ, પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાનું કોંગ્રેસમાંથી રાજીનામું

(પ્રતિનિધિ દ્વારા)

ભરૂચ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ ભરૂચ જિલ્લાના રાજકારણમાં એક મોટો ગરમાવો આવી ગયો છે. આદિવાસી સમાજના દિગ્ગજ નેતા છોટુ વસાવાના પુત્ર અને પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ કોંગ્રેસ પાર્ટીમાંથી તાત્કાલિક અસરે રાજીનામું આપી દીધું છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં મોટા પાયે આર્થિક સોદાબાજી થઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે તેમણે પક્ષને અલવિદા કહી દીધું છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ બીટીપી અને ત્યારબાદ ભાજપમાં જોડાયા પછી, ગત જાન્યુઆરી મહિનામાં જ તેઓ સ્થાનિક ચૂંટણીઓ પહેલા કોંગ્રેસમાં સામેલ થયા હતા.

મહેશ વસાવાએ ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને સંબોધીને મોકલેલા પત્રમાં ભરૂચ જિલ્લા કોંગ્રેસના નેતૃત્વ સામે આક્રોશ ઠાલવ્યો છે. તેમણે જણાવ્યું કે, ચૂંટણી દરમિયાન વાલિયા, નેત્રંગ અને ઝઘડિયા તાલુકા પંચાયતની બેઠકોની ફાળવણી તેમજ મેન્ડેટ આપવાની ગેરરીતિઓ અંગે પ્રદેશ પ્રમુખ અને તેમના નિવાસસ્થાને રૂબરૂ ધ્યાન દોરવામાં આવ્યું હતું. જો કે, તે સમયે માત્ર 'અમે સૂચના આપીએ છીએ' તેવો જ આશ્વાસનભર્યો જવાબ મળ્યો હતો. વસાવાએ ખુલ્લો આક્ષેપ કર્યો છે કે ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા, શેરખાન અબ્દુલ ગની પઠાણ અને અન્ય સ્થાનિક આગેવાનોએ મળીને લાખો રૂપિયા લઈને કોરા મેન્ડેટ (ટિકિટો) વેચ્યા છે.

પત્રમાં વધુમાં આરોપ કરાયો છે કે, નેત્રંગ, વાલિયા અને ઝઘડિયા તાલુકામાં જાણીજોઈને કોંગ્રેસમાંથી જીતી ન શકે તેવા નબળા ઉમેદવારોને ટિકિટો આપીને આમ આદમી પાર્ટી અને ભાજપના ઉમેદવારોને જીતવામાં મદદ કરવામાં આવી છે. આ મોટી સોદાબાજીના કારણે જ કોંગ્રેસને ધાર્યા પરિણામો મળ્યા નથી. આટલું જ નહીં, નેત્રંગ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના જીતેલા ઉમેદવારે પક્ષની વિચારધારા વિરૂદ્ધ જઈને ભાજપને સત્તા બનાવવા સપોર્ટ કર્યો છે. વસાવાએ સવાલ ઉઠાવ્યો છે કે, કોંગ્રેસના સૌથી મોટા વિરોધી પક્ષ ભાજપને સમર્થન આપવાનું કૃત્ય શું શેરખાન પઠાણના કહેવાથી કરવામાં આવ્યું છે? પક્ષના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી જ્યાં ઈજીજી અને ભાજપ સામે અવાજ ઉઠાવે છે, ત્યાં ગ્રાઉન્ડ લેવલ પર વિરોધીઓ માટે પ્રચાર કરવાની વિપરીત વાસ્તવિકતા સામે આવી છે.

અંતમાં મહેશ વસાવાએ જણાવ્યું છે કે, 'સ્થાનિક સ્તરે થઈ રહેલા 'જુગાડ પ્લાનિંગ'ના કારણે તેઓ કોંગ્રેસ સાથેની પોતાની રાજકીય સફર અહીં જ પૂર્ણ કરે છે. કોંગ્રેસ પક્ષમાં આદિવાસી સમાજના સ્વતંત્ર મુદ્દાઓ આઈડોલોજી માટે કોઈ ચોક્કસ સ્વતંત્રતા જણાતી નથી અને સ્થાનિક લેવલે માત્ર આદિવાસી આગેવાનોનો ઉપયોગ જ કરવામાં આવતો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આદિવાસી હિતોના મુદ્દે પક્ષનું વલણ યોગ્ય ન હોવાથી અને પોતાની વિચારધારા સંગત ન બેસતી હોવાથી, તેઓ કોંગ્રેસ પક્ષ તેમજ આદિવાસી કોંગ્રેસ નેશનલ એડવાઈઝરી કાઉન્સિલ તેમજ ટ્રાયબલ એડવાઈઝરી કાઉન્સિલના સભ્ય પદ પરથી પોતાનું રાજીનામું આપે છે.'

# હિમાચલની ધરતી પર કચ્છની બાંધણી કળાનો ડંકો

**'વન સ્ટેટ વન આર્ટિસ્ટ' પહેલમાં ઓવેશ ખત્રીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું**

ભુજ - કચ્છઉદય : કચ્છની પરંપરાગત બાંધણી કળાને રાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ અપાવતા યુવા કલાકાર ઓવેશ અબ્દુલરજાક ખત્રીની પસંદગી 'વન સ્ટેટ વન આર્ટિસ્ટ' જેવી પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક પહેલ માટે કરવામાં આવી હતી. હિમાચલ પ્રદેશના નશાલા ખાતે આયોજિત આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં તેમણે ગુજરાતની પ્રસિદ્ધ બાંધણી કળાનું જીવંત પ્રતિનિધિત્વ કરીને કચ્છનું ગૌરવ વધાર્યું હતું.

દેશના વિવિધ રાજ્યોમાંથી પસંદ કરાયેલા ૩૮ યુવા લોક અને પરંપરાગત કલાકારોની હાજરી વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં કચ્છની બાંધણી કળાએ ખાસ આકર્ષણ જમાવ્યું હતું. ઓવેશ ખત્રીએ બાંધણી કળાની પરંપરા, તેની વિશિષ્ટ રંગરચના અને હાથકામની નજાકત વિશે માહિતી આપી હતી. ઉપસ્થિત કલાકારો અને દર્શકોએ કચ્છની આ ઐતિહાસિક કળાને વિશેષ રસપૂર્વક નિહાળી હતી.

કચ્છની બાંધણી કળા વિશ્વભરમાં જાણીતી છે અને પેઢીઓથી કારીગરો આ હસ્તકળાને જીવંત રાખી રહ્યા છે. યુવા પેઢી દ્વારા આ કળાને રાષ્ટ્રીય મંચ પર પહોંચાડવાનો પ્રયાસ કચ્છની સાંસ્કૃતિક ઓળખ માટે ગૌરવની બાબત માનવામાં આવી રહી છે.

આ રાષ્ટ્રીય પહેલમાં ગુજરાતમાંથી અન્ય અનેક યુવા કલાકારોને પણ સ્થાન મળ્યું હતું. જેમાં ધરતી નરેન્દ્રભાઈ પ્રજાપતિની માટીકામ કળા, ફોરમ ચૌધરીની વારલી આર્ટ, દર્શ મિસ્ત્રીની પીછવાઈ કળા, મૌલિકા મકવાણાની ભરતકામ કળા, નિકુંજ અમૃતલાલ ચૌધરીની વારલી કળા, શ્રુતિ ઠાકરની લિપ્પન કળા તથા સુનીલ જગદીશભાઈ ચિતારાની 'માતા ની પછેડી' લોકકળાનો સમાવેશ થાય છે.

યુવા આર્ટિસ્ટ પ્રકાશ ગર્ગે જણાવ્યું હતું કે, દેશની લોકકળાઓ અને પરંપરાગત હસ્તકળાઓને પ્રોત્સાહન આપવા માટે આવી પહેલો અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. યુવા કલાકારોને પોતાની કળા દેશવ્યાપી મંચ પર રજૂ કરવાની તક મળવાથી પરંપરાગત કળાઓને નવી પેઢીમાં પણ પ્રેરણા મળી રહી છે.

# દુનિયા પર મહાયુદ્ધનું સંકટ! US-ઈરાન અને રશિયા-યુક્રેન વિવાદ વચ્ચે ઉત્તર કોરિયાએ કરી AI ગાઈડેડ મિસાઈલની ટેસ્ટિંગ

નવી દિલ્હી : વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ પર યુદ્ધના વાદળો ઘેરાયેલા છે. એક તરફ રશિયા અને યુક્રેન વચ્ચેનું ભીષણ યુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું, તો બીજી તરફ અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. પશ્ચિમ એશિયાથી લઈને યુરોપ સુધી અશાંતિનો માહોલ છે. આવા ગંભીર વૈશ્વિક વાતાવરણનો ફાયદો ઉઠાવીને ઉત્તર કોરિયાએ ફરી એકવાર પોતાની ભયાનક સૈન્ય તાકાતનું પ્રદર્શન કરીને દુનિયાને ચોંકાવી દીધી છે.

ઉત્તર કોરિયાએ આધુનિક યુદ્ધ તકનીક અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ મિસાઈલો અને રોકેટનો એક બહુ મોટો સંયુક્ત યુદ્ધાભ્યાસ અને પરીક્ષણ કર્યું છે. ઉત્તર કોરિયાની સત્તાવાર સરકારી સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, દેશના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉનની સીધી દેખરેખ હેઠળ આ વ્યૂહાત્મક બેલિસ્ટિક મિસાઈલો અને એઆઈ-ગાઈડેડ ક્રૂઝ મિસાઈલોનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ ઘટના બાદ એશિયા પેસિફિક ક્ષેત્ર સહિત સમગ્ર વિશ્વમાં સંરક્ષણ નિષ્ણાતો ચિંતામાં મૂકાયા છે.

આ પરીક્ષણ માત્ર શક્તિ પ્રદર્શન પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેની પાછળ ઉત્તર કોરિયાનો એક મોટો વ્યૂહાત્મક પ્લાન છે. અહેવાલો અનુસાર, કિમ જોંગ ઉન પોતાના પરંપરાગત હથિયારોના જથ્થાને ઝડપથી ડિજિટલ અને આધુનિક બનાવી રહ્યા છે. તેમણે જાહેરાત કરી છે કે આ નવા અદ્યતન હથિયારોને દક્ષિણ કોરિયાની સરહદ નજીક તૈનાત કરવામાં આવશે.

ઉત્તર કોરિયા લાંબા સમયથી લાંબી અંતરની પરમાણુ મિસાઈલો વિકસાવવામાં વ્યસ્ત હતું, પરંતુ હવે તેનું ધ્યાન યુદ્ધના મેદાનમાં ત્વરિત અને સચોટ હુમલો કરી શકે તેવા નાના પણ અત્યંત ઘાતક ટેક્ટિકલ હથિયારો તરફ ગયું છે. આનાથી પાડોશી દેશ દક્ષિણ કોરિયા પર સીધો અને તાત્કાલિક ખતરો ઊભો થયો છે.

આ પરીક્ષણમાં સૌથી વધુ ચર્ચા જે બાબતની થઈ રહી છે તે છે મિસાઈલ સિસ્ટમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે છૈં નો ઉપયોગ. ઉત્તર કોરિયાના દાવા મુજબ, આ ક્રૂઝ મિસાઈલો અત્યંત સચોટ નેવિગેશન સિસ્ટમ અને એઆઈ આધારિત કંટ્રોલ સિસ્ટમથી સજ્જ છે. આ મિસાઈલ રડારની નજરમાં આવ્યા વિના જમીનથી બહુ નજીક ઉડીને ૧૦૦ કિલોમીટર દૂર આવેલા દુશ્મનના ઠેકાણાને ચોક્કસાઈપૂર્વક નષ્ટ કરી શકે છે.

સંરક્ષણ વિશ્લેષકોના મતે, ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે ઉત્તર કોરિયાએ સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે તેઓ પોતાની મિસાઈલ પ્રણાલીમાં AI ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. આ ટેકનોલોજી યુદ્ધ દરમિયાન વાસ્તવિક સમયના ડેટા અને સેટેલાઈટ ઈમેજોનો ઉપયોગ કરે છે. તે દુશ્મનના વિસ્તારનો ડિજિટલ નકશો તૈયાર કરે છે અને જીપીએસ જામિંગ છતાં પણ લક્ષ્યને લોક કરીને તેના પર ત્રાટકે છે. આનાથી આ મિસાઈલ બચવી લગભગ અશક્ય બની જાય છે.

આ ૧૦૦ કિલોમીટરની રેન્જ પાછળ એક બહુ મોટું ભૌગોલિક ગણિત છુપાયેલું છે. વાસ્તવમાં, દક્ષિણ કોરિયાની રાજધાની 'સિઓલ' ઉત્તર કોરિયાની સરહદ પર આવેલા વિસૈન્યીકૃત ક્ષેત્રથી માત્ર ૫૦ થી ૬૦ કિલોમીટરના અંતરે જ આવેલી છે. આનો અર્થ એ થયો કે કિમ જોંગ ઉનની આ નવી છૈં મિસાઈલો સેકન્ડોના ગાળામાં સિઓલના હૃદય સમાન સૈન્ય મથકો અને સરકારી ઈમારતોને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. ઉત્તર કોરિયાએ પહેલાથી જ દક્ષિણ કોરિયાને પોતાનો સૌથી મોટો અને પ્રાથમિક દુશ્મન જાહેર કરી દીધો છે. એટલું જ નહીં, કિમ જોંગે વર્ષો જૂની બંને દેશોના પુનઃ એકીકરણની નીતિને પણ કાયમ માટે કચરાપેટીમાં નાખી દીધી છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે ભવિષ્યમાં અહીં ગમે ત્યારે મોટો લશ્કરી સંઘર્ષ ફાટી નીકળી શકે છે.

# માધાપરમાં રોટરી ક્લબ દ્વારા યોજાયેલા રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ માનવતા ઝળકાવી

ભુજ - કચ્છઉદય : માધાપરના પી.એચ.સી. સેન્ટર ખાતે રોટરી ક્લબ ઓફ માધાપરના ઉપક્રમે એક ઉમદા રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ગસ્થ હસમુખલાલ નથુલાલ ઠક્કરની સ્મૃતિને તાજી કરવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમમાં કુલ ૫૫ રક્તદાતાઓએ રક્તદાન કરીને સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ક્લબના પ્રમુખ રાજેશભાઈ ઠક્કર અને મંત્રી મનોજભાઈ હંસોરા દ્વારા તમામ મહાનુભાવો અને રક્તદાતાઓનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓમાં ભુજ તાલુકા પંચાયતના શાસક પક્ષના નેતા ભરતભાઈ રાઠોડ, તાલુકા પંચાયત સભ્ય વિનોદભાઈ પિંડોરિયા, નવાવાસના સરપંચ વાલજીભાઈ આહિર તથા વર્ધમાન નગરના સરપંચ રોનિતભાઈ શાહ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે દાતા પરિવારના હાર્દિકભાઈ ઠક્કર તેમજ ડો. રોહિતભાઈ ગોહિલનું માર્ગદર્શન મળ્યું હતું. સામાજિક ક્ષેત્રના જાણીતા અગ્રણીઓ શક્તાસિંહ જાડેજા, દાદુભા ચૌહાણ, દિલીપભાઈ ભિંડે, મનોજભાઈ ઠક્કર, ફતેહદાનભાઈ ગઢવી, કલુભા વાઘેલા, નરેશભાઈ ગઢવી, કિરણભાઈ ઠક્કર, નારણભાઈ મહેશ્વરી, મુકેશભાઈ સંઘવી, જિનેશભાઈ શેઠ અને દિનેશભાઈ ઠક્કર વગેરેએ રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ તકે આઈડીબીઆઈ બેંક મુંદરાના ચંદ્રશેખર જાડેજા, મોહનીશ આસનાની અને અનિલ પંચવાલે દ્વારા રક્તદાતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ આયોજનની સરાહના કરતા જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશ ખંડોર, જિલ્લા પંચાયતના સદસ્ય રમેશ આહીર, ભુજ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન કુલદીપસિંહ ચૌહાણ અને જિલ્લા ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ પારુલબેન કારાએ રોટરી ક્લબની સેવાકીય ભાવનાને બિરદાવી હતી. રક્તદાન માટે જીવન જ્યોત બ્લડ બેંકની ટીમ તથા માધાપર પી.એચ.સી. સેન્ટરના સ્ટાફ દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. શિબિરના સુચારુ સંચાલન અને વ્યવસ્થાપનમાં ચંદ્રશેખરસિંહ જાડેજા, ડો. જીતુભાઈ ભાનુશાલી, કલ્પેશભાઈ યાદવ, પૂર્વેશ વ્યાસ, હાર્દિક ઠક્કર, મિતુલ વેદાંત, નિલેશ ઠક્કર, વિપુલ ભીંડે, અનિલભાઈ પટેલ, માધવ ટાંક, અમિત ઠક્કર, સંજયભાઈ અને જીગર ઠક્કર સહિતના સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ શાહ અને ભરતભાઈ રાઠોડ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# ક્લબ ફૂટ અંગે વૈશ્વિક જાગૃતિ અભિયાનને કચ્છમાંથી મળ્યો મજબૂત અવાજ

**ગ્લોબલ ક્લબ ફૂટ અવેરનેસ વીક અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા, પર્વ ઠક્કરની પ્રેરણાદાયી સફર રજૂ કરાઈ**

ભુજ - કચ્છઉદય : ગિવ વાચા ફાઉન્ડેશન, કૃપ મ્યૂઝિક અને કૃપ હેલ્થના સંયુક્ત ઉપક્રમે 'ગ્લોબલ ક્લબ ફૂટ ડે' નિમિત્તે શરૂ કરાયેલા 'ગ્લોબલ ક્લબ ફૂટ અવેરનેસ વીક' અંતર્ગત કચ્છ જિલ્લામાં વિવિધ સ્થળોએ જાગૃતિ કાર્યક્રમો યોજાઈ સમાજમાં ક્લબ ફૂટ અંગે સમજણ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આરોગ્ય જાગૃતિ સાથે માનવ સંવેદના અને પ્રેરણાનો સંદેશ આપતા કાર્યક્રમોને સારો પ્રતિસાદ મળ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ટ્રસ્ટી ડો. શશીકાંત ઠક્કરે અભિયાનમાં જોડાયેલા સ્વયંસેવકો અને કાર્યકરોની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ક્લબ ફૂટ જેવી જન્મજાત સમસ્યાને લઈને હજુ પણ સમાજમાં પૂરતી જાગૃતિનો અભાવ છે, ત્યારે આવા અભિયાનો દ્વારા લોકોને સમયસર સારવાર અને યોગ્ય માર્ગદર્શન વિશે માહિતગાર કરવું અત્યંત જરૂરી બની રહ્યું છે.

ત્યારબાદ ડો. પૂજા ઠક્કરે અવેરનેસ વીક દરમિયાન યોજાયેલા કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ અભિયાનનો મુખ્ય હેતુ માત્ર આરોગ્ય જાગૃતિ પૂરતો નહીં પરંતુ ક્લબ ફૂટગ્રસ્ત બાળકો અને તેમના પરિવારને આત્મવિશ્વાસ આપવાનો પણ છે.

આ પ્રસંગે ક્લબ ફૂટના એમ્બેસેડર ડો. કૃપેશ ઠક્કર અને વાચા ઠક્કરની અમેરિકાના એટલાન્ટા સ્થિત ભારતીય કોન્સ્યુલેટ જનરલ સાથે થયેલી મુલાકાત વિશેષ ચર્ચાનું કેન્દ્ર બની હતી. આ મુલાકાત દરમિયાન ક્લબ ફૂટ અવેરનેસ અભિયાનને વૈશ્વિક સ્તરે વધુ વિસ્તૃત બનાવવા માટે ચર્ચા કરવામાં આવી હતી.

કોન્સ્યુલેટ જનરલ રમેશ બાબુએ 'મૈ ભી અર્જુન : પર્વ' ફિલ્મ મારફતે કરવામાં આવી રહેલી અનોખી જાગૃતિ પહેલની પ્રશંસા કરી હતી તેમજ ફિલ્મના પોસ્ટરનું અનાવરણ કર્યું હતું. ફિલ્મ દ્વારા ક્લબ ફૂટ સામેની લડત, આત્મવિશ્વાસ અને સફળતાની પ્રેરણાદાયી કહાની સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ડો. કૃપેશ ઠક્કરે 'મ્યૂઝિક થેરાપી ફોર ક્લબ ફૂટ' વિષય પર માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, સંગીત થેરાપી દ્વારા બાળકોના માનસિક વિકાસ, આત્મવિશ્વાસ અને સારવાર દરમિયાન સકારાત્મકતા વધારવામાં મદદ મળે છે. આરોગ્ય સાથે ભાવનાત્મક સહયોગ પણ એટલો જ મહત્વપૂર્ણ હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે ઠક્કર પરિવારના ત્રણે તબીબોએ ક્લબ ફૂટના વૈશ્વિક એમ્બેસેડર તરીકે ઓળખ મેળવનાર પર્વ ઠક્કરની પ્રેરણાદાયી સફર વિશે પોતાના અનુભવો વહેંચ્યા હતા. ક્લબ ફૂટ જેવી શારીરિક પરિસ્થિતિમાંથી આગળ વધીને ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ સુધી પહોંચેલી તેમની યાત્રાએ ઉપસ્થિતોમાં નવી પ્રેરણા જગાવી હતી.

અભિયાનને હવે 'અવેરનેસ માસ' તરીકે ૭ જૂન સુધી આગળ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું હતું. આગામી દિવસોમાં પણ વિવિધ શૈક્ષણિક, આરોગ્યલક્ષી અને જાગૃતિ કાર્યક્રમો યોજીને સમાજમાં ક્લબ ફૂટ અંગે વધુ સમજણ ફેલાવાશે તેવી માહિતી આપવામાં આવી હતી.

# ભાવિ પેઢી માટે અમૂલ્ય ભેટ સમાન બનશે જળસંચયના પ્રકલ્પો

**મોટા આસંબિયામાં નિર્માણાધીન હરિકૃષ્ણ વણોઠી જળમંદિરની આગેવાનો - સમાજસેવકો દ્વારા મુલાકાત : પાણી બચત અને પર્યાવરણ સંરક્ષણ માટે સામૂહિક પ્રયાસોને મળ્યો બળ**

ભુજ - કચ્છઉદય : : વૈશ્વિક સ્તરે પાણીનું સંકટ દિવસેને દિવસે ગંભીર બની રહ્યું છે ત્યારે કચ્છ જેવા અછતગ્રસ્ત વિસ્તારમાં જળસંચયના પ્રકલ્પો હવે વિકાસની સાથે જીવનરક્ષક વ્યવસ્થા તરીકે પણ મહત્વ ધરાવતા બન્યા છે.

આવા સમયમાં મોટા આસંબિયા ખાતે નિર્માણાધીન હરિકૃષ્ણ વણોઠી જળમંદિરની વિવિધ આગેવાનો, જળપ્રેમીઓ અને સમાજસેવકો દ્વારા મુલાકાત લેવામાં આવી હતી, જ્યાં ચાલી રહેલા કાર્યોનું નિરીક્ષણ કરી જળસંચય અને પર્યાવરણ સંરક્ષણના મહત્વ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધોળકિયા ફાઉન્ડેશનના ચેરમેન શિવજીભાઈ ધોળકિયા, કચ્છ જલધારાના પ્રમુખ કેશવજીભાઈ ઠાકરાણી, મંત્રી પ્રભુભાઈ માકાણી તથા સુપરવાઈઝર પ્રકાશભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જળમંદિરના ખાણેત્રા કાર્યમાં મુખ્ય દાતાશ્રી તરીકે સહયોગ આપનાર છભાડિયા પરિવારના શિવજીભાઈ છભાડિયા, નાનજીભાઈ છભાડિયા અને હરીશભાઈ છભાડિયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મુલાકાત દરમિયાન આગેવાનો અને કારોબારી સમિતિના સભ્યોએ જળમંદિર ખાતે ચાલી રહેલા ખોદકામ અને નિર્માણ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. માંડવી કિસાન સંઘના પ્રમુખ રતિલાલભાઈ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે પાણીનો દરેક ટીપો હવે અમૂલ્ય સંપત્તિ બની ગયો છે. કચ્છમાં વરસાદની અનિશ્ચિતતા વચ્ચે વરસાદી પાણીનું સંગ્રહ અને સંરક્ષણ આગામી સમયમાં ગામડાઓ માટે જીવનદાયી સાબિત થશે.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જળસંચયના આવા પ્રકલ્પો માત્ર પાણી સંગ્રહ પૂરતા મર્યાદિત નથી, પરંતુ ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવા, ખેતીને આધાર આપવા, પશુપાલનને સહાયરૂપ બનવા અને પર્યાવરણનું સંતુલન જાળવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પાણીના અભાવે સર્જાતી મુશ્કેલીઓને ધ્યાનમાં લેતા સમાજની ભાગીદારીથી ઉભા થતા આવા કાર્યો સમયની સૌથી મોટી જરૂરિયાત બની ગયા છે.

આગેવાનો દ્વારા હરિકૃષ્ણ વણોઠી જળમંદિરના કાર્યની પ્રશંસા કરતાં જણાવાયું હતું કે સમાજના સહયોગ અને સેવાભાવથી ઉભા થતા આવા પ્રકલ્પો માત્ર એક ગામ માટે નહીં પરંતુ સમગ્ર વિસ્તાર માટે પ્રેરણારૂપ બને છે.

આવનારી પેઢીને પાણી માટે સંઘર્ષ ન કરવો પડે તે માટે આજે જાગૃત બની જળસંચય અને કુદરતી સંસાધનોના સંરક્ષણ માટે એકજૂટ થવાની જરૂર હોવાનું પણ જણાવાયું હતું.

કાર્યક્રમ દરમિયાન યુવાનોની સક્રિય ભૂમિકા પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. હિતેશભાઈ અરજણ પ્રેમજી છભાડિયા, જગદીશભાઈ માવજી હાલાઈ, પીયૂષ કાંતિ કેરાઈ અને નૈતિક અરજણ હાલાઈ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન અને વ્યવસ્થા સુચારૂ રીતે સંભાળવામાં આવી હતી. સરોવરનાં ખોદકામથી લઈને સ્થળ પરની વિવિધ સુવિધાઓ સુધીની કામગીરીમાં પણ આ યુવા ટીમ સતત સેવારત હોવાનું જાણવા મળ્યું હતું.

સ્થાનિક લોકોમાં પણ આ જળમંદિર પ્રત્યે વિશેષ આશાવાદ જોવા મળી રહ્યો છે. ગામજનોનું માનવું છે કે વરસાદી પાણીના સંગ્રહ માટે તૈયાર થઈ રહેલો આ પ્રકલ્પ આવનારા સમયમાં પાણીની સમસ્યાઓ સામે મજબૂત સંરક્ષણ પૂરું પાડશે. સાથે જ કૃષિ, પર્યાવરણ અને ગ્રામ વિકાસ માટે પણ આ જળમંદિર આશીર્વાદરૂપ બની રહેશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# મુંદરામાં અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે વિષ્ણુ સહસ્ત્રનામ જપાત્મક યાગનો ભક્તિમય પ્રારંભ

**વિશ્વ શાંતિ અને સનાતન સંસ્કૃતિના સંવર્ધન માટે ૧૧.૫૧ લાખ આહુતિઓનો સંકલ્પ**

મુંદરા - કચ્છઉદય : મુંદરા ખાતે અધિક પુરુષોત્તમ માસના પવિત્ર અવસર પર આસ્થા અને ભક્તિનો અભૂતપૂર્વ ત્રિવેણી સંગમ રચાયો છે. નગરની પૂર્વ દિશામાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં અ.નિ.સાં. નાનબાઈ ફઈની સ્મૃતિમાં પ્રથમ વખત પખવાડિક 'શ્રી વિષ્ણુ સહસ્રનામ જપાત્મક યાગ'નું આયોજન કરવામાં આવ્યું છે, જે ૩૧ મે સુધી ચાલશે. એક ગ્રંથ, એક મંત્ર અને હજાર આહુતિના પવિત્ર સંકલ્પ સાથે યોજાયેલા આ ભવ્ય યજ્ઞમાં ૧૨૫૦ પાઠના અનુષ્ઠાન દ્વારા ૧૧ લાખ ૫૧ હજારથી વધુ આહુતિઓ અર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ દ્વારા ઔદ્યોગિક નગરી મુંદરામાં એક દિવ્ય અને અલૌકિક આધ્યાત્મિક વાતાવરણનું નિર્માણ થયું છે.

વડતાલ પીઠના પરંપરાગત વિધિ-વિધાન અનુસાર, વિદ્વાન ભૂદેવ હરિશર્મણની નવમી પેઢીના વંશજ પંડિત શાસ્ત્રી મિતુલભાઈ શુકલના પાવન સાંનિધ્યમાં આ વૈદિક યાગ સંપન્ન થઈ રહ્યો છે. મંદિરના ટ્રસ્ટીઓ તથા સત્સંગી અગ્રણીઓના જણાવ્યા અનુસાર, આ આયોજનનો મુખ્ય હેતુ કેવળ ધાર્મિક વિધિ પૂરતો મર્યાદિત નથી, પરંતુ વર્તમાન સમયમાં વધતા જતા તણાવને દૂર કરી માનવ જીવનમાં તેજ અને તાજગીનો સંચાર કરવાનો છે. આ ઉપરાંત, સમગ્ર વિશ્વમાં પ્રવર્તતા અશાંતિના માહોલ વચ્ચે માનવતાના કલ્યાણ અને વૈશ્વિક શાંતિના સંદેશને ગુંજતો કરવાનો ઉમદા વિચાર પણ આ યાગ પાછળ રહેલો છે.

યજ્ઞના દૈનિક કાર્યક્રમની રૂપરેખા મુજબ, વહેલી સવારે ૭ વાગ્યે દેહશુદ્ધિ, આચમન, જનોઈ ધારણ, પ્રાણાયામ અને દેવ-ગુરુ વંદના સાથે વિધિવત પ્રારંભ થાય છે. સનાતન સંસ્કૃતિની પરંપરા મુજબ મહાભારતના અનુશાસન પર્વમાં વર્ણિત વિષ્ણુ સહસ્રનામ અને સત્સંગી જીવનમાં નિર્દેશિત યાગ વિધિનું આ જીવંત સ્વરૂપ અત્યારે મુંદરાવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. દિવસભરના જપ-યજ્ઞ બાદ રાત્રિના સમયે શ્રીરામ કથાનું આયોજન કરવામાં આવે છે, જેમાં ભજન અને ભક્તિના સાનિધ્યમાં ભાવિકો ધન્યતા અનુભવે છે.

ભુજ મંદિરના મહંત સ્વામીના આશીર્વાદ અને કોઠારી દેવપ્રકાશ સ્વામીના માર્ગદર્શન હેઠળ આ આયોજનને સફળ બનાવવા માટે મંદિરનું વ્યવસ્થાપક મંડળ, યુવક-યુવતી મંડળ તથા અનેક સેવાભાવી હરિભક્તો અહોરાત્ર મહેનત કરી રહ્યા છે. દેશ-વિદેશમાં વસતા પટેલ ચોવીસી સમાજના સભ્યો સહિત તમામ નગરજનોને આ આધ્યાત્મિક મહાકુંભમાં જોડાઈને સનાતન ધર્મના મૂલ્યોને આત્મસાત કરવા માટે પૂજારી કીર્તિભાઈએ ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે. 'નામથી નામી સુધીની' આ યાત્રામાં સહભાગી થવા માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# નખત્રાણા નગરપાલિકાના ચૂંટાયેલા પદાધિકારીઓએ વિકાસકામોની સ્થળ મુલાકાત લીધી



નખત્રાણા - કચ્છઉદય : દેવકી નગર અને અંજલી કિરાણા વચ્ચે આવેલ રોડ ઉપર સિમેન્ટ રોડનું કામ ચાલુ હોતા નગરપાલિકા દ્વારા જાત નિરીક્ષણ કરી કામગીરી નિહાળવામાં આવી હતી. પાલિકાના પ્રમુખ વસંતભાઈ વાઘેલા, ઉપપ્રમુખ દમયંતીબેન સેંઘાણી, કારોબારી ચેરમેન ચંદનસિંહ રાઠોડે વિસ્તારના નગરસેવકો તેમજ વેપારી મંડળના પ્રમુખ હેમેન્દ્રભાઈ કંસારા, મહામંત્રી અરવિંદભાઈ રૈયાણી, બ્રેગીનભાઈ સોની, હાર્દિક સોની, રેણુબેન પટેલ, એડવોકેટ અમિત ગોસાઈ, પૂર્વ સરપંચ ડાયાલાલ સંઘાણી વગેરે હાજર રહી સ્થળ મુલાકાત કરી હતી. કામના સુધારા વધારા અંગે સૂચનો કરવા સાથે કામની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું હતું. કોન્ટ્રાક્ટરને સુધારા વધારા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને કામ ચોક્કસપણે ટકાઉ થાય તેવી પણ સૂચના આપવામાં આવી હતી. બાજુના નવા રોડ માટે સર્વે કરવાની પણ સૂચના આપવામાં આવી હતી જેથી આગામી ચોમાસા પહેલા એ રોડ બની જાય જેથી ચોમાસામાં જો આ વોકળો આવે તો પણ તે વિસ્તારમાં અવરજવર ચાલુ રહે તેવી ઘણા વખતથી આ વિસ્તારની માંગણી હતી, જે કાર્ય આજે પૂરું કરવામાં આવેલ હતું. દેવકી નગરમાં હીરાલભાઈ સોનીના ઘરથી દેપકીનગરના રોડ સુધી બનેલ સિમેન્ટ રોડની કામગીરીની પણ તપાસણી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં નગરપાલિકાના દ્વારા હજુ ઘણા વિકાસના કામો શરૂ કરવામાં આવશે તેવી ખાતરી પ્રમુખ દ્વારા આપવામાં આવી હતી. અધૂરા રહેલા કામો પણ સત્વરે શરૂ કરવામાં આવશે એવું પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# કચ્છી આર્ટસ ટ્રસ્ટના પ્રમુખનું સન્માન કરાયું



ભુજ - કચ્છઉદય : કચ્છી આર્ટસ ટ્રસ્ટ તરફથી હાટકેશ સેવા મંડળ તેમજ સહકાર સેવા મંડળ દ્વારા સ્વચ્છ અને સુંદર કામગીરી કરનાર કચ્છી આર્ટસ પ્રમુખ કુંભાર રમજુભાઈ (માનકુવા)નું સાલ ઓઢાડી હાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સહકાર સેવા મંડળના પ્રમુખ ઝહીરભાઈ સમેજા, હાટકેશ સેવા મંડળના પ્રમુખ વિભાકરભાઈ અંતાણી અને અંબિકા મહિલા મંડળ ના પ્રમુખ જયશ્રીબેન હાથી, હેમાંશુભાઈ અંતાણી, રાજીવભાઈ મહેતા, આશિષ વૈદ્ય, આશાબેન સ્વાદિયા, દર્શનાબેન મુનશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હિંદુ - મુસ્લિમ એકતાના દર્શન થયા હતા તો રમજુભાઈ દ્વારા લોકોને પૂરતો સહયોગ મળી રહેશે તેવું જણાવી આભાર વ્યક્ત કર્યો હતો.

# અંજાર ખાતે 'વેલશિક્ષા' અંતર્ગત એઆઈ આધારિત કોડિંગ ક્લબ શોકેસ કાર્યક્રમ યોજાયો

અંજાર - કચ્છઉદય : અંજારના સ્વામી વિવેકાનંદ વિદ્યાલય ખાતે વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા રાસ્પબેરી પાઈ ફાઉન્ડેશનના સહયોગથી 'વેલશિક્ષા' પહેલ હેઠળ એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત કોડિંગ ક્લબ શોકેસ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને એઆઈ આધારિત પ્રકલ્પો માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. કાર્યક્રમમાં અંજારની ૨૫ જેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓએ એઆઈ આધારિત સાધનોનો ઉપયોગ કરીને પોતાના નવતર પ્રકલ્પો તૈયાર કરી તેનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રોજેક્ટ્સ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને ટેક્નોલોજી આધારિત અભ્યાસ પ્રત્યેની તેમની સમજ સ્પષ્ટપણે જોવા મળી હતી. વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા બાળકોમાં રહેલી નવીનતાને પ્રોત્સાહિત કરવા અને તેમને ભવિષ્યની જરૂરિયાતો મુજબના કૌશલ્યોથી સજ્જ કરવા માટે કોડિંગ અને કૃત્રિમ બુદ્ધિમત્તાના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. પોતાની મહેનત અને સિદ્ધિ બદલ તમામ સહભાગી વિદ્યાર્થીઓને સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પૃથ્વીરાજસિંહ ઝાલા, શિક્ષણ નિરીક્ષક કંચનબેન કુકસાલ, શાસન અધિકારી મૂળજીભાઈ મીઠાણી અને બીઆરસી કો-ઓર્ડિનેટર શામજીભાઈ ચૈયા સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓ, સીઆરસી પ્રતિનિધિઓ, રાસ્પબેરી પાઈ ફાઉન્ડેશનના સભ્યો તથા વિવિધ શાળાઓના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામીણ સ્તરે શિક્ષણને વધુ મજબૂત અને આધુનિક બનાવવા માટે વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની ઉપસ્થિત મહાનુભાવોએ સરાહના કરી હતી.

## એજન્સીઓને ગેરમાર્ગે દોરવાનો કારસો તો નહીં ને ?

# કરાચીથી વાયા કચ્છ દિલ્હી સુધીના કરોડોના ડ્રગ્સ કૌભાંડમાં અનેક ભેદભરમ

**ખાટલે મોટી ખોટ** આ કેસમાં હજુ અનેક ભેદભરમ અકબંધ છે. ડ્રગ્સનો મૂળ સ્ત્રોત, કચ્છ સુધીનો ચોક્કસ રૂટ, સ્થાનિક સ્તરે મદદ કરનાર તત્વો, દિલ્હી સુધીની સપ્લાય ચેન અને ફરાર થયેલા વ્યક્તિની ભૂમિકા જેવા મુદ્દાઓ હજુ સ્પષ્ટ થયા નથી. તેથી હવે જરૂરી બની રહ્યું છે : યુરોપ નામના જહાજમાથી કોકેઈન ઉતારી અને કઈ બોટમાથી કોની કોની મદદથી આ માદક પદાર્થ ડીલીવરી લેનારાઓ સુધી પહોચવાનો હતો?

ગાંધીધામ : કરાચીથી દરિયાઈ માર્ગે કચ્છ સુધી અને ત્યાંથી દિલ્હી સુધી કરોડોના ડ્રગ્સ પહોંચાડવાના આંતરરાષ્ટ્રીય કાવતરાનો પર્દાફાશ કરવામાં ગુજરાત ATS અને કોસ્ટગાર્ડ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી નિશ્ચિત રીતે આવકારદાયક કહી શકાય. પરંતુ સમગ્ર ઘટનાક્રમમાં અનેક એવા સવાલો ઉભા થયા છે, જે હવે તપાસ એજન્સીઓ માટે પણ મોટો પડકાર બની રહ્યા છે. સ્થાનિક સ્તરે અને સુરક્ષા વર્તુળોમાં એવી ચર્ચાઓ તેજ બની રહી છે કે ક્યાંક આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટ દ્વારા ભારતીય એજન્સીઓને ગેરમાર્ગે દોરવા માટે આ આખી કાર્યવાહીનો કોઈ ભાગ પૂર્વનિયોજિત તો નહોતો ને? પ્રકાશિત વિગતો મુજબ સમગ્ર ઓપરેશન દરમિયાન ભારે સુરક્ષા બંદોબસ્ત અને અનેક એજન્સીઓની હાજરી હોવા છતાં એક વ્યક્તિ ફરાર થઈ જવો અનેક શંકાઓ ઊભી કરી રહ્યો છે. સૌથી મોટો સવાલ એ છે કે શું ફરાર થયેલો વ્યક્તિ માત્ર આરોપી હતો કે પછી કોઈ ઈનફોર્મર અથવા ડ્રગ્સ પેડલર્સની કોઈ ઊંડી યોજના નો ભાગ હતો? કારણ કે એટલી મોટી સંખ્યામાં સુરક્ષા સ્ટાફની હાજરી વચ્ચે કોઈ એક વ્યક્તિ સહેલાઈથી ગાયબ થઈ જાય તે સામાન્ય બાબત માનવામાં આવી રહી નથી. આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ ઘણીવાર તપાસ એજન્સીઓને ભટકાવવા માટે ડમી ઓપરેશન, ખોટા રૂટ અથવા નિયંત્રિત માહિતીનો ઉપયોગ કરતા હોવાના ઉદાહરણો અગાઉ પણ સામે આવી ચૂક્યા છે. ત્યારે કચ્છના દરિયાકાંઠે ઝડપ ાયેલ આ કેસમાં પણ શું કોઈ મોટું નેટવર્ક પોતાના મૂળ ખેલાડીઓને બચાવવા માટે એજન્સીઓને બીજા દિશામાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરી રહ્યું હતું કે કેમ તે દિશામાં પણ તપાસ જરૂરી બની રહી છે. કરાચીથી શરૂ થયેલી અને કચ્છ મારફતે દિલ્હી સુધી પહોંચનારી આ કડી માત્ર સામાન્ય સ્મગલિંગનો કેસ નથી લાગતો. તેમાં આંતરરાષ્ટ્રીય કનેક્શન, દરિયાઈ માર્ગ, સ્થાનિક સપોર્ટ સિસ્ટમ અને દેશના મોટા શહેરો સુધીનું નેટવર્ક કાર્યરત હોવાની શક્યતાઓ પણ વ્યક્ત થઈ રહી છે. જો તપાસ માત્ર જપ્તી અને કેટલાક આરોપીઓ સુધી મર્યાદિત રહેશે તો પાછળ રહેલા મુખ્ય માસ્ટરમાઈન્ડ સુધી પહોંચવું મુશ્કેલ બની શકે છે. સ્થાનિક સ્તરે પણ ચર્ચા ચાલી રહી છે કે આ કેસમાં હજુ અનેક ભેદભરમ અકબંધ છે. ડ્રગ્સનો મૂળ સ્ત્રોત, કચ્છ સુધીનો ચોક્કસ રૂટ, સ્થાનિક સ્તરે મદદ કરનાર તત્વો, દિલ્હી સુધીની સપ્લાય ચેન અને ફરાર થયેલા વ્યક્તિની ભૂમિકા જેવા મુદ્દાઓ હજુ સ્પષ્ટ થયા નથી. તેથી હવે જરૂરી બની રહ્યું છે કે ATS, કોસ્ટગાર્ડ અને કેન્દ્રિય એજન્સીઓ સંકલિત રીતે આ સમગ્ર કેસની બહુઆયામી તપાસ કરે.કારણ કે જો ખરેખર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટ દ્વારા ભારતીય એજન્સીઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થયો હોય તો તે માત્ર એક ડ્રગ્સ કેસ નહીં, પરંતુ દેશની સુરક્ષા વ્યવસ્થા સામેનો ગંભીર પડકાર પણ સાબિત થઈ શકે છે.

### આ સવાલો બાબતે થવા જોઈએ ત્વરિત ખુલાસા..!

૧. એટલી મોટી કાર્યવાહી દરમિયાન એક વ્યક્તિ ફરાર કેવી રીતે થઈ ગયા ૨. શું ફરાર થયેલો વ્યક્તિ કોઈ ઇનફોર્મર હતો ૩. ડ્રગ્સ પેડલર્સ દ્વારા એજન્સીઓને ગેરમાર્ગે દોરવા માટે "પ્લાન્ડ સીઝર" ગોઠવાયું હતું ૪. કરાચીથી કચ્છ સુધીનો મૂળ દરિયાઈ રૂટ કયો હતો ૫. કચ્છમાં સ્થાનિક સ્તરે કોના સહકારથી ડ્રગ્સની હેરાફેરી થવાની હતી ૬. શું આ કેસમાં કોઈ આંતરિક લીકેજ અથવા મિલીભગત હતી ૭. કરોડોના ડ્રગ્સનો જથ્થો માત્ર ડાયવર્ઝન માટેનો "ડમી કન્સાઈનમેન્ટ" તો નહોતો ૮. શું પાછળથી વધુ મોટી ડ્રગ્સ કન્સાઈનમેન્ટ સુરક્ષિત રીતે પસાર કરાવવાની કોઈ યોજના હતી ૯. દિલ્હી સુધીની સપ્લાય ચેનમાં કયા કયા લોકો સામેલ હતા ૧૦. આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટના મુખ્ય માસ્ટરમાઈન્ડ સુધી તપાસ પહોંચશે ૧૧. ફરાર થયેલા વ્યક્તિના મોબાઈલ, કોલ રેકોર્ડ અને વિદેશી કનેક્શનની તપાસ થશે ૧૨. શું ડ્રગ્સ માફિયાઓએ એજન્સીઓને ભટકાવવા માટે નિયંત્રિત માહિતી આપી હતી ૧૩. દરિયાઈ સુરક્ષા અને ઈન્ટેલિજન્સ સિસ્ટમમાં ક્યાંક ચૂક રહી ગઈ ૧૪. કચ્છના દરિયાકાંઠે અગાઉ પણ આવા રૂટનો ઉપયોગ થયો હોવાની શક્યતા છે ૧૫. માત્ર જપ્તી પૂરતી કાર્યવાહી રહેશે કે સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થશે?

## રાપરના ભુટકિયામાં શરમનાક કૃત્ય આચારાયું

**પતિ સહિત બે શખ્સો સામે મહિલાની ફરિયાદ, મારામારી અને છેડતીનો ગુનો નોંધાયો**

રાપર તાલુકાના ભુટકિયા ગામે મહિલાએ પોતાના પતિ અને અન્ય એક શખ્સ સામે મારામારી, ગાળાગાળી તથા છેડતીની ફરિયાદ નોંધાવતા આડેસર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, ફરિયાદી મહિલા પોતાના ઘરે દીકરાને નેટ ભરાવતા હતા ત્યારે તેમના પતિ અને અન્ય એક શખ્સ ત્યાં આવી પહોંચ્યા હતા. આ દરમિયાન બંનેએ મહિલાને ગાળાગાળી શરૂ કરી હતી. મહિલાએ વિરોધ કરતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલા સાથે ઝઘડો કરી મારામારી શરૂ કરી હતી.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપીઓએ મહિલાના માથાના તથા પીઠના ભાગે પ્લાસ્ટિકના પાઈપ વડે માર માર્યો હતો તેમજ લાત વડે પણ હુમલો કર્યો હતો. આરોપીઓએ મહિલાના કપડા ખેંચી છેડતી કરી જાહેરમાં શરમજનક વર્તન કર્યું હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

બનાવ અંગે મહિલાની ફરિયાદના આધારે આડેસર પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૨૯૬(બ), ૩૫૧(૨) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે બંને આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

## ગાંધીધામમાં સેન્ટ જોસેફ આશ્રમ ખાતે મહિલાનું અવસાન - અકસ્માતે મોતનો ગુનો નોંધાયો

ગાંધીધામઃ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશન હસ્તક વિસ્તારમાં આવેલા સેન્ટ જોસેફ આશ્રમમાં સારવાર હેઠળના એક મહિલાનું મૃત્યુ થતાં અકસ્માતે મોતની ઘટના નોંધાઈ છે.

ઘટનાની વિગત મુજબ, આ કામના મૃતક સોનલબેન (ઉ.વ. આશરે ૪૬ વર્ષ) છેલ્લા બે અઠવાડિયાથી ગાંધીધામ સ્થિત સેન્ટ જોસેફ આશ્રમમાં માનસિક બીમારી તથા ડાયાબિટીસની સારવાર હેઠળ હતા. સારવાર દરમિયાન તેમનું અવસાન થતાં આ અંગે રામબાગ હોસ્પિટલ, આદિપુરના ડોક્ટર દ્વારા ટેલિફોનથી પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ બનાવ અંગે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ દ્વારા બી.એન.એસ.એસ. (મ્હજીજી) કલમ ૧૯૪ મુજબ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે પ્રાથમિક તપાસ હાથ ધરીને મૃતકની લાશના ઈક્વેસ્ટ (પંચનામું) ભરવા માટે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને યાદી લખવામાં આવી છે અને વધુ તપાસ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર શ્રી એસ.જે. પઢાર દ્વારા કરવામાં આવી રહી છે.

# માંડવીના નાગ્રેચા ગામ નજીક વિસ્તારમાં જળસંચયના નામે કરોડો રૂપિયાના ખનીજની ખનન

**ગામને બદલે ખનીજવાળા સીમ વિસ્તારોમાં તળાવો મંજૂર કરાવી ખનીજ માફિયાઓનો કાળો કારોબાર : અબડાસા-લખપત-નખત્રાણા બાદ હવે માંડવી અને મુન્દ્રા પંથકમાં સરકારી યોજનાના નામે ખનીજ ચોરી : પૂર્વ કલેક્ટર આનંદ પટેલની ટાસ્ક ફોર્સ કાગળ પર, ખાણ-ખનીજ વિભાગ અને પોલીસ ઘોર નિદ્રામાં : નવા કલેક્ટર કડક પગલા ભરે તે જરૂરી**

ભુજ - કચ્છઉદય : કચ્છના પેટાળમાં અમૂલ્ય ખનીજ સંપદા ધરબાયેલી છે, પરંતુ આ સંપદા હવે ખનીજ માફિયાઓ માટે કમાણીનું મોટું સાધન બની ગઈ છે. ખાસ કરીને લખપત, અબડાસા અને નખત્રાણા જેવા તાલુકાઓમાં મોટા પાયે ખનીજ ચોરી થતી હોવાની ફરિયાદો વચ્ચે હવે સરકારી સિંચાઈ યોજનાઓ અને જળસંચયના કામોનો જેવી અનેક સરકારી યોજનાઓનું દુરુપયોગ કરી માંડવી તાલુકાના નાગ્રેચા ગામના નજીક વિસ્તારમાં કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાની ફરિયાદો સામે આવી છે.

કચ્છના દુર્ગમ વિસ્તારોમાં નર્મદાના પાણી સિવાય કોઈ કાયમી સ્ત્રોત ન હોવાથી, ખેતી અને પશુપાલન સંપૂર્ણપણે વરસાદી પાણી પર નિર્ભર છે. મહત્તમ વરસાદી પાણીનો સંગ્રહ થાય તે માટે સરકાર દ્વારા અલગ અલગ સિંચાઈ યોજનાઓ અંતર્ગત તળાવ ખોદવા અને ઊંડા કરવાના કામોને મંજૂરી આપવામાં આવે છે. નિયમ મુજબ આ તળાવો ગામની નજીક મંજૂર થવા જોઈએ જેથી સ્થાનિક લોકોને તેનો સીધો ફાયદો મળે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. આ યોજના મુળ જ્યાં ખનીજ ન હોય ત્યાં કામ થવા જોઈએ પણ કૌભાંડ કરવા માટે સરકારની કરોડો રૂપીયાનું ખનીજ આવી સરકારી યોજનાઓનું દુર ઉપયોગ કરીને કરવામાં આવે છે. હવે તેમાં અંદરો અંદર આ ખનીજનો ઓકશન પ્રણાલીની પણ ભારે ચર્ચા જાગી છે. કચ્છમાં જ્યાં આ કામ ચાલી રહ્યા છે તે ગામ અને તેની બાજુનો ગામમાં એવી પણ અનેક વિસ્તાર આવેલા છે જ્યાં ખનીજ નથી છતાં તે આ કામ શાટે નથી કરતા..? તે એક પ્રશ્ન છે. જાણકારો એવી વિગતો આપતા જણાવે છે કે, કાયદેસરના કામમાં ગેરકાયદેસરનું ટેકનીક વાપરવામાં આવી રહી છે તે એક ચર્ચાનો પ્રશ્ન ભન્યો છે.

જાણકાર સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યાં કિંમતી ખનીજ આવેલું હોય તેવા સીમ વિસ્તારોમાં મિલીભગતથી તળાવના કામો મંજૂર કરાવવામાં આવે છે. ત્યારબાદ તળાવ ખોદકામની આડમાં નીકળતી કિંમતી માટી અને ખનીજનો બારોબાર વેપલો કરી દેવામાં આવે છે. જળસંગ્રહન હેતુને નેવે મૂકીને ખનીજ માફિયાઓ તળાવના નામે ખનીજ ચોરીનું મોટું નેટવર્ક ચલાવી રહ્યા છે.

હાલમાં મળતી માહિતી મુજબ, લખપત, નખ્ત્રાણા અને અબડાસા બાદ હવે માંડવી તાલુકાના નાગ્રેચા ગામ નજીકના વિસ્તારોમાં પણ આ પ્રકારના કૌભાંડો ચાલી રહ્યા છે. સરકારી યોજનાઓના નામે રાત-દિવસ તળાવો ખોદાઈ રહ્યા છે અને તેમાંથી નીકળતા ખનીજની બેરોકટોક હેરફેર થઈ રહી છે. આટલા મોટા પાયે ખનીજ લૂંટ ચાલી રહી હોવા છતાં ભુજ ખાણ-ખનીજ વિભાગ જાણે અજાણ હોય તેવું વલણ દાખવી રહ્યો છે. બીજી તરફ, પોલીસ પણ માત્ર એકલ-દોકલ વાહનો પકડીને સંતોષ માની રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉના કલેક્ટર આનંદ પટેલ દ્વારા ખનીજ ચોરી ડામવા માટે એક ખાસ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી. શરૂઆતના મહિનામાં આ ટાસ્ક ફોર્સે સારી કામગીરી કરી હતી, પરંતુ ત્યારબાદ તે નિષ્ક્રિય થઈ ગઈ. હવે જ્યારે કલેક્ટરની બદલી થઈ ગઈ છે, ત્યારે આ ટાસ્ક ફોર્સ ક્યાંક કાગળ પર ખોવાઈ ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે, અને ખનીજ માફિયાઓને મોકળું મેદાન મળી ગયું છે. જ્યાં સુધી ઉચ્ચ સ્તરેથી કોઈ કડક તપાસ અને સઘન કાર્યવાહી કરવામાં નહીં આવે, ત્યાં સુધી સરકારી યોજનાઓની આડમાં કચ્છની ખનીજ સંપદાની લૂંટ આમ જ ચાલુ રહેશે તેવો ભય સ્થાનિક જાગૃત નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે.

## રાજયના મહેસુલી બેડામાં ફેરફાર : કચ્છના ડીએસઓ સહિતના અધિકારીઓનો સમાવેશ

ગાંધીનગર : રાજયના મહેસુલ વિભાગ દ્વારા ૨૭ નાયબ કલેક્ટરોની બદલી કરવામાં આવી છે. જ્યારે ૯ મામલતદારો ને નાયબ કલેકટર તરીકે બઢતી આપવામાં આવી છે. મહેસુલી તંત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. કચ્છ જિલ્લામાં જિલ્લા પુરવઠા અધિકારી તરીકે ફરજ બજાવતા અરશી.એસ. હાસમી ની બદલી કરીને તેમને રાધનપુર ખાતે એસ એલ એઓ એ સસે સએ નએ નએ નએ લ નર્મદા પ્રોજેક્ટમાં મૂકવામાં આવ્યા છે.ગાંધીધામ ખાતે એસએલએઓ- એસ એસએન એનએલ નર્મદા પ્રોજેક્ટ માં ફરજ બજાવતા ડો. નીતિ ચારણ ની બદલી કરીને તેમને પાટણ ખાતે સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટર તરીકે નિમણૂક આપવામાં આવી છે. મોરબી મામલતદાર તરીકે ફરજ બજાવતા સી.આર. નિમાવત ની બદલી કરીને તેમને કચ્છ જિલ્લા પુરવઠા અધિકારી તરીકે નિમણૂક આપવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે જે મામલતદારોને નાયબ કલેકટર તરીકે બઢતી આપવામાં આવી હતી પરંતુ જે જગ્યાએ ફરજ બજાવતા હતા તે જગ્યાએ જ(ઈનસીટુ) તરીકે નિમણૂક આપવામાં આવી હતી તે નાયબ કલેકટરોની બદલીના હુકમો કરીને નાયબ કલેક્ટર તરીકે નિમણૂક આપવામાં આવી છે.


અરશી.એસ.હાસમી


એ.એન.શર્મા

આ ઉપરાંત ૯ મામલતદારોને નાયબ કલેકટર તરીકે બઢતી આપવામાં આવી છે. ભુજ મામલતદાર તરીકે ફરજ બજાવતા એ.એન.શર્મા ને નાયબ કલેક્ટર તરીકે બઢતી આપીને તેમને મહેસાણા જિલ્લામાં નાયબ કલેકટર સ્ટેમ્પ ડ્યુટી તરીકે નિમણૂંક આપવામાં આવી છે.

## આદિપુર પોલીસની મોટી કાર્યવાહી - રૂ. ૮.૮૨ લાખથી વધુના દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા



આદિપુર : પૂર્વ કચ્છમાં પ્રોહિબિશન અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પૂર્વ કચ્છ પોલીસ દ્વારા આક્રમક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત, મે. પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા

અનુસંધાન પાના નં.૫ પર

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



કચ્છના લોકહૃદયમાં અવિસ્મરણીય સ્થાન ધરાવતા આપણા આદરણીય
નામદાર
મહારાઓશ્રી પ્રાગમલજી ત્રીજા
જન્મઃ ૨૫-૦૫-૧૯૩૬, સ્વઃ ૨૮-૦૫-૨૦૨૧
ની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે
અમે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ
તેમનું વ્યક્તિત્વ, સેવા, સંસ્કાર અને કચ્છ પ્રત્યેનો અખંડ પ્રેમ સદાય આપણા હૃદયમાં જીવંત રહેશે.
મહારાણી પ્રિતીદેવી ઓફ કચ્છ
કુંવર ઈન્દ્રજીતસિંહજી જાડેજા
ભુજ-કચ્છ

શ્રધ્ધાંજલિ



સ્વ.વસંતકુંવરબા સાવજસિંહજી જાડેજા
ઉ.વ.૭૩, મૂળ વતનઃ વિંઝાણ, હાલે - ભુજ, સ્વ. તા. ૨૩.૫.૨૦૨૬
દેશદેવી શ્રી આશાપુરા માતાજી દીવંગત આત્માને પરમ શાંતિ અર્પે અને કુટુંબીજનોને આ વજ્રઘાત સહન કરવાની શકિત આપે એજ પ્રાર્થના.
સ્વ.ભુપેન્દ્રસિંહ જોરાવરસિંહ રાઠોડ
રઘુરાજસિંહ જોરાવરસિંહ રાઠોડ
જોરાવરસિંહજી કેસરીસિંહજી રાઠોડ
પૂર્વપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા રાજપૂત (ક્ષત્રિય) સભા
તથા સમસ્ત રાઠોડ પરિવાર - મૂળ ગામ : વડવા કાંચાજી, હાલે ભુજ

સર્વે હિન્દુ-મુસ્લિમ બિરાદરાને
ઈદ ઉલ અઝહાની
તહેદીલ થી
મુબારક બાદી
• ચાવડા હુસેન ખમીશા (માજી સરપંચ, કિડાણા ભારાપર જૂથ ગ્રામ પંચાયત)
• ચાવડા સુલેમાન હુસેન
• ચાવડા ઈકબાલ હુસેન (પૂર્વ ઉપપ્રમુખ ગાંધીધામ તાલુકા પંચાયત)
Dim4 Projects (Ahmedabad)
Dim4 Renewable Energy (Gandhidham)